001. યાદી I ને યાદી II સાથે જોડી નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(AO, IND & MIN-12/2020-21)

| યાદી I (ચલચિત્રો) | યાદી II (વિશેષતા) |
|---|---|
| 1. મનોરમા | (a) પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમ વ્યકત કરતી મૂંગી ફિલ્મ. |
| 2. કંકુ | (b) પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ |
| 3. લીલુડી ધરતી | (c) પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર ફિલ્મ. |
| 4. સાદ | (d) કલાપીની કાવ્યકૃતિ 'હદય ત્રિપુટી' પરથી બનેલ ફિલ્મ. |

**(A) (1-d), (2-c), (3-b), (4-a)**
(B) (1-c), (2-b), (3-a), (4-d)
(C) (1-a), (2-c), (3-b), (4-d)
(D) (1-a), (2-a), (3-d), (4-c)

002. ॐ કારની ઉપાસના કયા ઉપનિષદમાં થયેલી છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) કઠોપનિષદ (B) બૃહદારણ્યક
**(C) છાંદોગ્ય** (D) માંડૂકયોપનિષદ

003. ચિત્રકાર અને તેમની વિશિષ્ટ ઓળખની જોડી પૈકી કઇ જોડી સાચી નથી?
(AO, IND & MIN-12/2020-21)
(A) રાજયી - ચંદ્ર ત્રિવેદી
(B) રંગના રાજા - સોમાલાલ શાહ
**(C) ધરતીનો ધબકાર - ખોડીદાસ પરમાર**
(D) ચકોર - બંસીલાલ વર્મા

004. નરસિંહ મહેતાના જીવન પર મીરાબાઇએ કઇ કવિતા લખી હતી?
(AO, IND & MIN-12/2020-21)
(A) 'વૈષ્ણવ જન તો'
**(B) નરસિંહ રા માહયરા**
(C) પ્રુમલક્ષણા ભકિત સમ્રાટ
(D) શામળશાનો વિવાહ

005. ત્રૈલોકય મોહનસ્વરૂપની ષોડશભુજ પ્રતિમા તથા ભગવાન વિષ્ણુના ચોવીસ સ્વરૂપોની જોવાલાયક મૂર્તિઓ ધરાવતું રણછોડજીનું મંદિર કયા સ્થળે આવેલું છે. (AO, IND & MIN-12/2020-21)
(A) સુણક (જિ. પાટણ)
(B) દેલમાલ (જિ. મહેસાણા)
**(C) વાલમ (જિ. મહેસાણા)**
(D) શામળાજી (જિ. અરવલ્લી)

006. ભૂજિયો કિલ્લો કયા રાજા/શાશકએ બંધાવ્યો હતો?
(AO, IND & MIN-12/2020-21)
**(A) રાવ ગોંડજી**
(B) મહારાવ લખપતસિંહજી
(C) રાવ ખેંગારજી
(D) મહારાણી કુવરબા

007. નીચેના પૈકી કયાં જોડી સાચી નથી?
(AO, IND & MIN-12/2020-21)
(A) રવેચીનો મેળો - રાપર (કચ્છ)
(B) જખૌનો મેળો - નખત્રાણા પાસે કાકડભીડ (કચ્છ)
(C) ગંગાજીનો મેળો - કચ્છમાં રામપર વેકરા નામના સ્થળે
**(D) ઝુંડનો મેળો - ડાકોર (ખેડા)**

008. ગીરના માલધારીઓનું પરંપરાગત રહેણાંક કયા નામે ઓળખાય છે? (AO, IND & MIN-12/2020-21)
(A) ખોસરું **(B) ઝાંક**
(C) ખોલકું (D) ભૂંગા

009. ગુજરાતમાં વિવિધ પ્રાંતમાં બોલાતી બોલીના પ્રકાર અને તેના પ્રચલિત શબ્દોની જોડીઓ પૈકી કઇ જોડી સાચી નથી? (AO, IND & MIN-12/2020-21)
**(A) સોરઠી બોલી - પુંગવું, બરકવું.**
(B) ઝાલાવાડી બોલી - ચેટલાં, આ્યાં.
(C) ચરોતરી બોલી - ખેતરો, માણહો
(D) સુરતી બોલી - ગનપટી, પટેલી

010. 'હુ તો બસ ફરવા આવ્યો છું, હું કયું એકે કામ તમારું કે મારૂ કરવા આવ્યો છુ?' - આ પંકિતઓ કયા સાહિત્ય સર્જકની છે? (AO, IND & MIN-12/2020-21)
(A) હરીવલ્લભ ભાયાણી **(B) નિરંજન ભગત**
(C) જયંત ખત્રી (D) શિવકૂમાર જોશી

011. સિંધુ સંસ્કૃતિના લોકો ખાસ કરીને કયા વૃક્ષની પૂજા વધુ કરતાં હોવાનું જણાયું છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) વડ (B) લીમડો
**(C) પીપળો** (D) ચેરી

012. નીચેના સ્થળ/સ્થળો પૈકી કયું/કયા ભીંત ચિત્ર માટે જાણીતા છે? (AO, IND & MIN-12/2020-21)
1. અજંતાની ગુફાઓ
2. લેપાક્ષીનું મંદિર
3. સાંનો સ્તૂપ
(A) માત્ર 1 **(B) માત્ર 1 અને 2**
(C) 1, 2, અને 3 (D) એક પણ નહીં

013. ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના સુલતાનોના સમયગાળામાં રાજાને વહીવટમાં મદદ કરવા વજીરોનું એક મંડળ રહેતું, જેનો મુખ્ય વડો કયા નામે ઓળખતો

હતો? (AO, IND & MIN-12/2020-21)
(A) હાકેમ
**(B) નિઝામુલમુલ્ક**
(C) મજલિસ
(D) સમસુદ દુનિયાવદદીન

014. વડોદરા ખાતે વર્તમાનમાં 'ન્યાયમંદિર' તરીકે ઓળખાતો મહેલ વડોદરાના ગાયકવાડી રાજવી સયાજીરાવ ત્રીજાએ કોની યાદમાં બંધાવ્યું હતું?
(AO, IND & MIN-12/2020-21)
(A) રાણી લક્ષ્મીબાઇ
**(B) રાણી ચીમનાબાઇ**
(C) ખંડેરાવની વિધવા જમનાબાઇ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

015. સોલંકી કાલ (ઇ.સ.942 થી 1304) દરમિયાન ગુજરાતનાં અન્ય પ્રદેશમાં આવેલ સમકાલીન રાજયો પૈકી ચુડાસમાં રાજયની રાજધાની અને તેનો પ્રથમ રાજા કોણ હતો?
(AO, IND & MIN-12/2020-21)
(A) પાટડી, (હરપાલદેવ)
(B) માંગરોળ, રાણપુર (સેજકજી)
**(C) વંથલી, જુનાગઢ (ગ્રાહરીપુ)**
(D) ધૂમલી, (રાણક બાષ્કલદેવ)

016. કનોજના રાજા જયચંદ અને મુહમંદ ઘોરી વચ્ચે થયેલુ યુધ્ધ કયા નામે ઓળખાય છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) કનોજનું યુધ્ધ
**(B) ચંદાવરનું યુધ્ધ**
(C) કલિંજરનું યુધ્ધ
(D) તરાઇનું યુધ્ધ

017. ડૉ. આંબેડકરે સ્થાપેલ સંસ્થા "ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રચાર મંડળ" નું, મૂળ સ્થાપના સમયે (20 જુલાઇ 1924) નામ શું હતું? (AO, IND & MIN-12/2020-21)
**(A) બહિષ્કૃત હિતકારણી સભા**
(B) ધ બુધ્ધિષ્ઠ સોસાયટી ઓફ ઇન્ડિયા
(C) અખિલ હિન્દ દલિત વર્ગ સંઘ
(D) દલિત સ્વાભિમાન મંચ

018. મુઘલકાળ દરમિયાન સૌરાષ્ટ્રમાં કયા સિક્કાઓનું ચલણ પ્રચલિત હતું? (AO, IND & MIN-12/2020-21)
(A) 'રાશિ' સિક્કા
(B) સોનાના સિક્કા 'મહોર'
**(C) 'કોરી' અને 'મહમૂદી' સિક્કા**
(D) તાંબાના સિક્કા 'દામ'

019. અલાઉદીન ખિલજીએ ઉલૂઘખાન અને નુસરતખાનને ગુજરાત ઉપર ચડાઇ કરવા ફોજ લઇને મોકલ્યા, જે ચડાઇનું નિમિત્ત કોણ બન્યું હતું?
(AO, IND & MIN-12/2020-21)
(A) મેવાડના સમરસી રાવળ
**(B) મહામાત્ય માધવ**
(C) સજ્જન મંત્રી
(D) વાજા વયજલદેવ

020. ગુપ્તવંશનું રાજકીય ચિન્હ શું હતું?
(AO, IND & MIN-12/2020-21)
**(A) ગરુડ** (B) નંદી
(C) વેદી (D) ત્રિશુલ

021. અનેકાંતવાદ નીચેનામાંથી કયા ધર્મનું મૂળ સિધ્ધાંત અને દર્શન છે? (AO, IND & MIN-12/2020-21)
(A) બૌધ્ધ ધર્મ (B) વૈષ્ણવવાદ
**(C) જૈન ધર્મ** (D) શીખ ધર્મ

022. હર્ષે ઇ.સ.644 માં પ્રયાગમાં છઠ્ઠી મહામોક્ષ પરિષદનું આયોજન કરી પોતાના રાજ્ય વિસ્તારના રાજાઓનું મહાસંમેલન યોજ્યું, તેથી તેમને.......... કહેવામાં આવ્યા છે? (AO, IND & MIN-12/2020-21)
(A) મહારાજ (B) મહાસામંત
(C) ધર્મરાજ **(D) મગધરાજ**

023. શિવાજીના અષ્ટપ્રધાનમંડળના પ્રધાનો અને તેમને સોંપાયેલ કામગીરીની વહેંચણી સૂચવતાં નીચે દર્શાવેલ જોડકાં પૈકી કયું જોડકું સાચું નથી?
(AO, IND & MIN-12/2020-21)
(A) અમાત્ય (મજુમદાર) - નાણાકીય બાબતોના પ્રધાન
(B) સચિવ (સૂરનીસ) - રાજ્યના દફતરોની સંભાળ
(C) સેનાપતિ (સરનોબત) - લશ્કરી વ્યવસ્થા અને રાજ્ય સંરક્ષણની જવાબદારી
**(D) મંત્રી (વાક-નવિસ) - પરરાજ્યો સાથે સંધિ-વિગ્રહ અને અન્ય બાબતોમાં સલાહ સૂચન**

024. ઇ.સ.1812-1819 દરમિયાન ખાનદેશ પ્રદેશમાં કોના નેતૃત્વમાં અંગ્રેજો વિરૂધ્ધ ભીલ વિદ્રોહ કર્યો હતો?
(AO, IND & MIN-12/2020-21)
(A) આદિવાસી નેતા બિરસા મુંડા
(B) નાયકડા આદિવાસીઓ
(C) બાજીરાવ બીજા
**(D) બાજીરાવ બીજા તથા ત્રિમ્બકજી ડાંગલિયા**

025. નીચેના પૈકી કઈ સ્ત્રીઓએ રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો? (SUPER Archaeologist - 12/2021-22)
1. કસ્તુરબા
2. મણીબેન પટેલ
3. મૃદુલા સારાભાઈ
4. પુષ્પાબેન મહેતા
(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1 અને 2
**(C) ફક્ત 1, 2 અને 3** (D) ફક્ત 1, 3 અને 4

026. નીચેના જોડકા જોડો.
(SUPER Archaeologist - 12/2021-22)

| | |
|---|---|
| 1. લાલ હરદયાલ | a. અભિનવ ભારત સોસાયટી |
| 2. તારાકનાથ દાસ | b. ગદર પાર્ટી |
| 3. જી. ડી. કુમાર | c. સ્વદેશ સેવક |
| 4. વી. ડી. સાવરકર | d. ફ્રી હિન્દુસ્તાન |

**(A) 1-b, 2-d, 3-c, 4-a**
(B) 1-b, 2-c, 3-d, 4-a
(C) 1-a, 2-b, 3-c, 4-d
(D) 1-a, 2-c, 3-d, 4-b

027. આદિ જાતિના લોકો માટે સૌ પ્રથમ આદિવાસી શબ્દ......... એ પ્રાયોજ્યો હતો.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) મહાત્મા ગાંધી (B) જ્યોતિબા ફુલે
(C) બીરસા મુંડા **(D) ઠક્કર બાપા**

028. પ્રતિહાર બૌકના જોધપુર શિલાલેખમાં દેવરાજને ......... દર્શાવ્યો છે. (SUPER Archaeologist - 12/2021-22)
(A) વત્સરાજ (B) સિલુકા
**(C) ભટ્ટિકા દેવરાજ** (D) નાગભટ

029. હડપ્પન સમયગાળાની હોકી આકારની કુલડી........ માં મળી આવી હતી.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) લોથલ **(B) ધોલાવીરા**
(C) કુંતાસી (D) લોટેશ્વર

030. કડીનો કીલ્લો........... દ્વારા બાંધવામાં આવ્યો હતો.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) સોલંકી કુળ (B) ચાવડા કુળ
(C) ખેનગાર કુળ **(D) ગાયકવાડ કુળ**

031. સંવિધાન સભાની માંગણી સૌપ્રથમ........ કરવામાં આવી.
(SUPER Archaeologist - 12/2021-22)
**(A) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 1934માં**
(B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કારાચી અધિવેશનમાં
(C) સહકારની ચળવળ પાછી ખેંચવામાં આવી ત્યારબાદ
(D) સાયમન કમિશન ભારતમાં આવ્યું ત્યારબાદ

032. રાજકોટની સ્થાનિક પ્રજા પરિષદએ 1934માં........ના નેતૃત્વ હેઠળ રાજ્ય દ્વારા ઈજારાશાહી લાદવાની બાબતનો વિરોધ કરવા ચળવળ શરૂ કરી.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) જમનાલાલ બજાજ
(B) કસ્તુરબા ગાંધી
**(C) યુ. એન. ઢેબર**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

033. લખનૌ કરાર અંગે નીચેના પૈકી ક્યું વિધાન / કયા વિધાનો સત્ય છે?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) તેના દ્વારા કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે એકતા સ્થાપાઈ
(B) આ કરાર પર હસ્તાક્ષર કરવાની બાબતમાં તિલક અને જિન્હા બંને એ મહત્વની ભૂમિકા ભજવી હતી.
**(C) (A) તથા (B) બંને**
(D) (A) અથવા (B) એક પણ નહીં

034. 13મી સદીના અંત ભાગમાં કોણે ગુજરાતના છેલ્લા સોલંકી રાજા કર્ણદેવને હરાવી, ગુજરાતને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવ્યો ?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) મહંમદ ઘોરી
(B) અકબર
(C) અહમદશાહ
**(D) અલ્લાઉદ્દીન ખીલજી**

035. બૌધ્ધ ધર્મના પવિત્ર ગ્રંથનું નામ શું છે.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) કલ્પસૂત્ર (B) ભગવદ્ગીતા
**(C) ત્રિપિટક** (D) સારિપુત્ર પ્રકરણ

036. અબુલ ફઝલનો વિખ્યાત ગ્રંથ ક્યો છે?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) તારીખ-ઈ-ફિરોઝશાહી
(B) બાબરનામા
**(C) આયને-અકબરી**
(D) તવારીખ-એ-ગુજરાત

037. સિધ્ધરાજ જયસિંહની માતા મીનળદેવી સંદર્ભે નીચેના વિધાનો પૈકી કયા/કયું વિધાન સાચું/ છે?
1. મીનળદેવીનું મૂળ નામ મયણલ્લદેવી હતું.
2. પાટણનું સહસ્ત્રલિંગ સરોવર બંધાવ્યું.
3. ઐતિહાસિક ધોળકાનું મલાવ તળાવ બંધાવ્યું.
(A) માત્ર 2 અને 3 **(B) માત્ર 1 અને 3**
(C) 1 અને 2 (D) 1, 2 અને 3

038. સંસ્કૃતના સફળ કવિ અને દર્શનશાસ્ત્રના વિદ્વાન શ્રી હર્ષના મહાકાવ્યનું નામ શું છે?
(A) પ્રબંધ ચિંતામણિ (B) ભોજ પ્રબંધ
**(C) સિદ્ધાંત સંગ્રહ** (D) નૈષધ ચરિત્ર

039. કુતુબમિનાર કોની સ્મૃતિમાં બંધાવેલો તુર્કી સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે? (CIA I&M Final 13/2020-21)
(A) ઇલ્તુમિશન (B) કુતુબુદ્દીન ઐબક
**(C) કુત્બુદ્દીન બખ્તીયાર** (D) કુતુબશાહ

040. નીચેનામાંથી ભારતના કયા રાજાના દરબારમાં 'અષ્ટ દિગ્ગજો' નામે ઓળખાતા આઠ વિદ્વાનો કયા ?
(CIA I&M Final 13/2020-21)

(A) રાજા ભોજ **(B) કૃષ્ણ દેવરાય**
(C) ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (D) દેવરાય બીજો

041. મહાગુજરાત આંદોલન સમયગાળાના અખબારો અને તેના તંત્રીઓ પૈકી કઇ જોડી સાચી નથી ?
(CIA I&M Final 13/2020-21)
(A) જન્મભૂમિ-શામળદાસ ગાંધી
**(B) નવગુજરાત -બ્રહ્મકુમાર ભટ્ટ**
(C) સ્વતંત્રતા-ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ
(D) કર્મભૂમિ-અમૃતલાલ શેઠ

042. દિલ્હી સલ્તનતના સમય દરમિયાન હિન્દુ પુરાણોનો અભ્યાસ કરનાર પ્રથમ મુસ્લિમ ઈતિહાસ નોંધક વિદ્વાન કોણ હતા? (CIA I&M Final 13/2020-21)
(A) અમિર ખુશરો
(B) ઝીયાઉદ્દીન બરની
(C) ઈબ્ન બતૂતા
**(D) અલબેરૂની**

043. ''જાંતિ પાંતી પૂછે નહીં કોઇ, હરિકો ભજે સો હરિકા હોઇ'' મધ્યકાલીન ભક્તિઆંદોલનના કયા સંતનો આ જીવનમંત્ર હતો ? (CIA I&M Final 13/2020-21)
(A) સ્વામિ દયાનંદ (B) સ્વામિ સહજાનંદ
(C) સ્વામી સહજાનંદ **(D) રામાનંદ**

044. ઈન્ડિયન પિનલ કોડ અને કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર ભારતના કયા ગવર્નર જનરલ અને વાઇસરોયના સમયગાળામાં પસાર કરવામાં આવ્યા.
(CIA I&M Final 13/2020-21)
(A) લોર્ડ લિટન (B) લોર્ડ રીપન
**(C) લોર્ડ કેનિંગ** (D) લોર્ડ વેલીગ્ટન

045. ગાંધીજીએ કયા કોંગ્રેસ અધિવેશથી ઓછા/ટૂંકા વસ્ત્રો પહેરવાનો નિર્ણય લીધો, જે આજીવન પાળી બતાવ્યો.
(CIA I&M Final 13/2020-21)
(A) નાગપુર અધિવેશન
**(B) વિજયવાડા અધિવેશન**
(C) હરિપુરા અધિવેશન
(D) લાહોર અધિવેશન

046. ગુજરાતમાં સ્વદેશી આંદોલનના ભાગ સ્વરૂપ ભાવનગરમાં કયા સંગઠનની રચના થયેલી હતી?
(CIA I&M Final 13/2020-21)
(A) સ્વદેશી બજાર
**(B) સ્વદેશ પ્રેમી મંડળ**
(C) સ્વદેશી મિત્રમંડળ
(D) સ્વદેશી વસ્તુ સંરક્ષક મંડળ

047. મહારાષ્ટ્રમાં અમર નામના મેળવનાર રામશાસ્ત્રી કોના સમયના સુપ્રસિદ્ધ ન્યાયશાસ્ત્રી હતા?
(CIA I&M Final 13/2020-21)
(A) બાલાજી વિશ્વનાથ (B) બાલાજી બાજીરાવ
(C) બાજીરાવ પહેલો **(D) માધવરાવ પહેલો**

048. માનવ અધિકાર આયોગના અધ્યક્ષ કોણ છે?
(CIA I&M Final 13/2020-21)
(A) કે. કે. વેણુગોપાલ
**(B) જસ્ટીસ એચ.એલ દત્તુ**
(C) અલ્તમશ કબીર
(D) ટી. એચ. ઠાકુર

049. દિલ્હી ખાતેના યાદી-I ના વિવિધ સમાધિસ્થળ/સ્મૃતિસ્થળ અને યાદી-II માં જણાવેલ મહાનુભાવોની જોડી પૈકી કઇ જોડી સાચી નથી ? (CIA I&M Final 13/2020-21)

| યાદી-I | યાદી-II |
|---|---|
| (A) કર્મભૂમિ | - શંકર દયાળ શર્મા |
| (B) ઉદયભૂમિ | - કે. આર. નારાયણ |
| (C) ચૈત્યભૂમિ | - ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| **(D) એકતાસ્થળ** | **- જગજીવનરામ** |

050. બ્લેક હોલ ટ્રેજેડી (Blach Hole Tragedy) કયા યુદ્ધ સાથે સંકળાયેલ છે ?
(Commissioner of fishers -22/2020-21)
(A) બકસરનું યુદ્ધ (The battle of Buxar)
(B) એંગ્લો મરાઠાઓના યુદ્ધો (The Anglo Maratha wars)
**(C) પ્લાસીનું યુદ્ધ (The battle of Plassey)**
(D) કર્ણાટકના યુદ્ધો (The Karnataka wars)

051. નીચેની બાબતો કયા મહાનુભાવને લાગુ પડે છે.
(Commissioner of fishers -22/2020-21)
1. તેઓ "ઈન્ડિયન હોમ રૂલ લીગ ઓફ અમેરિકા' ના સ્થાપક હતા.
2. "અ-સહકાર આંદોલન થઈ ત્યારે ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ હતા.
3. તેઓએ લાહોરમાં "દયાનંદ એંગ્લો - વૈદીક શાળા"ની સ્થાપના કરેલ હતી.
(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) બાગંગાધર ટીળક
(C) ચંદ્રશેખર આઝાદ **(D) લાલા લજપતરાય**

052. 1857ના વિપ્લવ બાદ, નીચેના પૈકી કયા પરિણામો આવ્યા ? (Commissioner of fishers -22/2020-21)
1. બ્રિટીશ રાજગાદીએ, ભારતમાં સીધી જવાબદારી હસ્તગત કરી.
2. દેશમાં બેવડી સરકારની શરૂઆત થઈ.
(A) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(B) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.
**(C) માત્ર વાક્ય 1 યોગ્ય છે.**
(D) માત્ર વાક્ય 2 યોગ્ય છે.

053. કવિ જગન્નાથને "પંડિતરાજ" નું બિરૂદ કોણે આપેલ હતુ ? (Commissioner of fishers -22/2020-21)
(A) અકબર **(B) શાહજહાં**

(C) જહાંગીર (D) ઔરંગઝેબ

054. ભારતના ક્રાન્તિવીરો અને તેઓના જન્મસ્થાનના રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.
(Commissioner of fishers -22/2020-21)

1. ચંદ્રશેખર આઝાદ a. મહારાષ્ટ્ર
2. રામપ્રસાદ બિસ્મિલ b. બંગાળ
3. ખુદીરામ બોઝ c. ઉત્તર પ્રદેશ
4. વિનાયક સાવરકર d. મધ્ય પ્રદેશ

**(A) 1-d, 2-c, c-3, 4-a**
(B) 1-c, 2-b, 3-a, 4-d
(C) 1-b, 2-a, 3-d, 4-c
(D) 1-a, 2-d, 3-c, 4-b

055. દેશના બનાવો અને સમયગાળાની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?
(Commissioner of fishers -22/2020-21)

1. ચૌરા ચોરીનો બનાવ - 1920
2. જલિયાવાલા બાગનો હત્યાકાંડ - 1919
3. ખેડા સત્યાગ્રહ - 1917 - 1918
4. ચંપારણ સત્યાગ્રહ - 1917

(A) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
**(B) 2, 3 અને 4 યોગ્ય છે.**
(C) 1, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2 અને 4 યોગ્ય છે.

056. ભારતમાં થયેલ યુદ્ધો અંગે કયુ વાક્ય યોગ્ય નથી?
(Commissioner of fishers -22/2020-21)

(A) વંડીવાશનું યુદ્ધ (Wandiwash battle) ફ્રેન્ચ અને બ્રીટીશ વચ્ચે 1760માં થયેલ.
(B) મૈસુર યુદ્ધોમાં કુલ 4 યુદ્ધો થયેલ હતા બ્રીટીશરો અને મૈસુરના રાજ્યકર્તા વચ્ચે થયેલ હતા.
(C) પ્રથમ પાણીપતનું યુદ્ધ 1526માં મોગલ રાજાઓ અને દિલ્હી રાજ્ય વચ્ચે થયેલુ હતું.
**(D) વિઝાગ પટ્ટમનું યુદ્ધ (Vizage patam battle) 1824માં બ્રિટિશ કંપની અને મરાઠાઓ વચ્ચે થયેલ.**

057. ગુજરાતના પ્રાચિન ઈતિહાસ માટેનો મહત્વનો આધારભૂત ગ્રંથ પ્રબંધ ચીન્તામણી (Prabandha Chintamani) કોણે રચેલ છે ?
(Commissioner of fishers -22/2020-21)

(A) હેમચંદ્રાચાર્ય (B) મહેન્દ્ર પ્રભસૂરિ
**(C) મેરૂ તુંગસૂરિ** (D) જિન પદ્મ

058. “ક્વ્વાલી” ગાયન પદ્ધતીનો વિકાસમાં કોનો અગત્યનો ફાળો રહેલ છે ?
(Commissioner of fishers -22/2020-21)

(A) શર્કી સુલતાન (B) જહાંગીર
**(C) અમીર ખુસરો** (D) સુલતાન બહાદુર

059. સરદાર વલ્લભભાઈ પટેલ માટેના કયા વિધાનો યોગ્ય છે ? (Commissioner of fishers -22/2020-21)

1. તેઓએ વકીલાત ગોધરામાં શરૂ કરેલ હતી.
2. તેઓએ અમદાવાદના મેયર તરીકે સેવાઓ આપેલ હતી.
3. નાગપુર ખાતે ઝંડા સત્યાગ્રહમાં તેઓનું મહત્વનુ યોગદાન હતું.

**(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.**
(B) 1, 2, અને 3 બધાજ વાક્યો યોગ્ય નથી.
(C) માત્ર 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(D) માત્ર 2 અને 3 વાક્યો યોગ્ય છે.

060. ક્યાં સમ્રાટના શાસનમાં મુઘલ સલ્તનતનું પાટનગર આગ્રાથી ફતેહપુર સિક્રીમાં ફેરવાયેલું હતું?
(A.GEO - 29/2020-21)

(A) હુમાયું (B) જહાંગીર
**(C) અકબર** (D) શાહજહાં

061. નીચેનામાંથી કઈ શૂરવીર રાણીએ લડાઈમાં ઘાયલ થયા પછી દુશ્મનના હાથમાં પકડાઈ જવા કરતાં પેટમાં કટાર ખોસીને મૃત્યુ પસંદ કર્યું હતું? (A.GEO - 29/2020-21)

(A) રાણી કર્માવતી **(B) રાણી દુર્ગાવતી**
(C) રાણી કર્ણાવતી (D) રાણી અહલ્યાબાઈ

062. ગુજરાતમાં સ્વદેશી ચળવળ અંતર્ગત “સ્વદેશી મિત્ર મંડળ”ની સભા અમદાવાદમાં ક્યાં સ્થળે થતી હતી? 1. પરિવારિક જીવનનો આદર્શ ક્યાં વેદમાં વર્ણવ્યો છે?
(A.GEO - 29/2020-21)

(A) યજુર્વેદ **(B) અથર્વવેદ**
(C) ઋગ્વેદ (D) સામવેદ

063. બૌદ્ધ ધર્મ અંગીકાર કરનાર પ્રથમ મહિલા કોણ હતી?
(A.GEO - 29/2020-21)

(A) રૂપાલી મોકાશી **(B) પ્રજાપતિ ગૌતમી**
(C) રૂપનંદા સખ્યા (D) કરુવાકી

064. અમદાવાદનાં નોંધપાત્ર મુસ્લિમ સ્થાપત્યો પૈકીની મસ્જિદો અને તેના વિસ્તારની જોડી પૈકી કઈ જોડી સાચી નથી? (A.GEO - 29/2020-21)

(A) રાણી રૂપમતીની મસ્જિદ-મિરજાપુર વિસ્તાર
(B) અચ્યુતકુકીની મસ્જિદ - દુધેશ્વર વિસ્તાર
**(C) સીદી બશીરની મસ્જિદ - અસારવા વિસ્તાર**
(D) રાણી સિપ્રીની મસ્જિદ - આસ્ટોડિયા વિસ્તાર

065. ક્રાંતિકારીઓની વીરતા અને અંગ્રેજોની ક્રૂરતા માટેની કુખ્યાત જેલ કઈ અને ક્યાં આવેલી છે?
(A.GEO - 29/2020-21)

**(A) સેલ્યુલર જેલ, પોર્ટબ્લેર**
(B) યરવાડા જેલ, પુણે
(C) તિહાર જેલ, નવી દિલ્હી
(D) આર્થર રોડ જેલ, મુંબઈ

066. સોલંકી કાળ દરમિયાન અનેક સવંત વપરાયા પરંતુ મુખ્ય સવંત તરીકે પ્રચલિત________સવંત કાળગણનામાં વપરાયેલ જોવા મળે છે? (A.GEO - 29/2020-21)

(A) સિંહ સવંત (B) હિજરી સન

**(C) વિક્રમ સવંત** (D) વલભી સવંત

067. ગુપ્તયુગના રસાયણશાસ્ત્રી નાગાર્જુનનો નીચેના પૈકી જાણીતો ગ્રંથ કયો છે? (A.GEO - 29/2020-21)

(A) પંચ સિદ્ધાંતિકા (B) બૃહ્ ત્જાતક

**(C) રસ રત્નાકર** (D) બૃહદ સહિંતા

068. તેનાલી રામા ક્યાં રાજાના મંત્રી હતા?

**(A) કૃષ્ણદેવરાય** (B) રાજા અનંતવર્મા

(C) સમ્રાટ હર્ષ (D) નરસિંહ વર્મા

069. આરોગ્ય ક્ષેત્રે 'માં અન્નપૂર્ણા યોજના', 'માં વાત્સલ્ય યોજના', માં અમૃતમ યોજના' અને મુખ્યમંત્રી નિદાન યોજના'નો પ્રારંભ અને ધન્વંતરી રથ'ની પણ શરૂઆત ક્યાં મુખ્યમંત્રીના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ હતી? (A.GEO - 29/2020-21)

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(B) શ્રી વિજયભાઈ રૂપાણી

**(C) શ્રીમતી આનંદીબેન પટેલ**

(D) શ્રી કેશુભાઈ પટેલ

070. સ્વતંત્રતા બાદ દેશમાં રાજ્યોના ગઠન માટે "રાજ્ય પુનર્ગઠન આયોગ" રચવામાં આવેલ હતું. તેનો અધ્યક્ષશ્રી કોણ હતા ? (S.Archaeologist -22/2020-21)

**(A) ન્યાયમૂર્તિ ફઝલઅલી**

(B) સરદાર પટેલ

(C) બાબાસાહેબ આંબેડકર

(D) કનૈયાલાલ મુનશી

071. ક્યાં સમ્રાટના શાસનમાં મુઘલ સલ્તનતનું પાટનગર આગ્રાથી ફતેહપુર સિક્રીમાં ફેરવાયેલું હતું? (A.GEO - 29/2020-21)

(A) હુમાયું (B) જહાંગીર

**(C) અકબર** (D) શાહજહાં

072. નીચેનામાંથી કઈ શૂરવીર રાણીએ લડાઈમાં ઘાયલ થયા પછી દુશ્મનના હાથમાં પકડાઈ જવા કરતાં પેટમાં કટાર ખોસીને મૃત્યુ પસંદ કર્યું હતું? (A.GEO - 29/2020-21)

(A) રાણી કર્માવતી **(B) રાણી દુર્ગાવતી**

(C) રાણી કર્ણાવતી (D) રાણી અહલ્યાબાઈ

073. ગુજરાતમાં સ્વદેશી ચળવળ અંતર્ગત "સ્વદેશી મિત્ર મંડળ"ની સભા અમદાવાદમાં ક્યાં સ્થળે થતી હતી? 1. પરિવારિક જીવનનો આદર્શ ક્યાં વેદમાં વર્ણવ્યો છે? (A.GEO - 29/2020-21)

(A) યજુર્વેદ **(B) અથર્વવેદ**

(C) ઋગ્વેદ (D) સામવેદ

074. બૌદ્ધ ધર્મ અંગીકાર કરનાર પ્રથમ મહિલા કોણ હતી? (A.GEO - 29/2020-21)

(A) રૂપાલી મોકાશી **(B) પ્રજાપતિ ગૌતમી**

(C) રૂપનંદા સખ્યા (D) કરુવાકી

075. અમદાવાદનાં નોંધપાત્ર મુસ્લિમ સ્થાપત્યો પૈકીની મસ્જિદો અને તેના વિસ્તારની જોડી પૈકી કઈ જોડી સાચી નથી? (A.GEO - 29/2020-21)

(A) રાણી રૂપમતીની મસ્જિદ-મિરજાપુર વિસ્તાર

(B) અચચ્યુતકુકીની મસ્જિદ - દુધેશ્વર વિસ્તાર

**(C) સીદી બશીરની મસ્જિદ - અસારવા વિસ્તાર**

(D) રાણી સિપ્રીની મસ્જિદ - આસ્ટોડિયા વિસ્તાર

076. ક્રાંતિકારીઓની વીરતા અને અંગ્રેજોની ક્રૂરતા માટેની કુખ્યાત જેલ કઈ અને ક્યાં આવેલી છે? (A.GEO - 29/2020-21)

**(A) સેલ્યુલર જેલ, પોર્ટબ્લેર**

(B) યરવાડા જેલ, પુણે

(C) તિહાર જેલ, નવી દિલ્હી

(D) આર્થર રોડ જેલ, મુંબઈ

077. સોલંકી કાળ દરમિયાન અનેક સવંત વપરાયા પરંતુ મુખ્ય સવંત તરીકે પ્રચલિત________સવંત કાળગણનામાં વપરાયેલ જોવા મળે છે? (A.GEO - 29/2020-21)

(A) સિંહ સવંત (B) હિજરી સન

**(C) વિક્રમ સવંત** (D) વલભી સવંત

078. ગુપ્તયુગના રસાયણશાસ્ત્રી નાગાર્જુનનો નીચેના પૈકી જાણીતો ગ્રંથ કયો છે? (A.GEO - 29/2020-21)

(A) પંચ સિદ્ધાંતિકા (B) બૃહ્ ત્જાતક

**(C) રસ રત્નાકર** (D) બૃહદ સહિંતા

079. તેનાલી રામા ક્યાં રાજાના મંત્રી હતા?

**(A) કૃષ્ણદેવરાય** (B) રાજા અનંતવર્મા

(C) સમ્રાટ હર્ષ (D) નરસિંહ વર્મા

080. આરોગ્ય ક્ષેત્રે 'માં અન્નપૂર્ણા યોજના', 'માં વાત્સલ્ય યોજના', માં અમૃતમ યોજના' અને મુખ્યમંત્રી નિદાન યોજના'નો પ્રારંભ અને ધન્વંતરી રથ'ની પણ શરૂઆત ક્યાં મુખ્યમંત્રીના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ હતી? (A.GEO - 29/2020-21)

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(B) શ્રી વિજયભાઈ રૂપાણી

**(C) શ્રીમતી આનંદીબેન પટેલ**

(D) શ્રી કેશુભાઈ પટેલ

081. નીચેના પૈકી હડપ્પન સંસ્કૃતિનું ક્યુ સ્થળ કચ્છમાં આવેલ છે? (A-M.GER GPSC/33/2020-21)

**(A) દેશલપર** (B) બાબરકોટ

(C) રોઝડી (D) રંગપુર

082. મહમૂદ ગઝનીએ સોમનાથ ઉપર ચડાઇ કરી ત્યારે ગુજરાતનો રાજ્ય કારભાર કોણ સંભાળતો હતો?

(A-M.GER GPSC/33/2020-21)
(A) કર્ણદેવ પહેલો **(B) ભીમદેવ પહેલો**
(C) કર્ણદેવ બીજો (D) ભીમદેવ બીજો

083. નીચેની બાબત કયા રાજવીના સમયમાં બનેલ હતી? (A-M.GER GPSC/33/2020-21)
1. ભૃગુકચ્છ (ભરૂચ) અને સ્થંભતીર્થ (ખંભાત) જેવા અગત્યના બંદરો તેના રાજ્યમાં હતા.
2. ચીની યાત્રાળુ ફાહિયાને રાજ્યની સમૃધ્ધીના ખુબ વખાણ કરેલ હતા.
3. તેના સમયમાં શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકલાનો સુંદર વિકાસ થયેલ હતો.
(A) સમ્રાટ સમુદ્રગુપ્ત
**(B) સમ્રાટ ચંદ્રગુપ્ત બીજો - વિક્રમાદિત્ય**
(C) કુમાર ગુપ્ત પહેલો
(D) સમ્રાટ અશોક

084. પ્રાચીન ભારતની શિક્ષણ આપતી સંસ્થાઓ અને તેના સ્થાન અંગેના વાક્યો પૈકી કયું વાક્ય યોગ્ય નથી? (A-M.GER GPSC/33/2020-21)
(A) હાલના ઉત્તર પશ્રિમ ભારતના ગાંધાર ક્ષેત્ર પાસે તક્ષશિલા શૈક્ષણિક સ્થાન હતું.
(B) હાલના બિહારમાં નાંલદા વિદ્યાપીઠ આવેલ હતી.
**(C) હાલના ગુજરાતમાં આદોનીપુરી જ્ઞાનની વિદ્યાપીઠ હતી.**
(D) હાલના બંગાળમાં વિક્રમશિલા વિદ્યાપીઠ અસ્તિત્વમાં હતી.

085. દક્ષિણ ભારતમાં, નીચેના પૈકી કયા રાજ્ય - સામ્રાજયો ન હતા? (A-M.GER GPSC/33/2020-21)
(A) કલ્યાણીનો ચાલુકય વંશ, ચેરે વંશ
(B) પલ્લવ વંશ, પાંડ્ય વંશ
(C) ચોલા વંશ
**(D) પ્રતિહાર, પાલ વંશ**

086. નીચેના વાક્યો ચકાસો: (A-M.GER GPSC/33/2020-21)
1. ગર્વનર જનરલ વેલેસ્લીની સહાયકારી યોજના - વિસ્તારવાદની યોજના ઘણા રજવાડાઓ ભોગ બનેલ હતા.
2. ડેલ હાઉસી દ્વારા “ખાલસાનીતિ” નો અમલ શરૂ કરેલ હતો અને તેના ભોગ બ્રમ્હદેશ, સાતારા, ઝાંસી નાગપુર જેવા રાજ્યો બન્યા હતા.
(A) પ્રથમ વાક્ય યોગ્ય છે.
(B) બીજુ વાક્ય યોગ્ય છે.
**(C) પ્રથમ અને બીજુ, બન્ને વાક્યો યોગ્ય છે.**
(D) પ્રથમ અને બીજુ, બન્ને વાક્યો યોગ્ય નથી.

087. 1857ના સંગ્રામ સબંધમા નીચેના વાક્યો ચકાસો: (A-M.GER GPSC/33/2020-21)
1. ખેડા જીલ્લામાં આણંદના મુખી ગરબડદાસની આગેવાની નીચે સંગ્રામ છેડ્યો હતો.
2. ચાંડુપ (ચાંપડ) ગામના લોકોએ નાથાજી અને યામાજીની આગેવાની સ્વીકારી સંગ્રામમાં જોડાયેલ હતા.
3. ઉત્તર ગુજરાતમાં પાટણ, ખેરાલુ, ભિલોડી, મુડેટી જગ્યાએ પણ સંગ્રામ શરૂ થયેલ હતો.
**(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.**
(B) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(C) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 3 વાક્યો યોગ્ય છે.

088. દેશના સત્યાગ્રહો અને સમય ગાળાને યોગ્ય રીતે જોડો: (A-M.GER GPSC/33/2020-21)

| | |
|---|---|
| 1. ચંપારણ સત્યાગ્રહ | a.1928 |
| 2. ખેડા સત્યાગ્રહ | b. 1917 |
| 3. અસહકારનું આંદોલન | c. 1917-1918 |
| 4. બારડોલી સત્યાગ્રહ | d. 1920-1922 |

(A) 1-d, 2-a, 3-b, 4-c
(B) 1-c, 2-d, 3-a, 4-b
**(C) 1-b, 2-c, 3-d, 4-a**
(D) 1-a, 2-b, 3-c, 4-d

089. નીચેના પૈકી કયા મહાનુભાવો વિદેશમાં ક્રાન્તીકારી પ્રવૃત્તિમાં સક્રિય ક્રાંતિકારીઓ હતા? (A-M.GER GPSC/33/2020-21)
1. શ્યામજી કૃષ્ણ વર્મા, મદનલાલ ધીંગરા
2. વીર સાવરકર, લાલા હરદયાલ, ઉધમસિંહ
3. રાજા મહેન્દ્ર પ્રતાપ, સરદારસિંહ રાણા, રમણ પિલ્લાઇ
4. મૌલાના અબ્દુલ્લા, મૌલાના બશીર, ડૉ. મથુરસિંહ “ખુદાબક્ષ”
(A) 1, 2 અને 3 (B) 1, 3 અને 4
(C) 1, 2 અને 4 **(D) 1, 2, 3 અને 4**

090. ગુપ્ત અને હર્ષકાલીન સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠતમ કૃતિઓ, તેના લેખકો અને કૃતિના પ્રકારની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી? (A-M.GER GPSC/33/2020-21)
(A) સ્વપ્નવાસદત્તમ્ - ભાસ - નાટક
(B) કુમાર સંભવ - કાલિદાસ - મહાકાવ્ય
(C) પંચતંત્ર - વિષ્ણુ શર્મા - વાર્તા સંગ્રહ
**(D) શિસુપાલ વધ - ભારવી - ખંડાકાવ્ય**

091. સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળ ચલાવનાર મહાનુભાવો અને તેઓના સંસ્થાઓની જોડીઓ, પૈકી કઈ જોડી યોગ્ય નથી? (A-M.GER GPSC/33/2020-21)
(A) રાજા રામ મોહન રાય - બ્રમ્હો સમાજ
(B) જ્યોતિબા ફુલે - સત્ય શોધક સમાજ
(C) સ્વામી દયાનંદ સરસ્વતી - આર્ય સમાજ

**(D) કુન્દ કુરિ વીરેસલિંગમ - નારાયણ માનવ જીવન પરિપાલન યોગમ**

092. વિજયનગર સામ્રાજ્યના અવશેષ આજે કયા સ્થળે મળી આવે છે? (A-M.GER GPSC/33/2020-21)

(A) બીજાપુર - Bijapur

(B) ગોલકોન્ડા - Golconda

**(C) હમ્પી - Hampi**

(D) વડોદરા - Vadodara

093. ફ્રેન્ચોની સર્વોપરીતાનો અંત તથા અંગ્રેજોની સર્વોપરીતા કયા યુદ્ધને કારણે સ્થાપીત થઈ? (A-M.GER GPSC/33/2020-21)

**(A) બંદીવાશનું - યુદ્ધ - Wandiwash War**

(B) બકસરનું યુદ્ધ - The battle of Buxar

(C) શ્રી રંગપટનમનું યુદ્ધ - The battle of Seringapatnam

(D) પ્લાસીનું યુદ્ધ - The battle of Plascy

094. સુભાષચંદ્ર બોઝે સિંગાપુરમાં કયા વર્ષમાં આઝાદ હિન્દ ફોજની સ્થાપના કરી હતી ? (Sec.Off -36/2020-21)

(A) 1941 **(B) 1943**

(C) 1945 (D) 1942

095. ગવર્નર જનરલ લિટને અમલમાં મૂકેલો દેશી ભાષાઓનાં વર્તમાન પત્રો પર અંકુશ મૂકતો અખબારી કાયદો, 1882માં કોણે રદ કર્યો હતો ? (Sec.Off -36/2020-21)

**(A) ગર્વનર જનરલ રિપન**

(B) ગર્વનર જનરલ ડફરીન

(C) ગવર્નર જનરલ એલ્ગીન

(D) ગર્વનર જનરલ મીન્ટો

096. ગાંધીજીએ 1લી ઓગસ્ટ,1933ના રોજ ગુજરાતમાં ........... ગામે કૂચ કરીને વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ કરવાનો નિર્ણય લીધો હતો? (Sec.Off -36/2020-21)

(A) વાસદ (B) આડસ

**(C) રાસ** (D) સારસા

097. ઈંગલેન્ડના વડાપ્રધાન રામ્સે મેકડોનાલ્ડ દ્વારા 1932માં જાહેર કરવામાં આવેલા કોમી ચુકાદાના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો : (Sec.Off -36/2020-21)

1. તે માત્ર પ્રાંતિક ધારાસભાઓની નીચલા ગૃહની બેઠકોને જ લાગુ પડતો હતો.
2. સિંધની અલગ પ્રાંત તરીકે રચના કરવાની ભલામણ હતી.
3. સ્ત્રીઓને માટે ખાસ અલગ બેઠકોની ભલામણ હતી.
4. પછાત જાતિના મતદારને મતદાનના બે પ્રકારના હક્ક આપવામાં આવેલ.

આ વિધાન/ વિધાનો પૈકી કયું વિધાન/ વિધાનો સાચાં / સાચાં છે.

(A) 1 અને 4

(B) 1, 2 અને 3

(C) 1, 3 અને 4

**(D) બધા જ વિધાનો સાચાં છે.**

098. 'બરોડા રાજ્ય' 'મુંબઇ રાજ્ય' સાથે કયા વર્ષમાં વિલીન થયું હતું? (Sec.Off -36/2020-21)

(A) ઈ.સ 1947 **(B) ઈ.સ 1949**

(C) ઈ.સ 1948 (D) ઈ.સ 1950

099. સુભાષચંદ્ર બોઝ દ્વારા રચવામાં આવેલ કામચલાઉ સરકારનું ઓક્ટોબર,1943માં કયા સ્થળે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? (Sec.Off -36/2020-21)

(A) રંગૂન (B) ટોકિયો

**(C) સિંગાપુર** (D) બેંગકોક

100. દેશભરમાં શક સંવત પર આધારિત પંચાંગ (કેલેન્ડર) કે જેનો પહેલો મહિનો ચૈત્ર છે, તે તા. 22-3-1957 થી નીચેના કયા સરકારના ઉદેશો માટે અપનાવવામાં આવેલ છે ? (Sec.Off -36/2020-21)

1. ભારતનું રાજપત્ર
2. આકાશવાણીના સમાચાર પ્રસારણ
3. ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થતું કેલેન્ડર
4. ભારત સરકાર દ્વારા નાગરિકોને સંબોધિત પત્ર

(A) 3 **(B) 1, 2, 3 અને 4**

(C) 1 (D) 1 અને 3

101. દક્ષિણ એશિયાનાં ઉત્તર - પશ્ચિમ ક્ષેત્રમાં સિંધુ ખીણ સંસ્કૃતિ કયા યુગની હતી ? (Sec.Off -36/2020-21)

**(A) કાંસ્ય યુગ** (B) પુરા પાષાણ યુગ

(C) નવ પાષાણ યુગ (D) ઉપર પૈકી એકપણ નહિં

102. બગદાદના ખલીફાએ સુલતાન તરીકે વિધિવત માન્યતા નીચેના પૈકી કોને આપી હતી ? (Sec.Off -36/2020-21)

**(A) શમ્સુદીન ઈલ્તુત્મિશ**

(B) આશમ શાહ

(C) કુતુબુદ્દીન ઐબક

(D) બખ્તિયારચન્દ્ર પાલ

103. ઈન્ડિયન એસોસિએશન નામે સંસ્થાની સ્થાપના નીચેના પૈકી કોણે કરી હતી ? (Sec.Off -36/2020-21)

(A) બારીન્દ્ર ઘોષ

(B) બિપિનચન્દ્ર પાલ

(C) મદનમોહન માલવિયા

**(D) સુરેન્દ્રનાથ બેનરજી**

104. નીચેનાને કાળ ક્રમાનુસાર ગોઠવીને યોગ્ય વિકલ્પ પસંદ કરો : (Sec.Off -36/2020-21)

1. સંગમ વંશ 2. તુલુવ વંશ

3. બહમની સલ્તનત 4. સાબુવ વંશ

(A) 1, 4, 3, 2 (B) 1, 2, 4, 3

**(C) 1, 4, 2, 3** (D) 2, 1, 3, 4

105. 'આંધ્ર ભોજ' તરીકે કોણ જાણીતું હતું ?
(Sec.Off -36/2020-21)
**(A) ક્રિશ્નદેવરાય** (B) દેવરાય બીજો
(C) બુક્કા (D) રાજેન્દ્ર પહેલો

106. બ્રહ્મ સમાજના સંબંધમાં નીચેના કથનો વિચારણામાં લો :(Sec.Off -36/2020-21)
1. બ્રહ્મ સમાજની સ્થાપના કેશવચંદ્ર સને ઇ.સ 1828માં કરી હતી.
2. તેનો હેતુ ભારતમાં વેદાંત પર આધારિત એકેશ્વરવાદને પુર્નજીવિત કરવાનો હતો.
3. તેનું દૈનિક મુખપત્ર "સંબાદ કૌમુદી" હતું.
આ વિધાન/ વિધાનો પૈકી કયું વિધાન/ વિધાનો સાચાં છે ?
(A) 1 અને 3 (B) 1 અને 2
(C) 2 અને 3 **(D) 1, 2 અને 3**

107. યાદી - I ને યાદી - II સાથે જોડો અને નીચે આપેલા કોડમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.
(EE CIVIL -41/2020-21)

| યાદી - I | યાદી - II |
|---|---|
| a. પ્રાંતિક સ્વાયત્તતા | 1. ભારત સરકાર અધિનિયમ 1935 |
| b. ભારતના રાજ્ય સચિવ | 2. ભારત સરકાર અધિનિયમ 1858 |
| c. મુસ્લીમો માટે અલાયદું મંત્રી મંડળ | 3. ભારત સરકાર અધિનિયમ 1919 |
| d. મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ સુધારા | 4. ભારત સરકાર અધિનિયમ 1909 |

(A) a - 1, b - 2, c - 3, d - 4
(B) a - 1, b - 4, c - 3, d - 2
(C) a - 4, b - 2, c - 1, d - 3
**(D) a - 1, b - 2, c - 4, d - 3**

108. નીચે આપેલા વડોદરાના શાસકોનો સમાયાનુક્રમિક ગોઠવો. (EE CIVIL -41/2020-21)
1. મલ્હારરાવ ગાયકવાડ
2. પ્રતાપસિંહ ગાયકવાડ
3. મહારાજા સયાજીરાવ - ત્રીજા
4. ગણપત ગાયકવાડ
(A) 1, 2, 3 અને 4 (B) 2, 1, 4 અને 3
**(C) 4, 1, 3 અને 2** (D) 3, 2, 4 અને 1

109. શુદ્રોને ખેડૂતવર્ગના સમુદાય તરીકે સૌ પ્રથમ વર્ણવનાર નીચેના પૈકી કોણ હતા. (EE CIVIL -41/2020-21)
(A) મનુ
(B) ફાહીયાન(Fa-Hien)
**(C) હ્યુએન ત્સાંગ (Hiuen Tsang)**
(D) નારદ

110. નીચેના પૈકી કોને ભાવનગરમાં રાજયમાં રાજ્ય પરિષદની સ્થાપના કરીને બંધારણીય શાસન લાગુ કર્યું ?
(EE CIVIL -41/2020-21)
(A) ભાવસિંહજી બીજા
(B) જસવંન્તસિંહજી
(C) ધુણાસિંહજી
**(D) ઉપરના પૈકી કોઈપણ નહી.**

111. ભારતમાં જોડાણ સમયે જૂનાગઢના નવાબનીચેના પૈકી કોણ હતા. (EE CIVIL -41/2020-21)
**(A) મહંમદ મહબતખાનજી ત્રીજા**
(B) શાહનવાઝ ખાન
(C) મહંમદ જૌનાખાનજી બક્ષ
(D) મહંમદ હુસેનખાનજી બીજા

112. નીચેના પૈકી કોણે 1470 પછી શાસન કર્યું અને અમદાવાદના સુલતાનને જ્યારે જરૂરત ઉભી થઈ ત્યારે પાયદળ અને અશ્વદળ પૂરા પાડ્યા ?
(EE CIVIL -41/2020-21)
(A) કોળીઓ (Kolis) **(B) ગોહિલો (Gohils)**
(C) તોમરો (Tomaras) (D) પ્રતિહારો (Pratiharas)

113. મહારાષ્ટ્ર ઉગ્રવાદ (extremism) એ ............ શહેર સ્થિત અભિનવ ભારત જૂથ સાથે વ્યક્તિગત આતંકનો માર્ગ આપનાવ્યો. (EE CIVIL -41/2020-21)
(A) પૂણે (B) બેલગામ
**(C) નાસિક** (D) કોલહાપુર

114. સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચા છે ?
(EE CIVIL -41/2020-21)
1. મોહેંજો-દારોમાં સૌથી વિશાળ ઇમરતા એ અનાજનો કોઠાર છે.
2. ધોલાવીરાની સૌથી આકર્ષક અને અજોડ વિશેષતા એ તેની જળસંગ્રહ અને વ્યવસ્થાપન પધ્ધતિ છે.
3. લોથલની સૌથી આગવી વિશેષતા એ તેનો વહાણવટો (dockyard) છે.
(A) માત્ર 1,અને 3 (B) માત્ર 3
(C) માત્ર 2 અને 3 **(D) 1, 2 અને 3**

115. 1937 માં લાગુ કરેલ વર્ધા યોજનાનો મુખ્ય ધ્યેય નીચેના પૈકી કયો હતો ? (EE CIVIL -41/2020-21)
**(A) ભારતમાં બુનિયાદી (Basic) શિક્ષણ માટે વિગતવાર રાષ્ટ્રીત યોજના ઘડવી.**
(B) ભારતમાં વિશ્વવિધ્યાલયના શિક્ષણ માં સુધારો કરવો.
(C) શિક્ષણના માધ્યમ તરીકે સ્થાનિક ભાષાઓ (Vernacular languages) થી ઉપર અંગ્રેજી રાખવી.
(D) પસંદગી કરેલા ભારતીયોને પશ્ચિમી વિજ્ઞાન અને સાહિત્યની તાલીમ આપવી.

116. બક્સર યુધ્ધના પરિણામો વિશે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચા છે ? (EE CIVIL -41/2020-21)

1. કંપનીના અધિકારીઓએ દ્વારા દસ્તક (Dastak) ના દુરૂપયોગ બાદ અસંતોષ - વધવાને કારણે તે લડવામાં આવ્યું હતું.
2. અવધને ઈસ્ટ ઈંડીયા કંપની સાથે જોડવામાં આવ્યું.
3. ઈસ્ટ ઈંડીયા કંપનીએ બંગાળમાં દિવાની અને વહીવટી (વ્યવસ્થાપન) (Nizamat) ના હક્કો હસ્તગત કર્યા.

(A) માત્ર 2 (B) 1, 2 અને 3
**(C) માત્ર 1 અને 3** (D) માત્ર 3

117. નીચેના પૈકી કયા મતવિસ્તારમાંથી ડો. બી.આર. આંબેડકર 1946 માં સંવિધાન સભામાં ચૂંટાયેલા હતા. (EE CIVIL -41/2020-21)
(A) બોમ્બે
(B) નાગપુર
(C) દિલ્હી
**(D) ઉપરના પૈકી કોઈપણ નહી.**

118. મૌર્ય શાસન દરમ્યાન રજવાડી માર્ગ (royal highway) કે જેણે વ્યાપાર ઉત્તેજન આપ્યું હતું તે ......... સુધીનો હતો. (EE CIVIL -41/2020-21)
(A) પાટલીપુત્ર થી મુલતાન
**(B) પાટલીપુત્ર થી તક્ષશિલા**
(C) પાટલીપુત્ર થી કાબુલ
(D) પાટલીપુત્ર થી સિયાલકોટ

119. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન નીચેના પૈકી કોણ Hindustan Socialist Republic Association (હિન્દુસ્તાની સમાજવાદી પ્રજાસત્તાક સંગઠન) સાથે સંકળાયેલા હતા. (EE CIVIL -41/2020-21)
1. ચંદ્રશેખર આઝાદ
2. સુખદેવ થાપર
3. જોગેશચંદ્ર ચેટરજી
4. ભગતસિંહ
(A) માત્ર 1, 2 અને 3 (B) 1, 2 અને 4
(C) માત્ર 1 અને 2 **(D) 1, 2, 3, અને 4**

120. વર્ષ 1853 બાદ અંગ્રેજોએ ભારતમાં _______ ક્ષેત્રમાં મોટા પાયે મૂડી રોકાણ કર્યું (Dep.manager 45/2020-21)
(A) શણની મીલો (B) કોલસાની ખાણો
(C) ચા ના બગીચા **(D) રેલવે**

121. અંગ્રેજો અને હૈદરઅલી વચ્ચે 1767-1769 દરમ્યાન લડાયેલા પ્રથમ મૈસુર વિગ્રહનો અંત _______ ની સંધિથી આવ્યો. (Dep.manager 45/2020-21)
**(A) મદ્રાસ** (B) મૈસુર
(C) પૂના (D) જોનપુર

122. નીચેના પૈકી કયા અંગ્રેજ ગવર્નર-જનરલે પ્રાચિન સ્મારકોને જાળવી રાખવામાં રસ દાખવ્યો? (Dep.manager 45/2020-21)
(A) લોર્ડ ઈરવીન **(B) લોર્ડ કર્ઝન**
(C) લોર્ડ રીપન (D) લોર્ડ ડેલહાઉઝી

123. 10 મી સદીના મધ્યમાં કુકા ચળવળ ________ માં શરૂ થઈ. (Dep.manager 45/2020-21)
(A) બંગાળ (B) મહારાષ્ટ્ર
(C) ઓરિસ્સા **(D) પશ્ચિમ પંજાબ**

124. ‘ભારત છોડો’ ચળવળ નીચેના પૈકી અન્ય કયા નામે પણ ઓળખાય છે? (Dep.manager 45/2020-21)
(A) ખિલાફત ચળવળ (B) સ્વદેશી ચળવળ
(C) હોમરૂલ ચળવળ **(D) ઓગષ્ટ ક્રાંતિ**

125. રજાકાર નામના લશ્કરી જૂથે નીચેના પૈકી કયા રાજ્યને ભારતસંઘમાં જોડાતું અટકાવવા માટે પ્રયત્ન કર્યો હતો? (Dep.manager 45/2020-21)
(A) જૂનાગઢ **(B) હૈદરાબાદ**
(C) કાશ્મિર (D) બાલાશિનોર

126. સ્વતંત્રતા બાદ ભાવનગર રાજ્યના ભારતસંઘમાં જોડાણ બાદ તેના રાજવી કૃષ્ણકુમારસિંહ ગોહીલ ________ ના ગવર્નર તરીકે નિમાયા હતા. (Dep.manager 45/2020-21)
(A) ભાવનગર (B) મુંબઈ
**(C) મદ્રાસ** (D) કલકત્તા

127. સ્વતંત્ર ભારતના પ્રથમ વિદેશ પ્રધાન ________ હતા. (Dep.manager 45/2020-21)
**(A) જવાહરલાલ નહેરૂ**
(B) સરદાર પટેલ
(C) લાલબહાદૂર શાસ્ત્રી
(D) કે.પી.એસ.મેનન

128. નીચેના પૈકી કયા સમયગાળા દરમ્યાન ગુજરાતમાંથી ઈન્ડો-ગ્રીક (Indo-Greek) ચલણી સિક્કાઓ ઉપલબ્ધ થયેલ છે? (Ofc-Su.dent 46/2020-21)
(A) મૈત્રક (B) મૌર્ય
(C) ઈસ્લામિક **(D) ક્ષત્રપ**

129. ગુજરાતના નીચેના પૈકી કયા ચાલુક્ય રાજાએ મહંમદ ઘોરીને હરાવ્યો હતો? (Ofc-Su.dent 46/2020-21)
**(A) મૂળરાજ બીજો** (B) ભીમ પહેલો
(C) જયસિંહ પહેલો (D) અજયપાલ

130. 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન ‘First Ahmedabad Rising’ (અમદાવાદનો પ્રથમ બળવો) ક્યારે થયો? (Ofc-Su.dent 46/2020-21)
(A) માર્ચ 1857
(B) મે 1857

**(C) જુલાઈ 1857**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

131. નીચેના પૈકી કોણ 1942માં ભારતના ગવર્નર-જનરલ હતા? (Ofc-Su.dent 46/2020-21)
(A) લોર્ડ વેવેલ (Lord Wavell)
(B) લોર્ડ લીટન (Lord Lytton)
**(C) લોર્ડ લીનલીથગો (Lord Linlinthgow)**
(D) લોર્ડ માઉન્ટબેટન (Lord Mountbatten)

132. નીચેના પૈકી કોણે મોરબીમાં ટેલીફોનીક દૂરસંચારનો પ્રારંભ કર્યો? (Ofc-Su.dent 46/2020-21)
(A) કાન્યાજી રાવજી (B) જયાજી રાવજી
(C) લખધીરજી રાવજી **(D) વાઘજી રાવજી**

133. બેક્ટ્રીયા (Bactria)ના રબાતક (Rabatak) શિલાલેખથી સ્થાપિત થયું છે કે કુજુલા કડફીસ (Kujula Kadphises) .......વંશના સ્થાપક હતા. (Ofc-Su.dent 46/2020-21)
(A) પાલ (Pala) (B) નંદ
**(C) કુષાણ** (D) શુંગ

134. જ્યારે.........એ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા ત્યારે 1932નો કોમી ચૂકાદો એ પૂના કરાર દ્વારા સુધારવામાં આવ્યો. (Ofc-Su.dent 46/2020-21)
(A) વલ્લભભાઈ પટેલ
**(B) મહાત્મા ગાંધી**
(C) જવાહરલાલ નેહરૂ
(D) બી.આર. આંબેડકર

135. સિંધુ ખીણની સંસ્કૃતિ એ ........ સાથે જોડાયેલી છે. (Ofc-Su.dent 46/2020-21)
(A) મધ્ય પાષાણ યુગ
(B) નવ્ય (New) પાષાણ યુગ
**(C) કાંસ્ય યુગ**
(D) લોહ યુગ

136. નીચે આપેલા ચીની યાત્રીઓ પૈકી, પોતાની ભારતની મુલાકાતનો દસ્તાવેજ રાખનાર સૌપ્રથમ યાત્રી.......હતો. (Ofc-Su.dent 46/2020-21)
**(A) ફાહીયાન (Fa-hien)**
(B) સુંગ યુન (Sung Yun)
(C) હ્યુએન ત્સાંગ (Hiuen Tsang)
(D) હ્યુ-ચાઓ (Hui-Chao)

137. પુરાણો અનુસાર, છેલ્લો મૌર્ય શાસક .......... હતો. (Ofc-Su.dent 46/2020-21)
(A) કૃણાલ **(B) બ્રિહદ્રથ**
(C) સંપ્રિતિ (D) દશરથ

138. ગુજરાતના શાસક......એ ઈજીપ્ત સાથે જોડાણ કરીને ચૌલ નજીક પોર્ટુગીઝ નૌ સેના ટુકડીને હરાવી હતી. (Ofc-Su.dent 46/2020-21)
(A) અહમદ શાહ પહેલો
**(B) મહમુદ પહેલો**
(C) બહાદુર શાહ
(D) કાદીર શાહ

139. નરસિંહ પટેલ દ્વારા રચિત પુસ્તક 'દેશી વનસ્પતિની દવાઓ' એ......વિશે છે. (Ofc-Su.dent 46/2020-21)
(A) દવા
(B) આયુર્વેદિક પ્રચાર
(C) મોબાઈલ ડિસ્પેન્સરી
**(D) બોબની બનાવટ**

140. રણજીતસિંહની રાજધાની ..........હતી. (Ofc-Su.dent 46/2020-21)
(A) અંબાલા (B) અમૃતસર
**(C) લાહોર** (D) પેશાવર

141. "પ્રથમ ગોળમેજી પરિષદ" વખતે બ્રિટનના વડાપ્રધાન કોણ હતા? (A.Prof 56/2020-21)
**(A) રામસે મેકડોનાલ્ડ (Ramsay Medonald)**
(B) ચેમ્બર લીન (Chamberlain)
(C) ડીઝરાયેલી (Disraeli)
(D) ચર્ચીલ (Churchill)

142. મહાત્મા ગાંધીજીએ નીચેના પૈકી કોને દીનબંધુ (Deenbandhu)નો ખિતાબ (Title) આપેલ હતો? (A.Prof 56/2020-21)
(A) ચિત્તરંજન દાસ
(B) બાળ ગંગાધર ટિળક
(C) ચંદ્રશેખર
**(D) સી.એફ. એંડ્રુઝ (C.F. Andrews)**

143. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અધિવેશનમાં જાહેર થયેલા ધ્યેયો બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટૂં છે?(A.Prof 56/2020-21)
**(A) અંગ્રેજ સરકાર વિરૂદ્ધ અહિંસક રાજકીય ચળવળની શરૂઆત**
(B) રાષ્ટ્રીય એકતાની ભાવનાને વિકાસ અને સુગઠન.
(C) દેશમાં જનતાની તાલીમ અને સંગઠન.
(D) રાષ્ટ્રવાદી રાજકીય કાર્યકરો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રોત્સાહન આપવું.

144. ભારતના ઈમ્પીરીયલ ગેઝેટે નોંધ્યું કે મુંબઈ પ્રેસિડન્સીના _______ ખાતે 1857 નો બળવો જોવાં મળ્યો હતો. (A.Prof 56/2020-21)
(A) ભાવનગર
(B) જૂનાગઢ
**(C) કરાંચી અને અમદાવાદ**
(D) રાજકોટ

145. ભારતમાં આવેલ વિદેશી યાત્રીકો અને જે તે સમયના શાસક/ શાસનની વિગતો દર્શાવતી જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય છે? (A.Prof 56/2020-21)

1. માર્કોપોલો - પાંડ્ય રાજ્ય
2. ડોમિંગોજ પેઈજ - કૃષ્ણદેવરાય / વિજયનગર
3. મનૂસી - જહાંગીર
4. પીટર મંડી - શાહજહાં

(A) 2, 3 અને 4 **(B) 1, 2 અને 4**
(C) 1, 3 અને 4 (D) 1, 2 અને 3

146. મુઘલ કાળના હોદ્દાઓ અંગેની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી? (A.Prof 56/2020-21)
**(A) બક્ષી - કાયદો વ્યવસ્થા જાળવનારનો અમલદાર**
(B) સદ્ર - ધર્મદા, સદાવ્રત ઉપર ધ્યાન રાખનાર અમલદાર
(C) મીરે બહાર - બંદરો, જકાત વગેરે બાબતે ધ્યાન રાખનાર અમલદાર
(D) દિવાન - મહેસુલ વ્યવસ્થાનો સર્વોચ્ચ અધિકારી

147. જ્યારે મહંમદ ગઝનીએ સોમનાથના મંદિર ઉપર આક્રમણ કર્યુ અને લૂંટી લીધુ, તે સમયે સોલંકી વંશનો શાસક કોણ હતો? (A.Prof 56/2020-21)
(A) સિધ્ધરાજ (B) ભીમ - બીજો
**(C) ભીમ - પહેલો** (D) મૂળરાજ

148. 1923 માં નીચેના પૈકી કઈ પરિષદમાં સ્વરાજપક્ષને પૂર્ણ બહુમત મળ્યો હતો? (A.Prof 56/2020-21)
(A) યુ.પી. પરિષદ **(B) બંગાળ પરિષદ**
(C) કેન્દ્રીય પ્રદેશ પરિષદ (D) ભારતીય ધારાસભા

149. ગુજરાતમાં કયા વર્ષમાં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે સર્વપ્રથમ રેલવે લાઈન નખાઈ હતી? (A.Prof 56/2020-21)
(A) ઈ.સ. 1853 (B) ઈ.સ. 1854
**(C) ઈ.સ. 1855** (D) ઈ.સ.1851

150. પશુપતિ મહાદેવનું સીલ નીચેના પૈકી કઈ જગ્યાએ પ્રાપ્ત થયેલ હતું? (A.Prof 56/2020-21)
(A) રાખીગઢ **(B) મોહેં-જો-દરો**
(C) લોથલ (D) કાલીબંગન

151. તરાઈનું પ્રથમ યુદ્ધ (1191) માં કયા રાજવીઓ વચ્ચે થયેલ હતું? (A.Prof 56/2020-21)
(A) કુત્બુદીન ઐબક અને પૃથ્વીરાજ ચૌહાણ
(B) આરામશાહ અને ઈલ્તુતમશ
(C) ઈલ્તુતમશ અને તજ્જુદિન
**(D) મુહમ્મદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ**

152. ગુજરાતના "સોલંકી વંશ" સબંધીય કયા વાકયો યોગ્ય છે? (A.Prof 56/2020-21)
1. મૂળરાજ સોલંકી મૂળ સ્થાપક હતા.
2. આ સમયમાં સિદ્ધપુરમાં રૂદ્રમહાલયનું નિર્માણ થયેલ હતું.
3. રાણી ઉદયમતીએ પાટણમાં "રાણકી વાવ" બંધાવી હતી.
4. મીનળદેવી વિરમગામમાં મલાવતળાવનું નિર્માણ કરાવેલ.

**(A) 1, 2 અને 3** (B) 1 અને 4
(C) 2 અને 4 (D) 1 અને 4

153. નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે? (A.Prof 57/2020-21)
1. "અષ્ટદિગ્ગજ" એ આઠ પ્રખ્યાત તેલુગુ કવિઓનું જુથ હતું જે હરિહર-બીજાના દરબારને શોભાવતા હતા.
2. વિજયનગર સામ્રાજ્યની 15મી સદીમાં વિદેશી મુસાફર હ્યુ-એન-ત્સંગે મુલાકાત લીધી હતી.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને સાચાં છે.
**(D) બંનેમાંથી એક પણ સાચાં નહીં**

154. અકબર દ્વારા જોડાવાના યોગ્ય ક્રમમાં નીચેના રાજ્યોની સૂચિ બનાવો(A.Prof 57/2020-21)
1. બિહાર 2. ઓરિસ્સા
3. ગુજરાત 4. બંગાળ

(A) 3, 1, 4, 2 **(B) 3, 1, 2, 4**
(C) 1, 3, 4, 2 (D) 1, 3, 2, 4

155. ઈ.સ. 1206થી 1526 દરમ્યાન દિલ્હીમાં કુલ કેટલા વંશના શાસકોએ શાસન કર્યું હતું? (A.Prof 57/2020-21)
(A) સાત
(B) છ
**(C) પાંચ**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

156. ........ એ ભારત સાથે વ્યાપારિક જોડાણો માટે સીધા સમુદ્ર માર્ગો શોધનારા સૌ પ્રથમ હતા. (A.Prof 57/2020-21)
**(A) પોર્ટુગીઝો**
(B) ડચ
(C) અંગ્રેજો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

157. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના સમયે ગવર્નર જનરલ કોણ હતું? (A.Prof 57/2020-21)
(A) લોર્ડ રિપન
**(B) લોર્ડ ડફરીન**
(C) લોર્ડ લેન્સડાઉન
(D) લોર્ડ એલ્ગિન બીજો

158. નંદવંશની સ્થાપના કોણે કરી હતી? (A.Prof 57/2020-21)
(A) ધનનંદ (B) બિંબસાર
(C) શિશુનાગ **(D) પદ્મનાભ**

159. તાંબુ ગાળવાની ભઠ્ઠી નીચેનામાંથી કયા સ્થળેથી મળી આવેલા અવશેષોમાંથી મળેલ છે? (A.Prof 57/2020-21)

**(A) ધોળાવીરા** (B) કાલીબંગન

(C) લોથલ (D) હડપ્પા

160. પુલકેશી બીજોને યુદ્ધમાં પરાજિત કરીને તેના ઉપલક્ષ્યમાં નીચેનામાંથી કોણે વાતાપીકોંડની ઉપાધિ ધારણ કરી હતી? (A.Prof 57/2020-21)

(A) સિંહ વિષ્ણુ

(B) મહેન્દ્રવર્મન પ્રથમ

**(C) નરસિંહવર્મન પ્રથમ**

(D) નરસિંહવર્મન દ્વિતીય

161. ગુજરાતમાં કયા સ્થળે યોજાયેલ કાઉન્સિલમાં જૈન ગ્રંથોને લેખિતમાં મૂકવામાં આવ્યા હતા? (A.Prof 57/2020-21)

(A) પાલિતાણા **(B) વલ્લભી**

(C) પાટણ (D) સિદ્ધપુર

162. ગુપ્તોની સત્તવાર ભાષા કઈ હતી? (A.Prof 57/2020-21)

**(A) સંસ્કૃત** (B) માગધી

(C) પાલી (D) હિન્દી

163. નીચેના જોડકાં જોડીને યોગ્ય વિકલ્પ પંસદ કરો. (A.Prof 57/2020-21)

| | |
|---|---|
| a. કુતુબશાહી | i. વરાડ |
| b. આદિલશાહી | ii. બીજાપુર |
| c. ઈમાદશાહી | iii. બિડર |
| d. બરીદશાહી | iv. ગોલકોન્ડા |

(A) a - iv, b - ii, c - iii, d - i

(B) a - ii, b - iv, c - iii, d - i

**(C) a - iv, b - ii, c - i, d - iii**

(D) a - ii, b - iv, c - i, d - iii

164. નીચેના વાક્યો ચકાસો: (A.Prof 57/2020-21)

1. ગુજરાતમાં સોલંકી વંશની સ્થાપના મુળરાજ સોલંકીએ કરેલ હતી અને તેની રાજધાની અણહિલપુર (પાટણ) હતી.
2. મીનળદેવી ગુજરાતની પ્રથમ મહિલા શાસક હતી. તેઓએ મલાવ તળાવ અને મુનસર તળાવ બંધાવેલ હતા.
3. સિદ્ધરાજે પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ બાંધેલ અને ડભોઈ, વીરપુર વગેરે સ્થળોએ વાવ બંધાયેલ.

(A) 1, 2 અને 3 વાક્ય યોગ્ય છે.

**(B) 1 અને 2 વાક્ય યોગ્ય છે.**

(C) 2 અને 3 વાક્ય યોગ્ય છે.

(D) 1 અને 3 વાક્ય યોગ્ય છે.

165. આઝાદી પહેલા ગુજરાતમાં કોંગ્રેસના 4 અધિવેશનો ભરાયેલ હતા. તે માટેના જોડકાઓ પૈકી કયુ જોડકુ યોગ્ય નથી.

| સ્થળ | વર્ષ | અધ્યક્ષશ્રી |
|---|---|---|
| 1. અમદાવાદ | 1902 | સુરેન્દ્રનાથ બેનરજી |
| 2. સુરત | 1907 | રાસબિહારી ઘોષ |
| 3. અમદાવાદ | 1921 | ગાંધીજી |
| 4. હરિપુરા | 1938 | સુભાષચંદ્ર બોઝ |

**(A) 3** (B) 2

(C) 1 (D) 4

166. યુદ્ધ દરમ્યાન ભારતીયો દ્વારા બંડ પ્રેરક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા માટે નીચેના પૈકી કયા કમિશનની નિમણૂંક કરવામાં આવી હતી? (A.Prof.Botany 59/2020-21)

(A) સાયમન કમિશન

**(B) રોવલેટ્ટ કમિશન**

(C) મોન્ટેગ્યુ કમિશન

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

167. 18 મી સદીમાં સ્ત્રીઓની સામાજીક સ્થિતિ બાબતે નીચેના પૈકી ક્યું વિધાન ખોટું છે? (A.Prof.Botany 59/2020-21)

(A) બાળ વિવાહ સામાન્ય રીતે ઉત્તર ભારતમાં પ્રચલિત હતું.

**(B) સતીપ્રથા સામાન્ય રીતે દક્ષિણ ભારતમાં પ્રચલિત ન હતી.**

(C) 18મી સદીના અંતમાં વિધવાઓની સ્થિતિ વધુ વણસી.

(D) સ્ત્રી કેળવણી ઉપર પુરતું ધ્યાન આપવામાં આવતું ન હતું.

168. દેશના મહાનુભાવો તથા તેઓએ સ્થાપેલ સંસ્થાઓની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી? (A.Prof.Botany 59/2020-21)

(A) સ્વામી વિવેકાનંદ - રામકૃષ્ણ મિશન

(B) સર સૈયદ અહમદખાન - અલીગઢ મુસ્લિમ કોલેજ / યુનિવર્સિટી

**(C) શ્રી ઠક્કર બાપા - સ્ત્ય શોધક સમાજ**

(D) સ્વામી દયાનંદ સરસ્વતી - આર્ય સમાજ

169. છત્રપતી શિવાજી મહારાજ સંદર્ભમાં નીચેના પૈકી કયા વાક્યો સાચા છે? (A.Prof.Botany 59/2020-21)

1. તેઓ સમર્થ રામદાસના શિષ્ય હતા.
2. તેઓએ "ચૌથ" અને "સરદેશમુખી" પદ્ધતિ શરૂ કરેલ હતી.
3. તેઓ પ્રથમ પેશવા હતા.

**(A) 1 અને 2** (B) 1 અને 3

(C) 2 અને 3 (D) 1, 2 અને 3

170. કોંગ્રેસના લખનૌ સત્ર બાદ મવાળવાદી નેતાઓએ કોંગ્રેસ પક્ષ છોડી દીધો અને નવા પક્ષની સ્થાપના કરી. તે પક્ષ....ના નામે ઓળખાયો. (A.Prof.Botany 59/2020-21)

(A) રાષ્ટ્રીય પક્ષ
(B) કોંગ્રેસ સમાજવાદી પક્ષ
(C) સંઘવાદી
**(D) ભારતીય ઉદારવાદી સંગઠન અથવા ઉદાર પક્ષ**

171. ગુપ્ત વંશના શાસન હેઠળ પૂર્વભારતમાં વિરાય (જિલ્લા) અને ગ્રામ્ય ક્ષેત્ર વચ્ચે મધ્યવર્તી કક્ષાની પ્રથા હતી. તે નીચેના પૈકી કઈ હતી? (A.Prof.Botany 59/2020-21)
(A) પ્રદેશ **(B) વિથિ**
(C) આહરા (D) ભુક્તિ

172. વસ્તુપાલ અને તેજપાલે આબુ પર બંધવેલ લુણ વસહિનો (Luna Vasahi) નો સ્થપતિ કોણ હતો?
(A.Prof.Botany 59/2020-21)
**(A) શોભનદેવ**
(B) કીર્તિધર
(C) કીર્તિદેવ
(D) ઉપર પૈકી એકપણ નહીં

173. દિલ્હીમાં આવેલ લોહ સ્થંભ કોણે તૈયાર કરાવ્યો હતો?
(A.Prof.Botany 59/2020-21)
(A) કુમારગુપ્ત પહેલાએ
(B) ચંદ્રગુપ્ત પહેલાએ
**(C) ચંદ્રગુપ્ત બીજાએ**
(D) સમુદ્રગુપ્ત

174. 1802માં બેસીન સંધિ (Treaty of Bessein 1802) કોના વચ્ચે થયેલ હતી? (A.Prof.Botany 59/2020-21)
(A) બ્રિટીશ કંપની અને નવાબ
(B) બ્રિટીશ કંપની અને શીખ
(C) બ્રિટીશ કંપની અને ફ્રેન્ચ
**(D) બ્રિટીશ કંપની અને પેશવા**

175. 1874-75માં મહારાષ્ટ્રમાં જે ખેડુત આંદોલન થયેલ હતા તે કોની સામે થયેલ હતા?
(A.Prof.Botany 59/2020-21)
**(A) ધાનાઢ્ય શાહુકાર**
(B) મહેસુલ એકત્ર કરનાર
(C) અફીણ ઉગાડનારને પ્રોત્સાહન આપનાર
(D) મોટા જમીનદાર

176. અથર્વવેદમાં સભા અને સમિતિને કોની જોડકાં પુત્રીઓ કહેવામાં આવી છે? (As.Prof Histroy 61/2020-21)
**(A) પ્રજાપતિ** (B) વિષ્ણુ
(C) સુર્ય (D) વરૂણ

177. અનુવૈદિક યુગમાં કેટલા સંસ્કારોની નોંધ કરાઈ છે?(As.Prof Histroy 61/2020-21)
(A) 04 (B) 08
**(C) 16** (D) 20

178. નીચેનામાંથી કોનો પુરૂષાર્થોમાં સમાવેશ કરાયો નથી?(As.Prof Histroy 61/2020-21)
(A) ધર્મ (B) અર્થ
**(C) કર્મ** (D) મોક્ષ

179. નીચેનામાંથી કયા રાજ્યના સપ્તાંગના અંગ છે?
(As.Prof Histroy 61/2020-21)
1. સ્વામી 2. આમાત્ય
3. દુર્ગ 4. મિત્ર
(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4**
(C) 2, 3 (D) 1, 4

180. 'તુરકાન-એ-ચહલગાની' એ .......... ના શાસનમાં પોતાનો પ્રભાવ ગુમાવી દીધો હતો.
(As.Prof Histroy 61/2020-21)
(A) રઝિયા (B) નાસિરૂદીન મહમુદ
(C) ઈલ્તુતમિશ **(D) બલબન**

181. 'સયુરધલ' નો અર્થ શું છે?
(As.Prof Histroy 61/2020-21)
**(A) ભાડા રહીતની જમીન**
(B) વારસાઈ જમીન
(C) વચેટીયાઓને અપાયેલી જમીન
(D) શક્તિશાળી જમીનદાર વર્ગ

182. 'મદદ-એ-માશ' અનુદાન શું હતું?
(As.Prof Histroy 61/2020-21)
(A) પ્રજાના નભાળા વિભાગને અપાયેલી ગ્રાંટ
(B) લશ્કરી અમલદારોને અપાયેલી ગ્રાંટ
**(C) ધાર્મિક પવિત્ર સ્થળોને તથા વિદ્વાનોને અપાયેલી ગ્રાંટ**
(D) વેપારીઓને અપાયેલી ગ્રાંટ

183. ઉપયોગિતાવાદનો સિદ્ધાંત કોણે રજુ કોર્યો હતો?
(As.Prof Histroy 61/2020-21)
**(A) જેરેમી બેન્થમ**
(B) થોમસ પેઈન
(C) થોમસ બેબીંગટન મેકોલે
(D) રૂસો

184. બ્રિટિશરો દ્વારા કાયા પ્રદેશમાં મહાલવારી પ્રથા દાખલ કરવામાં આવી હતા? (As.Prof Histroy 61/2020-21)
(A) મદ્રાસ **(B) પંજાબ**
(C) ગુજરાત (D) મૈસુર

185. ખાલસા નીતીનો અમલ .......એ કર્યો હતો.
(As.Prof Histroy 61/2020-21)
(A) લોર્ડ હેસ્ટીંગ (B) લોર્ડ વેલેસ્લી
**(C) લોર્ડ ડેલહાઉસી** (D) લોર્ડ કેનીંગ

186. નીચેનામાંથી કોને સ્તૂપનો શ્રેષ્ઠ નમુનો ગણવામાં આવે છે?(As.Prof Histroy 61/2020-21)
(A) ભારહુત (B) ધૌલાગિરી
(C) સારનાથ **(D) સાંચી**

187. નીચેનામાંથી કયું કથક સાચું છે?

(As.Prof Histroy 61/2020-21)
1. હરપ્પાનું ઉત્ખનન દયારામ સાહનીએ કર્યું હતું
2. મોહેંજોદડોનું ઉત્ખનન 1920માં કરાયું હતું
3. લોથલ ભોગાવો નદીના કાંઠે આવેલું હતું
4. ધોળાવીરાના ઉત્ખનનકર્તા આર. ડી. બેનર્જી હતાં.
(A) 1, 2, 3 **(B) 1, 3**
(C) 1, 4 (D) 2, 3, 4

188. નીચેનામાંથી કઈ જોડીઓ સાચી છે?
(As.Prof Histroy 61/2020-21)
1. કાલિબંગન - રાજસ્થાન
2. ચન્હુંદરો - પંજાબ
3. રોજડી - ગુજરાત
4. બાનાવલી - હરયાણા
**(A) 1, 3, 4** (B) 1, 4
(C) 1, 2, 3 (D) 3, 4

189. કયા દેશો સાથે સિંધુ સંસ્કૃતિના લોકોના વેપારી સંબંધો હતા?(As.Prof Histroy 61/2020-21)
1. મોસોપોટેમિયા 2. ઈજીપ્ત
3. ઈરાન 4. અફઘાનિસ્તાન
(A) 1, 2 (B) 2, 3
(C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

190. પ્રાચીન ભારતીય ઈતિહાસના અભ્યાસ માટેની નીચેનામાંથી કયા મહત્વના સાધનો છે?
(As.Prof Histroy 61/2020-21)
1. અશ્વઘોષનું બુદ્ધચરિત
2. સમુદ્રગુપ્તની પ્રયાગ પ્રશસ્તિ
3. સોમેશ્વરનું કીર્તિ કૌમુદી
4. પતંજલિનું મહાભાષ્ય
(A) 1, 2 (B) 1, 2, 3
**(C) 1, 2, 3, 4** (D) 2, 4

191. પુરાતત્વને મહાન પ્રદાન કોના દ્વારા આપ્યું હતું ?
(As.Prof Histroy 61/2020-21)
1. ફર્ગ્યુસન 2. કનિંઘમ
3. ડૉ. રાજેન્દ્ર લાલ મિત્ર 4. ડૉ. ભાઉદાજી
**(A) 1, 2, 3, 4** (B) 3, 4
(C) 1, 3 (D) 1, 2, 4

192. નીચેનામાંથી કયું જોડકું સાચું છે?
(As.Prof Histroy 61/2020-21)
1. વેદાંગ - 06
2. ઉપનિષદો - 18
3. ગાંધર્વ વેદ- સંગીત સાથે સંબધિત
4. ધનુર્વેદ - યુદ્ધકળા સાથે સંબધિત
(A) 1, 2 **(B) 1, 3, 4**
(C) 2, 3 (D) 2, 3, 4

193. આર્યોના મૂળ વતન અંગે નીચેનામાંથી કાયા જોડકા સાચાં છે? (As.Prof Histroy 61/2020-21)

| સમર્થક | સ્થળ |
|---|---|
| 1. મેકસ મલુર | પશ્ચિમ યુરોપ |
| 2. બી. જી. તિલક | આર્કટિક પ્રદેશ |
| 3. સ્વામિ દયાનંદ સરસ્વતી | તિબેટ |
| 4. એ. સી. દાસ | સપ્ત સિંઘવ પ્રદેશ |

(A) 1, 2 (B) 1, 2, 3
(C) 1, 2, 3, 4 **(D) 2, 3, 4**

194. કેટલાક લોકો ........ ને વેદ માનતા નથી.
(As.Prof Histroy 61/2020-21)
**(A) અથર્વવેદ** (B) ઋગ્વેદ
(C) સામવેદ (D) યજુર્વેદ

195. 16 મહાજનપદોમાંથી કયા ચાર મહાજનપદો શક્તિશાળી પૂરવાર થાય? (As.Prof Histroy 61/2020-21)
(A) અંગ, મગધ, કોસાંબી, કુરૂ
**(B) વત્સ, અવંતિ, મગધ, કોસલ**
(C) પંચાલ, મત્સ્ય, ગાંધાર, કાશી
(D) સૂરસેન, વસ્ત, અશ્મક, ચેદી

196. નીચેનામાંથી કયા જોડકાં સાચા છે?
(As.Prof Histroy 61/2020-21)
1. મલ્લિનાથ - એકમાત્ર સ્ત્રી તીર્થંકર
2. નેમિનાથ - શ્રી કૃષ્ણના પિતરાઈ
3. અણોજ્જા - મહાવીરની પુત્રી
4. મહાવીર - પાવાપુરી ખાતે મૃત્યુ
(A) 1, 2 (B) 1, 3, 4
**(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

197. નીચેનામાંથી કયા કથનો સાચા છે
(As.Prof Histroy 61/2020-21)
1. જૈન દર્શનમાં સ્યાદવાદનું મહત્વનું સ્થાન છે.
2. જૈન સાધુ ભદ્રબાહુ પોતાના શિષ્યો સાથે શ્રવણબેલગોલા ગયા હતા.
3. અલાર કલામે ગૈતમ બુદ્ધને ધ્યાનની વિશેષ પદ્ધતિ સમજાવી હતી.
4. ગૌતમ બુદ્ધે સપ્તાંગ માર્ગનો ઉપદેશ આપ્યો હતો.
(A) 1, 3 (B) 1, 4
(C) 2, 3, 4 **(D) 1, 2, 3**

198. નીચેનામાંથી કયા જોડકાં સાચાં છે?
(As.Prof Histroy 61/2020-21)
1. પ્રથમ જૈન પરિષદનું સ્થળ - પાટલીપુત્ર
2. પ્રથમ બૌદ્ધ પરિષદનું સ્થળ - રાજગૃહ
3. પ્રથમ જૈન મહિલા સાધ્વી - ચંદના
4. ગૌતમ બુદ્ધના પ્રથમ ઉપદેશનું સ્થાન - સારનાથ
**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3
(C) 2, 4 (D) 1, 2, 4

199. ભારત ઉપરના સિકંદરના આક્રમણની નીચેનામાંથી કઈ અસરો હતી? (As.Prof Histroy 61/2020-21)
1. તેણે દેશના રાજકીય એકીકરણ વેગ આપ્યો
2. તેણે વેપારના નવા માર્ગો ખોલ્યા
3. પશ્ચિમ અને પૂર્વ વચ્ચેની ભેદરેખા તેણે દૂર કરી.
4. મૂર્તિકળાની ગાંધાર શૈલી નામની નવી શૈલી અસ્તિત્વમાં આવી.
(A) 1, 2 (B) 2, 3
**(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

200. કઈ નદીના કિનારે સિકંદર અને પોરસની સેના સામસામે આવી? (As.Prof Histroy 61/2020-21)
(A) બિઆસ **(B) ઝેલમ**
(C) રાવી (D) ચિનાબ

201. મૌર્યોનો ઈતિહાસ લખવા માટે નીચેનામાંથી કયા સાધનો મહત્વના છે? (As.Prof Histroy 61/2020-21)
1. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
2. મેગેસ્થનીસની ઈન્ડીકા
3. અશોકના શિલાલેખો
4. સિલોનના દિપવંશ અને મહાવંશ
(A) 1, 2 (B) 2, 3
(C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

202. અશોકના કયા લેખમાં કલિંગના યુદ્ધનું વર્ણન આપવામાં આવ્યું? (As.Prof Histroy 61/2020-21)
(A) X (B) XI
(C) XII **(D) XIII**

203. ચંદ્રગુપ્ત મૌર્યે સેલ્યુકસને ભેટમાં શું આપ્યું હતું? (As.Prof Histroy 61/2020-21)
**(A) 500 યુદ્ધ હાથીઓ**
(B) 2000 ઘોડાઓ
(C) 5000 ગાયો
(D) 10000 બળદો

204. નીચેનામાંથી કયું કથન મૌર્ય વહીવટતંત્ર અંગે સાચું છે. ? (As.Prof Histroy 61/2020-21)
1. મૌર્ય સેનાનું નિયંત્રણ 30 સભ્યોની એક સમિતિ કરતી હતી.
2. સેનાનીનો માસિક પગાર 8000 પણ હતો.
3. દીવાની અદાલત ધર્મસ્થીય કહેવાતી હતી.
4. મેગેસ્થનીસ અનુસાર પાટલીપુત્રના નગર વહીવટીમાં પરદેશીઓની દેખરેખ રાખવા એક સમિતિ હતી.
(A) 1, 2 **(B) 1, 3, 4**
(C) 1, 2, 3, 4 (D) 3, 4

205. અમિત્રધાતનું બિરૂદ કોને આપવામાં આવ્યું હતું ? (As.Prof Histroy 61/2020-21)
(A) બિંબસારને (B) અજાત શત્રૂને
**(C) બિંદુસારને** (D) સુષિમને

206. યાદી I ને II સાથે યોગ્ય રીતે જોડો

| **યાદી I** | **યાદી II** |
|---|---|
| a. દંડિની | 1. મુદ્રારાક્ષક |
| b. વિષ્ણુ શર્મા | 2. કુમાર સંભવ |
| c. કાલિદાસ | 3. પંચતંત્ર |
| d. વિશાખદત્ત | 4. દશકુમાર ચરિત |

(A) a - 3, b - 2, c - 1, d - 4
**(B) a - 4, b - 3, c - 2, d - 1**
(C) a - 2, b - 4, c - 1, d - 3
(D) a - 1, b - 3, c - 4, d – 2

207. નીચેનામાંથી કયાં જોડકાં સાચાં છે? (As.Prof Histroy 61/2020-21)
1. મૌર્યનો છેલ્લો રાજા - બૃહદ્રથ
2. શુંગોનો છેલ્લો રાજા - દેવભૂતિ
3. કણ્વોનો છેલ્લો રાજા - સુશર્મા
4. સાતવાહનનો છેલ્લો મહાન રાજા - યજ્ઞશ્રી શાતકર્ણી
(A) 1, 2 (B) 2, 3
(C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

208. નીચેનામાંથી કયુ કથન શુંગો વિષે સાચો છે? (As.Prof Histroy 61/2020-21)
1. પુષ્યમિત્ર શુંગે બે અશ્વમેધ યજ્ઞ હતા.
2. પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રો વિદર્ભની રાજકુંવરી માલવિકા સાથે લગ્ન કર્યો હતા.
3. પુષ્યમિત્રના શાસનમાં પતંજલિએ 'મહાભાષ્ય' લખ્યું હતું.
4. શુંગોએ બેસનગરનો ગરૂડ સ્તંભ બંધાવ્યો હતો.
(A) 1, 2 (B) 3, 4
(C) 1, 2, 3, 4 **(D) 1, 2, 3**

209. નીચેનામાંથી કયા કથક સાચા છે? (As.Prof Histroy 61/2020-21)
1. ઈંડો-ગ્રીક શાસક મિનાંડરની રાજધાની પંજાબના શાકલમાં હતી.
2. ગ્રીક લેખક નોંધ છે કે મિનાંડરે સિકંદર કરતાં પણ વધુ દેશો જીત્યા હતા.
3. મિનાંડરે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો.
4. મિલિન્દપહનો પુસ્તકમાં મિનાંડરે પુછેલા પ્રશ્નોના બૌદ્ધ સાધુ નાગાર્જુન આપેલ જવાબોનો સમાવેશ કરાયો છે.
(A) 1, 2 (B) 2, 3, 4
(C) 1, 2, 3, 4 **(D) 1, 2, 3**

210. નીચેનામાંથી કયું જોડકું સાચું છે? (As.Prof Histroy 61/2020-21)
1. શ્રી શાતકર્ણી – દક્ષીણાપથનો સ્વામી
2. શ્રી શાતકર્ણીની રાજધાની -પ્રતિષ્ઠાણ

3. સાતવાહનોની પ્રથમ સ્ત્રી શાસક - નયનિકા
4. ગૌતમીપુત્ર શાતકર્ણી - ત્રણ સમુદ્રોના પાણી પીનારનું બિરૂદ

**(A) 1, 2, 3, 4** (B) 1, 3
(C) 2, 4 (D) 1, 2, 3

211. નીચેનામાંથી કયા કથનો ખારવેલ અંગે સાચા છે?(As.Prof Histroy 61/2020-21)
1. તેણે કલિંગની દિવાલો, દરવાજાઓ અને મકાનોનું સમારકામ કરાવેલું.
2. તેણે કલિંગાધિપતિનું બિરૂદ મેળવ્યું હતું.
3. તેણે હાથીગુમ્ફ/ગુફામાં એક શિલાલેખ કોતરાવેલો.
4. તે ચિત્રકળાનો શોખીન હતો.

(A) 1, 4 **(B) 1, 2, 3**
(C) 1, 2, 3, 4 (D) 2, 3

212. નીચેનામાંથી કયા કથનો કનિષ્ક અંગે સાચાં છે?
(As.Prof Histroy 61/2020-21)
1. તેણે કાશમીરમાં ચોથી બૌદ્ધ પરિષદ બોલાવી હતી.
2. તેણે બૌદ્ધ ધર્મનો મહાયાન સંપ્રદાય શરૂ કાર્યો હતો.
3. તેણે પોતાની રાજધાની પુરુષપુરમાં એક $40^0$ ઊંચો મિનારો બંધાવ્યો હતો.
4. તેના રાજ્યાભિષેકનું વર્ષ ઈ.સ. 78 એ આપણા રાષ્ટ્રીય પંચાંગનું પ્રારંભનું વર્ષ તરીકે સ્વીકારાયું છે.

(A) 1, 2 (B) 3, 4
(C) 1, 2, 4 **(D) 1, 2, અને 4**

213. સંગમ સાહિત્ય કઈ ભાષામાં લખાયું હતું?
(As.Prof Histroy 61/2020-21)

(A) તેલુગ (B) કન્નડ
**(C) તમિલ** (D) સંસ્કૃત

214. નીચેનામાંથી કયા કથનો સાચાં છે?
(As.Prof Histroy 61/2020-21)
1. તોલક્કાપિયમ એ વ્યાકરણનો ગ્રંથ છે.
2. શિલ્લપદીકારમ અને મણિમેખલાઈને દક્ષિણ ભારતના રામાયણ અને મહાભારત ગણવામાં આવે છે.
3. શિલ્લપદીકારમ એ એક પતિવ્રતા પત્નીના આત્મા બલિદાનની કથા છે?
4. 'કુરલ' ને તમિલનાડુનું બાઈબલ ગણવામાં આવે છે.

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4
(C) 2, 3 (D) 1, 2

215. નીચેનામાંથી કયા જોડકાં સાચાં?
(As.Prof Histroy 61/2020-21)
1. સમુદ્રગુપ્ત - પ્રાચીન ભારતનો નેપોલિયન
2. ચંદ્રગુપ્ત 2 - ચંદ્રાદિત્ય
3. કુમારગુપ્ત - મહેન્દ્રાદિત્ય
4. સ્કંદગુપ્ત - કુમારાદિત્ય

(A) 1, 2, 3, 4 **(B) 1, 3, 4**
(C) 1, 2 (D) 2, 3

216. નીચેનામાંથી કયા કથનો સાચાં છે?
(As.Prof Histroy 61/2020-21)
1. સમુદ્રગુપ્તનો સ્તંભ લેખ આલાહબાદમાં છે.
2. આ લેખ સંસ્કૃતમાં છે.
3. આ લેખનો મુસદ્દો દરબારી કવિ હરિષેણે તૈયાર કર્યો હતો.
4. આ સ્તંભની બીજી બાજુએ અશોકનો ધર્મનિજય લખેલો છે.

(A) 1, 3 (B) 2, 4
**(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

**(B) કાકોરી ષડયંત્ર**
(C) કેન્દ્રીય સભાગ્રહ બોંબ કેસ
(D) 1922નો રાંપા બળવો

444. નીચે દર્શાવેલ વંશને કાળક્રમાનુસાર ગોઠવીને યોગ્ય વિકલ્પ પસંદ કરો. (Office superi.dent 99/2020-21)
(I) ગુલામ વંશ
(II) ખીલજી વંશ
(III) તઘલક વંશ
(IV) સૈયદ વંશ
**(A) (I), (II), (III), (IV)**
(B) (I), (III), (II), (IV)
(C) (I), (IV), (II), (III)
(D) (II), (I), (IV), (III)

445. ઈ.સ. 1615માં જહાંગીરના દરબારમાં ઈંગ્લેન્ડના રાજા જેમ્સ પહેલાના રાજદૂત તરીકે કોણ આવેલ હતું?
(Office superi.dent 99/2020-21)
(A) કેપ્ટન વિલિયમ હોકિન્સ
(B) કેપ્ટન વિલિયમ બેન્ટિગ
**(C) સર થોમસ રો**
(D) ઉપર પૈકી એકપણ નહીં

446. વિક્રમશીલા યુનિવર્સીટીની સ્થાપના કયા રાજવીએ કરી હતી? (Office superi.dent 99/2020-21)
(A) ગોપાલ (B) જયસિંહા
(C) પુષ્યભૂતિ **(D) ધર્મપાલ**

447. વાંદીવાશની લડાઈ, 1760 (Wandiwash) માં અંગ્રેજ લશ્કરનો કમાન્ડર કોણ હતો?
(Office superi.dent 99/2020-21)
(A) સર જ્હોન લોરેન્સ
(B) એડમિરલ વોટસન
**(C) જનરલ આયર કૂફ (Eyre Coof)**
(D) કાઉન્ટ ડી લીલી

448. રેગ્યુલેટીંગ એક્ટ, 1773 પાસ થયો એ સમયગાળામાં ઈંગ્લેન્ડના વડાપ્રધાન તરીકે કોણ હતું?
(Office superi.dent 99/2020-21)
**(A) લોર્ડ નોર્થ**
(B) લોર્ડ મેયો
(C) લોર્ડ એકટન
(D) સર વિલિયમ જોન્સ

449. યાદી - અ અને યાદી - બ ને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો. (Office superi.dent 99/2020-21)

| અ | બ |
|---|---|
| a. પ્રથમ એંગ્લો-મૈસુર યુદ્ધ | 1. ટ્રીટી ઓફ મેંગ્લોર |
| b. બીજું એંગ્લો-મૈસુર યુદ્ધ | 2. ટીપુ સુલતાનનું અવસાન |
| c. ત્રીજું એંગ્લો-મૈસુર યુદ્ધ | 3. ટ્રીટી ઓફ મદ્રાસ |
| d. ચોથું એંગ્લો-મૈસુર યુદ્ધ | 4. ટ્રીટી ઓફ સેરીંગપટ્ટનમ |

(A) a - 3, b - 2, c - 4, d - 1
(B) a - 3, b - 4, c - 1, d - 2
**(C) a - 3, b - 1, c - 4, d - 2**
(D) a - 2, b - 3, c - 1, d - 4

450. પ્રાચીન ભારતના આક્રમણકારોના સંદર્ભે નીચેના પૈકી કયું સાચા કાલક્રમિક ક્રમમાં છે?
(Office superi.dent 99/2020-21)
**(A) યુનાની - શક - કુશાણ**
(B) યુનાની - કુશાણ - શક
(C) શક - યુનાની - કુશાણ
(D) શક - કુશાણ - યુનાની

451. નીચેના પૈકી આદિવાસી વિદ્રોહને કારણે માનવ બલિ પર પ્રતિબંધ મૂક્યો હતો?

(Office superi.dent 99/2020-21)
(A) સંથાલ વિદ્રોહ (B) રામ્યા વિદ્રોહ
**(C) ખોંડ વિદ્રોહ** (D) મુંડા વિદ્રોહ

452. નીચેના પૈકી કયા અધિનિયમથી ભારતમાં દ્વિસદનીયતાની પદ્ધતિ શરૂ થઈ?
(Office superi.dent 99/2020-21)
(A) ચાર્ટર એક્ટ, 1853
**(B) ભારત સરકાર અધિનિયમ, 1919**
(C) ભારત સરકાર અધિનિયમ, 1858
(D) ભારત સરકાર અધિનિયમ, 1935

453. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(Office superi.dent 99/2020-21)
1. ઐહોલ પલ્લવોની રાજધાની હતી.
2. કાંચીપુરમ્ ચાલુકયોની રાજધાની હતી.
(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
**(C) બંને વિધાનો ખોટાં છે.**
(D) બંને વિધાનો સાચાં છે.

454. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(Office superi.dent 99/2020-21)
1. ગાંધીજીએ 25મી મે 1915 ના દિવસે અમદાવાદના કોચરબમાં “સત્યાગ્રહ” આશ્રમની સ્થાપના કરી હતી.
2. ગાંધીજીએ ચંપારણના મોતીહારી ગામમાં રહીને ચંપારણ સત્યાગ્રહની લડત ચલાવી હતી.
(A) બંને વિધાનો ખોટાં છે.
**(B) બંને વિધાનો સાચાં છે.**
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

455. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(Office superi.dent 99/2020-21)
1. સિમલા પરિષદનું તા. 25/06/1945 ના રોજ મળેલ હતી.
2. ગાંધીજીએ આ પરિષદની કાર્યવાહીમાં ભાગ લીધો હતો.
(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
**(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.**
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

456. સ્કંદગુપ્ત સમયમાં સૌરાષ્ટ્રનો (ગુજરાતનો) સુબો કોણ હતો? (Assi.dire Boilers 23/2020-21)
(A) તુશાષ્પ **(B) પર્ણદત્ત**
(C) સુવિશાખ (D) ચક્રપાલિત

457. મુંબઈ ખાતે આવેલ કયા મેદાન/ પાર્કમાથી 8 ઓગસ્ટ 1942 ના રોજ ‘હિંદ છોડો આંદોલન’ ગાંધીજીના નેતૃત્વમાં કરેંગે યા મરેંગે’ ના નારા સાથે શરૂ કર્યુ.
(Assi.dire Boilers 23/2020-21)
(A) ઓવલ મેદાન (B) ભકિતપાર્ક, વડાલા
(C) અલમેડા પાર્ક, બાંદ્રા **(D) ગ્વાલિયા ટેંક મેદાન**

458. આજના ચેન્નઈ અથવા મદ્રાસનું અંગ્રેજ કાલીન નામ શું હતું? (Assi.dire Boilers 23/2020-21)
(A) ચીન્સૂરા
**(B) ફોર્ટ સેન્ટ જ્યોર્જ**
(C) ફોર્ટ કર્નલ
(D) ફોર્ટ સેન્ટ ડેવિડ

459. ભારત પાકિસ્તાનના ભાગલા પછી બંને દેશોની મિલકત અને જવાબદારીઓની વહેચણીમાં મહત્વની ભૂમિકા ભજવનાર ગુજરાતી મહાનુભાવ કોણ હતા?
(Assi.dire Boilers 23/2020-21)
(A) મોરારજી ભાઈ દેસાઈ
(B) કનૈયાલાલ મુન્શી
(C) ગણેશ વાસુદેવ માવલંકર
**(D) એચ.એમ. પટેલ**

460. 1930 માં બ્રિટિશ કાપડનો બહિષ્કાર કરવાની લડતમાં શહીદી વહોરનાર મુંબઈનો સત્યાગ્રહી કોણ હતું?
(Assi.dire Boilers 23/2020-21)
(A) ગંગાસિંહ (B) બાબુ નાયક
**(C) બાબુ ગન્નુ** (D) બાબુ હુલે

461. શિવાજીનો શાસ્ત્રોકત વિધિથી રાયગઢના કિલ્લા ખાતે “છત્રપતિ” તરીકે રાજ્યાભિષેક કરાવનાર સુપ્રસિદ્ધ પંડિત કોણ હતા? (Assi.dire Boilers 23/2020-21)
(A) વામન
**(B) ગાગાભટ્ટ (વિશ્વેશ્વર ભટ્ટ)**
(C) મોરો પંત
(D) ગણેશ વાસુદેવ

462. સર જદુનાથ સરકારે કોને ‘સંયુકત લશ્કરોનો કુશળ સંચાલક’ કહ્યો છે? (Assi.dire Boilers 23/2020-21)
(A) શિવાજી
**(B) અંબરનો રાજા જયસિંહ**
(C) બાજીપ્રભુ દેશપાંડે
(D) શાઈસ્તખાન

463. આબુ દેલવાડાનું પિત્તલહર મંદિરમાં હાલની 108 મણ પિત્તળની વિશાળ પ્રતિમા આદિશ્વરની વિ.સં. 1525 માં કોણે પધરાવી હતી? (Assi.dire Boilers 23/2020-21)
(A) ભીમાશાહ
**(B) મંત્રી સદર અને મંત્રી ગદા**
(C) સંઘવી માંડલિક
(D) શાહ વિજ્યા અને રાજિયા

464. વેગડાજી ભીલ અને હમીરજી ગોહિલ શાની રક્ષા માટે લડતાં લડતાં શહીદ થયા હતા?

(Assi.dire Boilers 23/2020-21)
(A) સૂર્ય મંદિર મોઢેરાની રક્ષા કાજે
**(B) સોમનાથ મંદિરની રક્ષા**
(C) ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરના રક્ષણ કાજે
(D) દ્વારકાધીશ મંદિર, દ્વારકા

465. કયા રાજવીના શાસનકાળ દરમિયાન કવિવર રવિન્દ્રનાથ ટાગોરે રાજકોટની મુલાકાત લીધી હતી?
(Assi.dire Boilers 23/2020-21)
(A) વિભાજી જાદેજા (B) રાજા બાવાજીરાજ
**(C) લાખાજીરાજ** (D) ધર્મેન્દ્ર સિંહજી

466. 'પ્રબંધ ચિંતામણિ' નામે ઐતિહાસિક કાવ્ય ગ્રંથની રચના કોણે કરેલી છે? (Assi.dire Boilers 23/2020-21)
**(A) મેરૂત્તુંગાચાર્ય** (B) સોમેશ્વર દત્ત
(C) જયસિંહ સુરિ (D) હેમચંદ્રાચાર્ય

467. "બારડોલીની લડત તો પ્રજાકીય પાઠશાળા છે અને સરદાર તેના આચાર્ય છે" એવી ઉપમા આપીને કયા મહાનુભાવ લોકોને સ્વરાજની લડતમાં જોડતા હતા? \
(Assi.dire Boilers 23/2020-21)
**(A) પૂ. રવિશંકર મહારાજ**
(B) જુગતરામ દવે
(C) શિવાનંદ સ્વામી
(D) આનંદશંકર ધ્રુવ

468. "કચ્છનું બન્ની પ્રદેશ" બન્ની પ્રકારનું ઘાસ તથા ભૂંગા પ્રકારના ઝૂંપડાઓ માટે જાણીતા છે. આ ભૂંગાના સમૂહને શું કહેવામાં આવે છે? (Assi.dire Boilers 23/2020-21)
(A) કૂબા (B) ઢુવા
**(C) વાંઢ** (D) ટીંબા

469. નીચે આપેલા રજવાડાઓને તેમના રાજાઓના નામ સાથે યોગ્ય રીતે જોડો. (Assi.Engg civil 32/2019-20)

| A | B |
|---|---|
| a. લિંબડી | i. ગોવિંદરાવ |
| b. પોરબંદર | ii. નટવર સિંહ |
| c. ગોંડલ | iii. જશવંત સિંહ |
| d. વડોદરા | iv. ભગવત સિંહ |

(A) a - ii, b - iii, c - i, d - iv
(B) a - ii, b - i, c - iv, d - iii
(C) a - i, b - iv, c - iii, d - ii
**(D) a - iii, b - ii, c - iv, d - i**

470. મુઘલ રાજકુમાર (Maghal Prince) દારા સિકોહ એ ઉપનિષદોને ____________ શીર્ષક હેઠળ ફારસી
(Assi.Engg civil 32/2019-20)
(Persian) માં અનુવાદ કરાવ્યા.
(A) મજમા-ઉલ-બહરીન (Majma-ul-Baharain)
(B) વાહાદાત-ઉલ-વુજુદ (Walhadat-ul-Wujud)
**(C) સીર-એ-અકબર (Sirr-e-Akber)**
(D) સુફીનત-ઉલ-ઓલિયા (Safinat-ul-Auliya)

471. લોર્ડ વેલેસ્લીએ અપનાવેલી 'સહાયકારી યોજના' વિશે નીચેનામાંથી કયું વિધાન સત્ય નથી ?
(Assi.Engg civil 32/2019-20)
(A) સહાયક ભારતીય રાજયના શાસકને પોતાના રાજ્યક્ષેત્રમાં બ્રિટિશ દળના કાયમી સ્થાનકને સ્વીકારવા અને તેના નિભાવ માટે ખર્ચ આપવા ફરજ પાડી.
(B) શાસકના દરબારમાં બ્રિટિશ નાગરિકની નિમણૂંક કરવામાં આવે.
(C) બ્રિટીશરોને એ શાસકને બ્રાહ્ય ભય સામે રક્ષણ આપશે.
**(D) ઉપરનાં પૈકી એક પણ નહિં.**

472. નીચેના પૈકી કઈ સંસ્થા/ સંસ્થાઓ મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવી ? (Assi.Engg civil 32/2019-20)
1. ગ્રામ ઉદ્યોગ સંઘ
2. તાલીમી સંઘ
3. ગૌ સુરક્ષા મંડળ
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
**(A) 1, 2 અને 3** (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

473. નીચેના વિધાનો પૈકી કયા વિધાનો સત્ય નથી ?
(Assi.Engg civil 32/2019-20)
1. 8મી સદીમાં સ્તંભતીર્થ આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વિકસ્યું હતું.
2. મહાન ક્ષત્રપ રૂદ્રદામને સહસ્ત્રલિંગ તળાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
3. ચીની મુસાફર હ્યુએન શ્વાંગે વલભી વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી.
4. વિધાન વાગ્ભટ્ટને રાજા સિદ્ધારાજ જયસિંહને રાજ્યાશ્રય આપ્યો હતો.
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 3 **(B) માત્ર 1 અને 2**
(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2, 3 અને 4

474. 1893 માં ______________ના મુદ્દા પર આર્ય સમાજમાં ભાગલા પડયા.
(Assi.Engg civil 32/2019-20)
(A) અન્ય ધર્મના લોકોને હિંદુ ધર્મમાં રૂપાંતરીત કરવા.
(B) વિધવા પુનર્લગ્નની વૈદિક પવિત્રતા અને તેનો સામાજીક દરજ્જો.
(C) આર્ય સમાજના વિચારોના પ્રચારોનું માધ્યમ.
**(D) ઉપરના પૈકી એક પણ નહિં.**

475. નીચે આપેલા યુગ્મોને યોગ્ય રીતે જોડો.
(Assi.Engg civil 32/2019-20)

**A** **B**

a. વેણીભાઈ મિલ    i. પોરબંદર
b. આયના મહેલ    ii. મોરબી
c. પરશુરામ પોટરીઝ    iii. ભૂજ
d. મહારાણા મિલ    iv. ભાવનગર

(A) a - i, b - ii, c - iv, d - iii
(B) a - iii, b - i, c - ii, d - iv
**(C) a - iv, b - iii, c - ii, d - i**
(D) a - i, c - iv, c - iii, d - ii

476. 1935ના ભારત સરકારના અધિનિયમ દ્વારા સ્થાપિત સંઘમાં અંતર્ગત સત્તાઓ (residuary power) એ__________ને આપવામાં આવી.
(Assi.Engg civil 32/2019-20)
(A) સંઘ વિધાનસભા    **(B) ગવર્નર જનરલ**
(C) પ્રાંતિક વિધાનસભા(D) પ્રાંતિક ગવર્નર

477. ગુજરાતના સંગીતનૃત્ય બાબતે નીચે આપેલા વિધાનો પૈકી કયા વિધાનો સત્ય નથી ?
(Assi.Engg civil 32/2019-20)
1. ટિપ્પણી નૃત્ય એ ડાંગના આદિવાસી ક્ષેત્રમાં ઉદભવેલું છે.
2. પઠારનૃત્ય એ ભાલના નળસરોવર ક્ષેત્રના માછીમારોનું સમુહગાન છે.
3. ગેબી નૃત્ય એ સ્ત્રીઓ દ્વારા ભકિતગીત સાથે ધાર્મિક પ્રસંગોએ કરાતું નૃત્ય છે.
4. ભવાઈ એ સામાજીક પ્રશ્નોને વ્યંગાત્મક રીતે રજૂ કરે છે.
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 2 અને 3    **(B) માત્ર 2, 3 અને 4**
(C) માત્ર 1 અને 2    (D) માત્ર 1, 3 અને 4

478. 1537 માં પોર્ટુગીઝોએ ગુજરાતના સૌરાષ્ટ્ર કિનારે __________ બંદર જપ્ત કરી લીધું.
(Assi.Engg civil 32/2019-20)
**(A) દીવ**    (B) ખંભાત
(C) ભરૂચ    (D) રાંદેર

479. નીચે સાહિત્યકૃતિને તેમના સાહિત્યકારો સાથે જોડેલી છે. આ યુગ્મ પૈકી કયાં યુગ્મ સાચાં છે ?
(Assi.Engg civil 32/2019-20)

| A | B |
|---|---|
| 1. માનવીની ભવાઈ | પન્નાલાલ પટેલ |
| 2. ચહેરાબકુલ મહેતા | |
| 3. ભદ્રંભદ્ર | રા.વિ. પાઠક |
| 4. મિથ્યાભિયાન | દલપતરામ |

(A) માત્ર 1 અને 2    (B) માત્ર 2 અને 4
**(C) માત્ર 1 અને 4**    (D) માત્ર 1, 2 અને 3

480. ધરમાત (Dharmat) નું યુદ્ધ ____________વચ્ચે લડાયું. (Assi.Engg civil 32/2019-20)
(A) મોહંમદ ઘોરી અને જયચંદ
**(B) ઔરંગઝેબ અને દારા સિકોહ**
(C) બાબર અને અફઘાનો
(D) અહમદશાહ દુરાહી અને મરાઠાઓ

481. લખનૌ કરાર બાબતે નીચેના પૈકી કયું વિધાન/ કયા વિધાનો સત્ય નથી ? (Assi.Engg civil 32/2019-20)
(A) તેના દ્વારા કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે એકતા આવી.
(B) આ કરારમાં સહી કરવામાં તિલક અને ઝીણા બંને એ મહત્વની ભૂમિકા ભજવી.
(C) (A) અને (B) બંને
**(D) (A) અને (B) એક પણ નહિં.**

482. ચોલ રાજા કે જેમણે બંગાળ અને ઓરિસ્સાના શાસકોને હરાવ્યા હતા અને સમગ્ર શ્રીલંકા કબજે કરી લીધું હતુ અને દક્ષિણ પૂર્વ એશિયાના પ્રદેશો જીતી લીધા હતા તે __________હતા. (Assi.Engg civil 32/2019-20)
(A) પરાંતક
(B) રાજરાજ
(C) પુલકેશી - પહેલો
**(D) ઉપરના પૈકી એક પણ નહિં**

483. પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રી આર્યભટ્ટ વિશે નીચેના આપેલા વિધાનો પૈકી કયા વિધાનો સત્ય નથી ?
(Assi.Engg civil 32/2019-20)
1. તેણે આર્યભટ્ટીય લખ્યું.
2. તેણે આર્યભટ્ટી સિદ્ધાંત લખ્યું.
3. તેણે ગ્રહણની વૈજ્ઞાનિક સમજૂતી આપી.
4. તેણે શોધી કાઢયું કે પૃથ્વી તેની ધરીની આસપાસ પરિભ્રમણ કરે છે.
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 3    (B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4    **(D) 1, 2, 3 અને 4**

484. 1935 ના ભારત સરકારના અધિનિયમે નીચેના પૈકી કોની સ્થાપનાની જોગવાઈ કરી ?
(Assi.Engg civil 32/2019-20)
1. ઓલ ઈન્ડીયા ફેડરેશન
2. પ્રાંતોમાં દ્વિમુખી રાજ્ય પદ્ધતિ
3. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1    **(B) માત્ર 1 અને 3**
(C) માત્ર 2 અને 3    (D) 1, 2 અને 3

485. યાદી I ને યાદી II સાથે જોડી નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(AO, IND & MIN-12/2020-21)
યાદી I (ચલચિત્રો)    યાદી II (વિશેષતા)

1. મનોરમા (a) પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમ વ્યકત કરતી મૂંગી ફિલ્મ.
2. કંકુ (b) પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ
3. લીલુડી ધરતી (c) પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર ફિલ્મ.
4. સાદ (d) કલાપીની કાવ્યકૃતિ 'હૃદય ત્રિપુટી' પરથી બનેલ ફિલ્મ.

**(A) (1-d), (2-c), (3-b), (4-a)**
(B) (1-c), (2-b), (3-a), (4-d)
(C) (1-a), (2-c), (3-b), (4-d)
(D) (1-a), (2-a), (3-d), (4-c)

486. ૐ કારની ઉપાસના કયા ઉપનિષદમાં થયેલી છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) કઠોપનિષદ (B) બૃહદારણ્યક
**(C) છાંદોગ્ય** (D) માંડૂકયોપનિષદ

487. ચિત્રકાર અને તેમની વિશિષ્ટ ઓળખની જોડી પૈકી કઇ જોડી સાચી નથી? (AO, IND & MIN-12/2020-21)
(A) રાજયી - ચંદ્ર ત્રિવેદી
(B) રંગના રાજા - સોમાલાલ શાહ
**(C) ધરતીનો ધબકાર - ખોડીદાસ પરમાર**
(D) ચકોર - બંસીલાલ વર્મા

488. નરસિંહ મહેતાના જીવન પર મીરાબાઇએ કઇ કવિતા લખી હતી? (AO, IND & MIN-12/2020-21)
(A) 'વૈષ્ણવ જન તો'
**(B) નરસિંહ રા માહયરા**
(C) પ્રુમલક્ષણા ભકિત સમ્રાટ
(D) શામળશાનો વિવાહ

489. ત્રૈલોકય મોહનસ્વરૂપની ષોડશભુજ પ્રતિમા તથા ભગવાન વિષ્ણુના ચોવીસ સ્વરૂપોની જોવાલાયક મૂર્તિઓ ધરાવતું રણછોડજીનું મંદિર કયા સ્થળે આવેલું છે.
(AO, IND & MIN-12/2020-21)
(A) સુણક (જિ. પાટણ)
(B) દેલમાલ (જિ. મહેસાણા)
**(C) વાલમ (જિ. મહેસાણા)**
(D) શામળાજી (જિ. અરવલ્લી)

490. ભૂજિયો કિલ્લો કયા રાજા/શાશકએ બંધાવ્યો હતો?
(AO, IND & MIN-12/2020-21)
**(A) રાવ ગોંડજી**
(B) મહારાવ લખપતસિંહજી
(C) રાવ ખેંગારજી
(D) મહારાણી કુવરબા

491. નીચેના પૈકી કયાં જોડી સાચી નથી?
(AO, IND & MIN-12/2020-21)
(A) રવેચીનો મેળો - રાપર (કચ્છ)
(B) જખૌનો મેળો - નખત્રાણા પાસે કાકડભીડ (કચ્છ)
(C) ગંગાજીનો મેળો - કચ્છમાં રામપર વેકરા નામના સ્થળે
**(D) ઝુંડનો મેળો - ડાકોર (ખેડા)**

492. ગીરના માલધારીઓનું પરંપરાગત રહેણાંક કયા નામે ઓળખાય છે? (AO, IND & MIN-12/2020-21)
(A) ખોસરું **(B) ઝાંક**
(C) ખોલકું (D) ભૂંગા

493. ગુજરાતમાં વિવિધ પ્રાંતમાં બોલાતી બોલીના પ્રકાર અને તેના પ્રચલિત શબ્દોની જોડીઓ પૈકી કઇ જોડી સાચી નથી? (AO, IND & MIN-12/2020-21)
**(A) સોરઠી બોલી - પુંગવું, બરકવું.**
(B) ઝાલાવાડી બોલી - ચેટલાં, ચ્યાં.
(C) ચરોતરી બોલી - ખેતરો, માણહો
(D) સુરતી બોલી - ગનપટી, પટેલી

494. 'હુ તો બસ ફરવા આવ્યો છું, હું કયું એકે કામ તમારું કે મારૂ કરવા આવ્યો છુ?' - આ પંકિતઓ કયા સાહિત્ય સર્જકની છે? (AO, IND & MIN-12/2020-21)
(A) હરીવલ્લભ ભાયાણી
**(B) નિરંજન ભગત**
(C) જયંત ખત્રી
(D) શિવકુમાર જોશી

495. સિંધુ સંસ્કૃતિના લોકો ખાસ કરીને કયા વૃક્ષની પૂજા વધુ કરતાં હોવાનું જણાયું છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) વડ (B) લીમડો
**(C) પીપળો** (D) ચેરી

496. નીચેના સ્થળ/સ્થળો પૈકી કયું/કયા ભીંત ચિત્ર માટે જાણીતા છે? (AO, IND & MIN-12/2020-21)
1. અજંતાની ગુફાઓ
2. લેપાક્ષીનું મંદિર
3. સાંનો સ્તૂપ
(A) માત્ર 1
**(B) માત્ર 1 અને 2**
(C) 1, 2, અને 3
(D) ઉપરોકત પૈકી એક પણ નહીં

497. ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના સુલતાનોના સમયગાળામાં રાજાને વહીવટમાં મદદ કરવા વજીરોનું એક મંડળ રહેતું, જેનો મુખ્ય વડો કયા નામે ઓળખતો હતો? (AO, IND & MIN-12/2020-21)
(A) હાકેમ
**(B) નિઝામુલમુલ્ક**
(C) મજલિસ
(D) સમસુદ દુનિયાવદદીન

498. વડોદરા ખાતે વર્તમાનમાં 'ન્યાયમંદિર' તરીકે ઓળખાતો મહેલ વડોદરાના ગાયકવાડી રાજવી સયાજીરાવ ત્રીજાએ કોની યાદમાં બંધાવ્યું હતું?
(AO, IND & MIN-12/2020-21)
(A) રાણી લક્ષ્મીબાઇ
**(B) રાણી ચીમનાબાઇ**
(C) ખંડેરાવની વિધવા જમનાબાઇ
(D) ઉપરોકત પૈકી એક પણ નહીં.

499. સોલંકી કાલ (ઇ.સ.942 થી 1304) દરમિયાન ગુજરાતનાં અન્ય પ્રદેશમાં આવેલ સમકાલીન રાજયો પૈકી ચુડાસમાં રાજયની રાજધાની અને તેનો પ્રથમ રાજા કોણ હતો?
(AO, IND & MIN-12/2020-21)
(A) પાટડી, (હરપાલદેવ)
(B) માંગરોળ, રાણપુર (સેજકજી)
**(C) વંથલી, જુનાગઢ (ગ્રાહરીપુ)**
(D) ધૂમલી, (રાણક બાષ્કલદેવ)

500. કનોજના રાજા જયચંદ અને મુહમંદ ઘોરી વચ્ચે થયેલુ યુધ્ધ કયા નામે ઓળખાય છે?
(AO, IND & MIN-12/2020-21)
(A) કનોજનું યુધ્ધ **(B) ચંદાવરનું યુધ્ધ**
(C) કલિંજરનું યુધ્ધ (D) તરાઇનું યુધ્ધ

501. ડૉ. આંબેડકરે સ્થાપેલ સંસ્થા "ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રચાર મંડળ" નું, મૂળ સ્થાપના સમયે (20 જુલાઇ 1924) નામ શું હતું? (AO, IND & MIN-12/2020-21)
**(A) બહિષ્કૃત હિતકારણી સભા**
(B) ધ બુધ્ધિષ્ઠ સોસાયટી ઓફ ઇન્ડિયા
(C) અખિલ હિન્દ દલિત વર્ગ સંઘ
(D) દલિત સ્વાભિમાન મંચ

502. મુઘલકાળ દરમિયાન સૌરાષ્ટ્રમાં કયા સિક્કાઓનું ચલણ પ્રચલિત હતું? (AO, IND & MIN-12/2020-21)
(A) 'રાશિ' સિક્કા
(B) સોનાના સિક્કા 'મહોર'
**(C) 'કોરી' અને 'મહમૂદી' સિક્કા**
(D) તાંબાના સિક્કા 'દામ'

503. અલાઉદીન ખિલજીએ ઉલૂઘખાન અને નુસરતખાનને ગુજરાત ઉપર ચડાઇ કરવા ફોજ લઇને મોકલ્યા, જે ચડાઇનું નિમિત્ત કોણ બન્યું હતું?
(AO, IND & MIN-12/2020-21)
(A) મેવાડના સમરસી રાવળ
**(B) મહામાત્ય માધવ**
(C) સજ્જન મંત્રી
(D) વાજા વયજલદેવ

504. ગુપ્તવંશનું રાજકીય ચિન્હ શું હતું?
(AO, IND & MIN-12/2020-21)
**(A) ગરુડ** (B) નંદી
(C) વેદી (D) ત્રિશુલ

505. અનેકાંતવાદ નીચેનામાંથી કયા ધર્મનું મૂળ સિધ્ધાંત અને દર્શન છે? (AO, IND & MIN-12/2020-21)
(A) બૌધ્ધ ધર્મ (B) વૈષ્ણવવાદ
**(C) જૈન ધર્મ** (D) શીખ ધર્મ

506. હર્ષે ઇ.સ.644 માં પ્રયાગમાં છઠ્ઠી મહામોક્ષ પરિષદનું આયોજન કરી પોતાના રાજ્ય વિસ્તારના રાજાઓનું મહાસંમેલન યોજ્યું, તેથી તેમને.......... કહેવામાં આવ્યા છે? (AO, IND & MIN-12/2020-21)
(A) મહારાજ (B) મહાસામંત
(C) ધર્મરાજ **(D) મગધરાજ**

507. શિવાજીના અષ્ટપ્રધાનમંડળના પ્રધાનો અને તેમને સોંપાયેલ કામગીરીની વહેંચણી સૂચવતાં નીચે દર્શાવેલ જોડકાં પૈકી કયું જોડકું સાચું નથી?
(AO, IND & MIN-12/2020-21)
(A) અમાત્ય (મજુમદાર) - નાણાકીય બાબતોના પ્રધાન
(B) સચિવ (સૂરનીસ) - રાજ્યના દફતરોની સંભાળ
(C) સેનાપતિ (સરનોબત) - લશ્કરી વ્યવસ્થા અને રાજ્ય સંરક્ષણની જવાબદારી
**(D) મંત્રી (વાક-નવિસ) - પરરાજ્યો સાથે સંધિ-વિગ્રહ અને અન્ય બાબતોમાં સલાહ સૂચન**

508. ઇ.સ.1812-1819 દરમિયાન ખાનદેશ પ્રદેશમાં કોના નેતૃત્વમાં અંગ્રેજો વિરૂધ્ધ ભીલ વિદ્રોહ કર્યો હતો?
(AO, IND & MIN-12/2020-21)
(A) આદિવાસી નેતા બિરસા મુંડા
(B) નાયકડા આદિવાસીઓ
(C) બાજીરાવ બીજા
**(D) બાજીરાવ બીજા તથા ત્રિમ્બકજી ડાંગલિયા**

509. નીચેના પૈકી કઈ સ્ત્રીઓએ રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો? (SUPER Archaeologist - 12/2021-22)
1. કસ્તુરબા
2. મણીબેન પટેલ
3. મૃદુલા સારાભાઈ
4. પુષ્પાબેન મહેતા
(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1 અને 2
**(C) ફક્ત 1, 2 અને 3** (D) ફક્ત 1, 3 અને 4

510. નીચેના જોડકા જોડો.
(SUPER Archaeologist - 12/2021-22)

| | |
|---|---|
| 1. લાલ હરદયાલ | a. અભિનવ ભારત સોસાયટી |
| 2. તારાકનાથ દાસ | b. ગદર પાર્ટી |
| 3. જી. ડી. કુમાર | c. સ્વદેશ સેવક |
| 4. વી. ડી. સાવરકર | d. ફ્રી હિન્દુસ્તાન |

**(A) 1-b, 2-d, 3-c, 4-a**
(B) 1-b, 2-c, 3-d, 4-a
(C) 1-a, 2-b, 3-c, 4-d

(D) 1-a, 2-c, 3-d, 4-b

511. આદિ જાતિના લોકો માટે સૌ પ્રથમ આદિવાસી શબ્દ......... એ પ્રાયોજ્યો હતો.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) મહાત્મા ગાંધી (B) જ્યોતિબા ફુલે
(C) બીરસા મુંડા **(D) ઠક્કર બાપા**

512. પ્રતિહાર બૌકના જોધપુર શિલાલેખમાં દેવરાજને ......... દર્શાવ્યો છે. (SUPER Archaeologist - 12/2021-22)
(A) વત્સરાજ (B) સિલુકા
**(C) ભટ્ટિકા દેવરાજ** (D) નાગભટ

513. હડપ્પન સમયગાળાની હોકી આકારની કુલડી........ માં મળી આવી હતી.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) લોથલ **(B) ધોલાવીરા**
(C) કુંતાસી (D) લોટેશ્વર

514. કડીનો કીલ્લો........... દ્વારા બાંધવામાં આવ્યો હતો.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) સોલંકી કુળ (B) ચાવડા કુળ
(C) ખેનગાર કુળ **(D) ગાયકવાડ કુળ**

515. સંવિધાન સભાની માંગણી સૌપ્રથમ........ કરવામાં આવી.
(SUPER Archaeologist - 12/2021-22)
**(A) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 1934માં**
(B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કારાચી અધિવેશનમાં
(C) સહકારની ચળવર પાછી ખેંચવામાં આવી ત્યારબાદ
(D) સાયમન કમિશન ભારતમાં આવ્યું ત્યારબાદ

516. કોજકોટની સ્થાનિક પ્રજા પરિષદએ 1934માં........ના નેતૃત્વ હેઠળ રાજ્ય દ્વારા ઈજારાશાહી લાદવાની બાબતનો વિરોધ કરવા ચળવળ શરૂ કરી.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) જમનાલાલ બજાજ
(B) કસ્તુરબા ગાંધી
**(C) યુ. એન. ઢેબર**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

517. લખનૌ કરાર અંગે નીચેના પૈકી ક્યું વિધાન / કયા વિધાનો સત્ય છે?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) તેના દ્વારા કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે એકતા સ્થાપાઈ
(B) આ કરાર પર હસ્તાક્ષર કરવાની બાબતમાં તિલક અને જિન્હા બંને એ મહત્વની ભૂમિકા ભજવી હતી.
**(C)(A) તથા (B) બંને**
(D) (A) અથવા (B) એક પણ નહીં

518. 13મી સદીના અંત ભાગમાં કોણે ગુજરાતના છેલ્લા સોલંકી રાજા કર્ણદેવને હરાવી, ગુજરાતને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવ્યો ?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) મહંમદ ઘોરી
(B) અકબર
(C) અહમદશાહ
**(D) અલ્લાઉદ્દીન ખીલજી**

519. બૌધ્ધ ધર્મના પવિત્ર ગ્રંથનું નામ શું છે.
(SUPER Archaeologist - 12/2021-22)
(A) કલ્પસૂત્ર
(B) ભગવદ્ગીતા
**(C) ત્રિપિટક**
(D) સારિપુત્ર પ્રકરણ

520. અબુલ ફઝલનો વિખ્યાત ગ્રંથ ક્યો છે?
(SUPER Archaeologist - 12/2021-22)
(A) તારીખ-ઈ-ફિરોઝશાહી
(B) બાબરનામા
**(C) આયને-અકબરી**
(D) તવારીખ-એ-ગુજરાત

521. "સારે જહાસે અચ્છા" ગીતના રચનાકાર કોણ છે?
(R.O./16/2020-21)
(A) જયદેવ
**(B) મહમદ ઈકબાલ**
(C) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય
(D) રવીન્દ્રનાથ ટાગોર

522. ભારતમાં અગ્રેજી લેખકો અને તેઓની કૃતિની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી. (R.O./16/2020-21)
(A) અનીતા દેસાઈ - The Village by The Sea, The Peacock Garden
**(B) મુલ્ક રાજઆનંદ - The Dark Room (1938), Mr. Sampath (1945)**
(C) વિક્રમ શેઠ - An Equal Music, A Suitable Girl
(D) ખુશવંત સીંગ - A Train to Pakistan in 1956, The Sunset Club

523. હિન્દી ભાષામાં લેખકો અને તેઓની કૃતિને યોગ્ય રીતે જોડો. (R.O./16/2020-21)
1. હરીવંશરાય બચ્ચન a. ગીતીકા, પ્રભાવતી
2. રામધારી સીંધ દીનકર b. મધુશાલા
3. અમર ગોસ્વામી c. ઉવર્શી, નીલ કુસુમ
4. સૂર્યકાંત ત્રિપાઠી d. ગુહારા, દુલ્હન
(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b
**(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a**
(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c,
(D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

524. પાલ રાજાના (Pala Kings) વંશજો પૈકી વિક્રમશીલા યુનવર્સિટીની સ્થાપના કોણે કરેલ હતી?
(R.O./16/2020-21)

(A) ગોપાલા (Gopal)

**(B) ધર્મપાલ (Dharmapala)**

(C) દેવપાલ (Devepala)

(D) દેવપાલ - બીજો (Devapala-2)

525. નીચેના ધર્મ ગુરૂઓ પૈકી શિવાજી મહારાજના વિચારો ઉપર ગહેરી/ઉંડી અસર કોણે કરેલ છે. (R.O./16/2020-21)

(A) સંત તુકારામ (B) ગુરૂ નાનકદેવ

(C) મીરાબાઈ **(D) ગુરૂ રામદાસ**

526. શિવાજી મહારાજના સમયમાં રાષ્ટ્રના વહીવટ માટે કેટલા પ્રધાનો હતા? (R.O./16/2020-21)

(A) 6 મંત્રીઓ/ પ્રધાનો

**(B) 8 મંત્રીઓ/ પ્રધાનો**

(C) 12 મંત્રીઓ/ પ્રધાનો

(D) 20 મંત્રીઓ/ પ્રધાનો

527. અંગ્રેજો દ્વારા પૂર્વ કિનારા ઉપર પોતાનું વ્યાપાર કેન્દ્ર કઈ જગ્યાએ શરૂ કરેલ હતુ? (R.O./16/2020-21)

(A) મદ્રાસ

(B) પુલીકટ

**(C) મસલીપટ્ટનમ (પેટાપુલ્લી)**

(D) વિઝાગ

528. ખેડા સત્યાગ્રહ કયા કારણસર કરવામાં આવેલ હતો? (R.O./16/2020-21)

(A) મિલ કામદારો, ખેતરમાં કામ કરતા મજૂરોના વેતન માટે

**(B) અતિવૃષ્ટિને કારણે મહેસુલી મુલત્વી રાખવા માટે**

(C) ખેડુત આગેવાનોની ધરપકડની વિરોધમાં

(D) ઉધોગમાં અંગ્રેજોની ઈજારાશાહી દૂર કરવાં

529. ગુજરાતના પ્રાચીન ઈતિહાસનું સંશોધન કરનાર વિદ્વાનોમાં નીચેના પૈકી કોનું નામ વિશેષ જાણીતું છે? (R.O./16/2020-21)

(A) ડૉ. આર. એન. મહેતા

(B) ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી

(C) ડૉ. હસમુખ અઢીયા

**(D) ડૉ. હસમુખ સાંકળિયા**

530. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિના જનક કોણ હતા? (R.O./16/2020-21)

**(A) શ્રી અરવીંદ ધોષ**

(B) શ્રી બારીન્દ્ર ધોષ

(C) શ્રી સાકરીયા સ્વામી

(D) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

531. ધી ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડીયા કંપની દ્વારા તેઓની પ્રથમ ફેકટરી કયા સ્થળે સ્થાપવામાં આવેલ હતી? (R.O./16/2020-21)

**(A) સુરત** (B) મસલીપટ્ટનમ

(C) ભરૂચ (D) મદ્રાસ

532. જમીન મહેસુલની વસુલાત ઉપર જરૂરી ધ્યાન રાખવા વોરન હેસ્ટીંગે “બોર્ડ ઓફ રેવન્યુ” ની રચના કયા સ્થળે કરેલ હતી? (R.O./16/2020-21)

(A) મુર્શીદાબાદ (B) ભાગલપુર

**(C) કોલકતા** (D) લખનઉ

533. ભારતની પ્રથમ ફાર્માસ્યુટીકલ કંપની બંગાળ કેમીકલ અને ફાર્માસ્યુટીકલ કંપનીના સ્થાપક કોણ હતા? (R.O./16/2020-21)

**(A) શ્રી પ્રફુલચંદ્ર રોય**

(B) શ્રી હોમી જે ભાભા

(C) શ્રી સત્યેન્દ્રનાથ બોઝ

(D) શ્રી હરીગોંવિંદ ખુરાના

534. 1946 નો ઈન્ડીયન નેશનલ આર્મી (INA) નો મુકદમામાં બચાવ પક્ષે નીચેના પૈકી કયા મહાનુભાવ વકીલ તરીકે ન હતા? (R.O./16/2020-21)

(A) શ્રી બલ્લુભાઈ દેસાઈ

(B) શ્રી પંડીત જવાહરલાલ નહેરૂ

**(C) શ્રી મહાત્મા ગાંધી**

(D) કૈલાશનાથ કાત્જુ

535. નીચેના વાક્યો તપાસો: (J. Dir. Agri. - 18/2020-21)

1. 1957માં સિરાજ - ઉદ્ દૌલા અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયેલ હતું.
2. 1764માં સંયુક્ત સેના અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે બકસરનું યુદ્ધ થયેલ હતું.
3. 1799માં ચોથા મૈસુર વિગ્રહ દરમ્યાન ટીપુ અંગેજો સામે લડતા મૃત્યુ પામેલ હતો.

(A) 1 અને 2 વાક્યો યોગ્ય છે.

(B) 1 અને 3 વાક્યો યોગ્ય છે.

(C) 2 અને 3 વાક્યો યોગ્ય છે.

**(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.**

536. નીચેના પૈકી કયું કથન યોગ્ય નથી? (J. Dir. Agri. - 18/2020-21)

(A) 1919માં પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામે જર્મની અને મિત્ર રાષ્ટ્રો વચ્ચે વાર્સેલ્સની સંધી થયેલ હતી.

(B) 1977માં રશિયાની બોલ્શેવિક ક્રાંતિ થયેલ હતી.

**(C) ઓગસ્ટ 1946માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવેલ હતો.**

(D) રશિયન ક્રાન્તિ અને બીજા વિશ્વયુદ્ધના કારણે વિશ્વના દરેક દેશોની વિચારસરણીમાં ફેરફાર થયેલ હતા.

537. એલેકસઝેંડરે (Alexander) જ્યારે ભારત ઉપર આક્રમણ કર્યુ ત્યારે ઉત્તર ભારતમાં કયા રાજ્યોનું શાસન હતું? (J. Dir. Agri. - 18/2020-21)

**(A) નંદ કુળ (Nanda)**

(B) મૌર્ય કુળ (Maurya)

(C) સંગા કુળ (Sanga)
(D) કન્વ કુળ (Kanva)

538. " સત્યમેવ જયતે" એ ક્યા ઉપનીષધ (Upanishad)માંથી લેવામાં આવેલ છે? (J. Dir. Agri. - 18/2020-21)
(A) કથા ઉપનીષધ (Katha Upanishad)
(B) ચાંડયોગ ઉપનીષધ (Chadyoga Upanishad)
(C) અટારીયા ઉપનીષધ (Aitareya Upnishad)
**(D) મુન્ડકા ઉપનીષધ (Mundaka Upanishad)**

539. "પદ્માપાની બોધીસત્વ (Padmapani Bodhisattva)" ચીત્ર કયા સ્થળે જોવા મળે છે?
(J. Dir. Agri. - 18/2020-21)
**(A) અજંતા (Ajanta)** (B) બદામી (Badami)
(C) બાધ (Bagh) (D) ઈલોરા (Elora)

540. શીવાજી મહારાજના આષ્ટપ્રધાન મંડળમાં 'પરદેશી બાબતો' (Foreign affairs)ની દેખરેખ કોણ રાખતું હતું?
(J. Dir. Agri. - 18/2020-21)
(A) પેશ્વા (B) સચીવ
(C) પંડીત રાવ **(D) સુમન્ત**

541. યયાતી કેસારી (Yayati Kesari) દ્વારા લીંગરાજા મંદીર (Lingaraja Temple) ક્યા સ્થળે આવેલ છે?
(J. Dir. Agri. - 18/2020-21)
**(A) ભુબનેશ્વર / ભુવનેશ્વર (Bhubaneshwar)**
(B) બીજાપુર
(C) કોલકત્તા
(D) શ્રવણબેલુગોડા

542. દીલ્હીના સુલતાન કે જેઓએ ભારતમાં સૌથી વધારે નહેરોનું (Canals) બાંધકામ કરેલ હતું, તે કોણ હતા?
(J. Dir. Agri. - 18/2020-21)
(A) ઈલ્તમસ (Iltumish)
(B) ગ્યાસુદ્દીન તુઘલક
**(C) ફીરોઝશાહ તુઘલક**
(D) સીકંદર લોધી

543. 56 ખાંભલા (Pillars) કે જેમાંથી અલગ અલગ સંગીતના સુર નીકળે છે તે વિજય વિઠ્ઠલનું મંદીર કયા સ્થળે આવેલ છે? (J. Dir. Agri. - 18/2020-21)
(A) બેલુરૂ (Belur)
(B) ભદ્રાચલમ (Bhadrachalama)
**(C) હમ્પી (Hampi)**
(D) શ્રી રંગમ (Srirangama)

544. "મોડી લિપિ" (Modi Script) નો ઉપયોગ દસ્તાવેજોના લખાણ માટે કોના દ્વારા કરવામાં આવતો હતો?
(J. Dir. Agri. - 18/2020-21)
(A) વોડીયાર (Wodeyars)
(B) ઝમોરીયન (Zamorins)
(C) પોર્ટુગીઝ (Portuguese)
**(D) મરાઠા (Maratha)**

545. નીચેના પૈકી કયા મહાનુભાવે "ચીતાંગોગ શસ્ત્ર લુટ" (ChitanGong Armoury raid) માં નેતાગીરી લીધેલ હતી? (J. Dir. Agri. - 18/2020-21)
(A) લક્ષ્મી સેહગલ (Laxmi Sehgal)
**(B) સુર્યા સેન (Surya Sen)**
(C) બટુકેશ્વર દત્ત (Batukeshwar Datta)
(D) જે. એમ. સેનગુપ્તા (J.M. Sengupta)

546. કોની ભલામણથી મુંબઈ, મદ્રાસ અને કોલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી ?
(S. Archaeologist - 21/2020-21)
(A) ડેલહાઉસી **(B) ચાર્લ્સવુડ**
(C) મેકોલ (D) વિલિયમ બેન્ટિક

547. હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ મોતીલાલ નહેરૂના પ્રમુખપદે આપેલ નહેરૂ અહેવાલમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થતો હતો ?
(S. Archaeologist - 21/2020-21)
1. સાંસ્થાનિક સ્વરાજ (ડોમિનિયન સ્ટેટ્સ)
2. સ્વતંત્ર ન્યાયતંત્ર
3. મૂળભૂત અધિકારો
4. પુખ્તવયે મતાધિકાર
(A) 1 અને 4 (B) 1, 3 અને 4
**(C) 1, 2, 3 અને 4** (D) 1, 2 અને 3

548. નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો : (S. Archaeologist - 21/2020-21)
1. ગાંધી - ઈરવીન સમજૂતી માર્ચ, 1931માં થઈ હતી.
2. આ સમજૂતીમાં સત્યાગ્રહની નીતિ જેમાં મીઠું પકવવાની સ્વતંત્રતા અને શાંત પિકેટીંગની સંમતિ મુખ્ય મુદ્દા હતા.
(A) બંને વિધાનો ખોટા છે.
(B) બિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
**(D) બંને વિધાન સાચાં છે.**

549. વેદકાલીન લોકોના રીત-રિવાજો સંદર્ભે નીચેના વિધાન/વિધાનો પૈકી કયું વિધાન/વિધાનો સાચું/સાચાં છે તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(S. Archaeologist - 21/2020-21)
1. તેઓની સમાજરચના પિતૃપ્રધાન હતી.
2. એક પત્નીવ્રતનો ધર્મ હતો, સ્ત્રીના લગ્ન પરિપક્વ ઉંમરે થતા.
3. પરિવાર એક વિશાળ જનસમૂહનો ભાગ હતો જેને વીશ અથવા વંશ કહેવામાં આવતો.
(A) માત્ર 1 (B) 1 અને 2
**(C) 1, 2 અને 3** (D) 1 અને 3

550. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું પ્રતીક (લાંધન) શું હતું ? (S. Archaeologist - 21/2020-21)
(A) શંખ **(B) સિંહ**
(C) કળશ (D) કાચબો

551. બૌદ્ધ ધર્મમાં ઉલ્લેખિત જુદી-જુદી જાતિઓનાં ગણરાજ્યોમાં કપિલવસ્તુમાં કોનું ગણરાજ્ય હતું ?
(S. Archaeologist - 21/2020-21)
**(A) શાક્યો** (B) લિચ્છવીઓ
(C) મલ્લો (D) મોરિય

552. કરિકાલ અને એલારા રાજવીઓ ક્યા વંશના હતા ?
(S. Archaeologist - 21/2020-21)
(A) ચેર (B) પાંડ્ય
(C) પલ્લવ **(D) ચોલ**

553. ભારતમાં અંગ્રેજ શાસન દરમિયાન બાળલગ્ન સામેની ચળવળ કોણે ચલાવી હતી ?
(S. Archaeologist - 21/2020-21)
**(A) બહેરામજી મેરવાનજી મલબારી**
(B) રાજા રાજવલ્લભ
(C) રાજા રામમોહનરાય
(D) કેશવચન્દ્ર સેન

554. બંગાળનો છેલ્લો ગવર્નર અને બંગાળનો પ્રથમ ગવર્નર જનરલ નીચેના પૈકિ કોણ હતું ?
(S. Archaeologist - 21/2020-21)
(A) રોબર્ટ ક્લાઈવ
(B) લોર્ડ કોર્નવોલિસ
**(C) વોરન હેસ્ટિંગ્ઝ**
(D) સર જોન શોર

555. રૈયતવારી જમાપદ્ધતિ જમીન મહેસૂલનો આરંભ સૌપ્રથમ કયાં થયો હતો ? (S. Archaeologist - 21/2020-21)
(A) વરાડ (B) મુંબઈ
(C) આસામ **(D) મદ્રાસ**

556. ગવર્નર જનરલ લોર્ડ લિટને દુષ્કાળરાહત પગલાંના સામાન્ય સિદ્ધાંતો નક્કી કરવા માટે કોના પ્રમુખ પદે એક કમિશનની રચના કરી હતી ?
(S. Archaeologist - 21/2020-21)
(A) જોનાથન ડંકન
**(B) સર રિચાર્ડ સ્ટ્રેચી**
(C) સર ચાર્લ્સ ટ્રેવિલિયા
(D) ઉપર પૈકી કોઈ પણ નહિં

557. માઉન્ટબેટન યોજનાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી ? (S. Archaeologist - 21/2020-21)
(A) 1લી જૂન, 1947
(B) 2જી જૂન, 1947
(C) 9મી જૂન, 1947
**(D) 3જી જૂન, 1947**

558. 1946ના ભારતીય નૌસેનાનાં બળવા બાબતે નીચેના પૈકી ક્યું વિધાન સાચું નથી? (Mech. Eng. - 22/2019-20)
(A) આ બળવો HMIS તલવારના રેટીંગ્સ (નોન કમીશન્ડ ઓફીસર) [The ratings (non-commissioned officers) on HMIS Talwar] દ્વારા સૌ પ્રથમ શરૂ કરવામાં આવ્યો હતો.
(B) નૌસેના મધ્યસ્થ હડતાલ સમિતિના પ્રમુખ એમ.એસ. ખાન હતા.
(C) સરદાર પટેલની મધ્યસ્થીના કારણે બળવાનો અંત આવ્યો હતો.
**(D) ઉપરના પૈકી એકપણ નહિં.**

559. મહાત્મા ગાંધી વિશે નીચેના પૈકી ક્યું વિધાન સત્ય નથી? (Mech. Eng. - 22/2019-20)
(A) ગાંધીજીએ ટોલ્સટોય ફાર્મની સ્થાપના કરી કે જ્યાં સત્યાગ્રહીઓના પરિવાર રહી શકે.
(B) ખેડૂતોની સમસ્યાઓ જાણવા માટે રાજકુમાર શુક્લ દ્વારા ગાંધીજીને ચંપારણ્ય ખાતે આમંત્રિત કરવામાં આવ્યા હતા.
**(C) અમદાવાદ મિલ કામદારોની હડતાલ બાદ 'તીનકાઠીયા' રદ કરવામાં આવી.**
(D) ખેડા સત્યાગ્રહ દરમ્યાન સરદાર પટેલ અને ઈન્દુલાલ યાજ્ઞિક, મહાત્મા ગાંધી સાથે જોડાયા.

560. નીચેના પૈકી ક્યું/ક્યા યુગ્મ યોગ્ય રીતે જોડાયેલા છે? (Mech. Eng. - 22/2019-20)
1. રાજા રામ મોહન રાય - સાર્વત્રિક ધર્મનો પ્રચાર કર્યો.
2. આર્ય સમાજ - વેદ તરફ પાછા વળો.
3. પ્રાર્થના સમાજ - દેવદાસી પ્રથા રદ કરી.
4. નિરંકારી ચળવળ - બાબા રામ સિંઘ

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2, 3 અને 4 **(B) માત્ર 1, 2 અને 3**
(C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 2, 3 અને 4

561. નીચેના પૈકી ક્યા આદિજાતિ બળવાનું મુખ્ય કારણ માનવ બલિ પરનો પ્રતિબંધ હતો?
(Mech. Eng. - 22/2019-20)
(A) સાંથલ બળવો (Santhal Uprising)
**(B) ખોંડ બળવો (Khond Uprising)**
(C) રાંપા બળવો (Rampa Uprising)
(D) મુંડા બળવો (Munda Uprising)

562. નીચેના પૈકી કઈ સંસ્થા/સંગઠન/પ્રકાશન એ દાદાભાઈ નવરોજી સાથે સંકળાયેલું છે?
(Mech. Eng. - 22/2019-20)
1. ગ્યાન પ્રકાશ મંડળી
2. રાહુનુમી મઝદાયાસન સભા (Rahunumi Mazdayasan Sabha)

3. રાસ્ત ગોફતાર (Rast Goftar)
4. ઈસ્ટ ઈન્ડિયા એસોસીએશન
5. વોઇસ ઓફ ઈન્ડિયા

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

**(A) 1, 2, 3, 4 અને 5**
(B) માત્ર 2, 3, 4 અને 5
(C) માત્ર 1, 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 3

563. જાડેજા વંશના શાસકો વિશે નીચેના પૈકી ક્યું વિધાન / ક્યા વિધાનો સત્ય છે? (Mech. Eng. - 22/2019-20)
1. જામ રાવળ બાદ, જામ વિભાજી એ નવાનગરના રાજા બન્યા.
2. જામ સતાજી - પહેલા (જામ સતાજી-I) એ 'મજેવડી' ગામ નજીક જૂનાગઢના યુદ્ધમાં અકબરની સેનાને પરાસ્ત કરી હતી.
3. જાડેજા વંશના રાજા હરધલજીને 'પશ્ચિમ ભારત કા બાદશાહ' નું બિરૂદ આપવામાં આવ્યું હતું.
4. ઈ.સ. 1549માં ખંગાર એ કચ્છનો પ્રથમ રાવ બન્યો અને ભૂજને તેની રાજધાની બનાવી.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4
**(C) માત્ર 1, 2 અને 4** (D) માત્ર 1 અને 2

564. 1857 ના વિપ્લવને દબાવી દેવામાં નીચેના પૈકી ક્યા રાજ્યો એ અંગ્રેજોને ટેકો આપ્યો હતો? (Mech. Eng. - 22/2019-20)
1. ગ્વાલીયરના સિંધીયા
2. હૈદરાબાદના નિઝામ
3. અવધના બેગમ

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 **(B) 1 અને 2**
(C) 2 અને 3 (D) 1, 2 અને ૩

565. સિંધુ સંસ્કૃતિના લોકોના મનોરંજન બાબતે નીચેના પૈકી ક્યું વિધાન / ક્યા વિધાનો સત્ય છે? (Mech. Eng. - 22/2019-20)
1. તેઓ નૃત્ય અને સંગીતનો આનંદ માણતા હતા.
2. તેઓ શિકાર અને રથ દોડમાં રસ ધરાવતા હતા.
3. તેઓ પાસાની રમતમાં રસ ધરાવતા હતા.
4. બાળકોના મનોરંજન માટે રમકડાં હતા.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 **(B) માત્ર 1, 3 અને 4**
(C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 4

566. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ભારતીય એજન્ટ (પ્રતિનિધિ) ................ હતા. (Mech. Eng. - 22/2019-20)

(A) ઘાટવાલી (Ghatwali)
(B) દેશપાંડે (Deshpande)
(C) ગામુસ્તાહ (Gamustah)
**(D) દલપતિ (Dalapati)**

567. સિંધુ ખીણની સંસ્કૃતિ બાબતે નીચેના પૈકી ક્યા વિધાનો સત્ય છે? (Mech. Eng. - 22/2019-20)
1. આ સંસ્કૃતિ સૌપ્રથમ 1921માં પંજાબ ક્ષેત્રમાં હરપ્પા ખાતે અને ત્યાર બાદ 1922માં સિંધ પ્રાંતમાં સિંધુ નદી નજીક મોહેંજોદડો ખાતે મળી આવી.
2. બંને શહેરોની ઉત્કૃષ્ટ વિશાળતા, એ બે વિશાળ રાજ્યોમાં અથવા વૈકલ્પિક રાજધાનીઓ સાથે એક સામ્રાજ્યના રાજકીય કેન્દ્રીકરણનું સૂચન કરે છે.
3. સંસ્કૃતિનો દક્ષિણ ક્ષેત્ર કે જે કાઠિયાવાડ દ્વિપકલ્પ અને તેની પછીનો વિસ્તાર છે એ સિંધુ સંસ્કૃતિના મુખ્ય સ્થળો કરતાં પછીના સમયમાં ઉદ્ભવ પામ્યો હોય તેમ જણાય છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3 **(D) 1, 2 અને 3**

568. 1857ના વિપ્લવના જુદા-જુદા સ્થળના નેતાઓની જોડી વિશે નીચેના પૈકી કઈ જોડી સાચી રીતે જોડાયેલી નથી? (Mech. Engg. - 22/2019-20)

(A) લખનૌ ખાતે - અવધના બેગમ
**(B) ફૈઝાબાદ ખાતે - ખેડૂત નેતા**
(C) કાનપુર ખાતે - મરાઠા નેતા
(D) બિહાર ખાતે - જગદીશપુરના જમીનદાર

569. ગાંધી-ઈર્વિન કરાર બાબતે નીચેના પૈકી ક્યું વિધાન/ક્યા વિધાનો સત્ય છે? (Mech. Eng. - 22/2019-20)
1. લોર્ડ ઈર્વિન અને ગાંધી - કરાર 1931 માં આવ્યા.
2. આ કરાર અનુસાર કોંગ્રેસે પ્રથમ ગોળમેજી પરિષદમાં ભાગ લીધો.
3. ભગતસિંહના ટેકેદારોએ આ કરારનો સખત વિરોધ કર્યો.
4. આ કરાર મુજબ સમુદ્ર કિનારે રહેનારા લોકોને કરવેરા સિવાય મીઠું પકવવાની મંજૂરી આપવામાં આવી હતી.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 **(B) માત્ર 1, 3 અને 4**
(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2, 3 અને 4

570. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી? (Mech. Eng. - 22/2019-20)

**(A) યુગાંતર જૂથ - પ્રફુલ્લા કાહક્કી (Prafulla Cahkki)**
(B) કીંગ્સ ફોર્ડ હત્યા કેસ - ખુદીરામ બોઝ
(C) અલીપોર ષડયંત્ર કેસ - અરબિંદો ઘોષની ધરપકડ કરાઈ
(D) હિંદુ ધર્મ સંઘ - ત્રણ ચાપેકર (Chapekar) ભાઈઓ

571. નીચેના પૈકી ક્યું વિધાન/ ક્યા વિધાનો સત્ય છે?
(Mech. Eng. - 22/2019-20)
1. આર્યભટ્ટે જણાવ્યું કે પૃથ્વી તેની ધરીની આસપાસ પરિભ્રમણ કરે છે.
2. વરાહ મિહિરની બૃહત સંહિતા એ ખગોળશાસ્ત્ર વિશે છે.
3. ગુપ્તવંશના રાજાઓ સ્ટીલ પીગાળવાની બાબતમાં જાણીતા હતા.
4. નાગાર્જુને રસ ચિકિત્સા નામની નવી આયુર્પદ્ધતિ શોધી.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 2 અને 3 **(B) 1, 2, 3 અને 4**
(C) માત્ર 1 અને 4 (D) માત્ર 1, 2 અને 3

572. રાજકોટની સ્થાનિક પ્રજા પરિષદએ 1934માં..........ના નેતૃત્વ હેઠળ રાજ્ય દ્વારા ઈજારાશાહી લાદવાની બાબતનો વિરોધ કરવા ચળવળ શરૂ કરી.
(Assi. Engr. 87/ 2020-21)
(A) જમનાલાલ બજાજ
(B) કસ્તુરબા ગાંધી
**(C) યુ.એન.ઢેબર**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

573. ગુજરાતના સૌરાષ્ટ્રના દરિયા કિનારાનું..........બંદરએ 1537માં પોર્ટુગીઝ લોકોએ કબજે કર્યું.
(Assi. Engr. 87/ 2020-21)
(A) ખંભાત (B) ભરુચ
(C) રાંદેર **(D) દીવ**

574. લખનૌ કરાર અંગે નીચેના પૈકી ક્યું વિધાન/ક્યાં વિધાનો સત્ય છે ? (Assi. Engr. 87/ 2020-21)
(A) તેના દ્વારા કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે એકતા સ્થપાઈ
(B) આ કરાર પર હસ્તાક્ષર કરવાની બાબતમાં તિલક અને જિન્હા બંને એ મહત્વની ભૂમિકા ભજવી હતી.
**(C) (A) તથા (B) બંને**
(D) (A) તથા (B) એક પણ નહીં.

575. નીચેના પૈકી કઈ કૃતિમાં ચંદ્રગુપ્ત - પહેલોએ રાજગાદીનો ઉત્તરાધિકારી બન્યો તે બાબતનો ઉલ્લેખ કરેલ છે?
(Assi. Engr. 87/ 2020-21)
(A) દેવીચંદ્ર ગુપ્તમ
**(B) કૌમુદી મહોત્સવ**
(C) મૃચ્છકટિક
(D) અભિજ્ઞાત શાકુંતલમ

576. ઈ.સ.ની છઠ્ઠી સદીના પ્રારંભકાળના મંદસૌર સ્તંભ શિલાલેખએ.........સાથે સંબંધિત છે.
(Assi. Engr. 87/ 2020-21 )
(A) અનંતવર્મન **(B) યશોધર્મન**
(C) મિહિરકુલ (D) તોરામન

577. નીચેના પૈકી ક્યાં રાષ્ટ્રકુટ શાસકે ઈલોરા ખાતે શિવના પ્રખ્યાત કૈલાસ મંદિરનું નિર્માણ કર્યું?
(Assi. Engr. 87/ 2020-21)
(A) દાંતીદુર્ગ (Dantidurga)
(B) અમોઘવર્ષ - પહેલો (Amoghvarsh - I)
**(C) ક્રિષ્ણા-પહેલો (Krishna - I)**
(D) ખોટ્ટિગા (Khottiga)

578. નીચે આપેલા કોડમાંથી યોગ્ય કોડ પસંદ કરી યાદી - I ને યાદી - II સાથે જોડો. (Assi. Engr. 87/ 2020-21)

| યાદી - I | યાદી - II |
|---|---|
| I. બ્રહ્મો સમાજ | 1. પૂના |
| II. પરમહંસ મંડળી | 2. ન્યુયોર્ક |
| III. ડેક્કન એજ્યુકેશન સોસાયટી | 3. કલકત્તા |
| IV. થીયો સોફીકલ સોસાયટી | 4. બોમ્બે |

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) I-3, II-1, III-4, IV-2
**(B) I-3, II-4, III-1, IV-2**
(C) I-4, II-3, III-1, IV-2
(D) I-3, II-4, III-2, IV-1

579. ગુપ્ત યુગ પૂર્વના સમયનો નિકાસ વ્યાપારએ મહદઅંશે........સાથે થતો હતો?
(Assi. Engr. 87/ 2020-21)
(A) દક્ષિણ પૂર્વ એશિયા
(B) ચીન
(C) મધ્ય એશિયા
**(D) રોમન સામ્રાજ્ય**

580. મહંમદ ગઝનીના આક્રમણનો સામનો કરનાર સૌપ્રથમ ભારતીય શાસક કોણ હતો?
(Assi. Engr. 87/ 2020-21 )
(A) ગહાડવાળા રાજવંશનો જયચંદ્ર
(B) પૃથ્વીરાજ ચૌહાણ
**(C) શકરાજા, જયપાલ**
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

581. દિલ્હીમાં વણકરો, કારીગરો અને અન્ય શ્રમજીવીઓએ બળવાખોર સેનાપતિ(re(B)en (Commander)........ની આગેવાની હેઠળ સિપાઈ (બળવા)માં જોડાયા.
(Assi. Engr. 87/ 2020-21 )
(A) ખિઝરખાન (B) કુંવર સિંહ
(C) અમરસિંહ **(D) બખ્ત ખાન**

582. 1919 માં કન્યા કેળવણી મફત અને ફરજિયાત કરનાર દેશનું પ્રથમ દેશી રાજય અને રાજવી કોણ હતા?
(Zonal Ofc. 92 / 2020-21)
(A) વડોદરા - સયાજીરાવ ત્રીજો
(B) ભાવનગર - તખ્તસિંહજી

(C) રાજકોટ - લખાજીરાજ
**(D) ગોંડલ - ભગવતસિંહજી**

583. 'સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ'ની બાબતો પર વિચાર કરી કઈ બાબત સુસંગત નથી તે જણાવો. (Zonal Ofc. 92 / 2020-21)
(A) તેઓ સમય ગુજરાતના ઈતિહાસનો સુવર્ણ યુગ કહેવાય છે.
(B) સોલંકી વંશનો સૌથી મહાન અને પ્રતાપી રાજા પુરવાર થયો.
(C) સુપ્રસિદ્ધ જૈનાચાર્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય દરબારના રત્ન સમાન હતા.
**(D) વિજયની સ્મૃતિમાં 'પૃથ્વીવલ્લભ' બિરૂદ ધારણ કર્યું.**

584. જૈન પરંપરાના ચાર મહાવ્રતોનો ઉપદેશ તીર્થંકર પાર્શ્વનાથએ આપ્યો હતો, પરંતુ મહાવીરે તેમાં પાંચમું \ ઉમેરેલું મહાવ્રત કયું છે? (Zonal Ofc. 92 / 2020-21)
(A) અપરિગ્રહ (B) સત્ય
**(C) બ્રહ્મચર્ય** (D) અસ્તેય

585. નીચેના રાજયવંશોને તેમની સ્થાપનાના યોગ્ય સમયાનુક્રમમાં ગોઠવી, યોગ્ય વિકલ્પ પસંદ કરો. (Zonal Ofc. 92 / 2020-21)
1. નંદવંશ
2. કુશાણવંશ
3. મૌર્યવંશ
4. ગુપ્તવંશ
(A) 2, 1, 3, 4 (B) 3, 1, 2, 4
**(C) 1, 3, 2, 4** (D) 1, 2, 3, 4

586. સમુદ્રગુપ્તના વહીવટી શાસનમાં સમગ્ર સામ્રાજયને જુદાજુદા પ્રાંતોમાં વહેચી, પ્રાંતના મુખ્ય અધિકારીની નિમણૂક થતી, તે અધિકારી શું કહેવાતા હતા? (Zonal Ofc. 92 / 2020-21)
(A) વિષયપતિ કે વિથિપતિ
**(B) ઉપરિક, ગોપ્તા કે ભોગપતિ**
(C) માંડલિક (સૂબો)
(D) મહાદંડનાયક

587. ચરક અને સુશ્રત નામે બે આયુર્વેદાચાર્ય કોના દરબારના વિદ્વવાનો હતા? (Zonal Ofc. 92 / 2020-21)
**(A) કનિષ્ક** (B) ચંદ્રગુપ્ત બીજો
(C) ચંદ્રગુપ્ત મૌર્ય (D) સમુદ્રગુપ્ત

588. બનાસકાંઠા કયા કોંગ્રેસ પ્રમુખે રાજીનામું આપીને કહ્યું કે 'મહાગુજરાતની રચના થયા વગર ધોળી ટોપી પહેરીશ નહી'? (Zonal Ofc. 92 / 2020-21)
**(A) ચુનીભાઈ પટેલ** (B) ભાઈલાલ પટેલ
(C) હરિભાઈ પટેલ (D) દિનકર મહેતા

589. પલ્લવોના શાસન કાળ દરમિયાન ખડકસ્થાપત્યમાં પહાડ કે ડુંગરની અંદર ગુફાની જેમ કોરીને બનાવેલા ગુફામંદિરો કયા નામે જાણીતા છે? (Zonal Ofc. 92 / 2020-21)
(A) કૃષ્ણમંડપ
**(B) મંડપ અને રથ**
(C) સ્તૂપ અને વિહાર
(D) ગોપુરમ

590. કયા મુઘલ રાજાઓએ ગૌ હત્યા પર પ્રતિબંધ લાધ્યો હતો? (Zonal Ofc. 92 / 2020-21)
(A) શાહજહાં અને જહાંગીર
**(B) અકબર અને જહાંગીર**
(C) અકબર અને શાહજહાં
(D) બાબર અને હુમાયુ

591. પંડિત નહેરૂને સરદાર વલ્લભભાઈના કયા કાર્યને 'સમકાલીન ઈતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર પૃષ્ઠ કહ્યુ' ? (Zonal Ofc. 92 / 2020-21)
(A) દેશી રાજ્યોનું વિલીનીકરણ
**(B) સૌરાષ્ટ્રના એકીકરણ**
(C) નાગપુર સત્યાગ્રહમાં સફળ નેતૃત્વ
(D) બારડોલી સત્યાગ્રહ

592. હૈદરાબાદનું ભારત સંઘમાં જોડવા નામે નિઝામ સાથેની મંત્રણા દ્વારા કોઈ સમાધાન ના નીકળતા ભારત સરકારે સૈન્ય કાર્યવાહી કરવાનું નક્કી કયું જે કયા નામે ઓળખાય છે? (Zonal Ofc. 92 / 2020-21)
(A) ઓપરેશન વિજય
(B) ઓપરેશન શકિત
(C) ઓપરેશન બ્લ્યુ સ્ટાર
**(D) ઓપરેશન પોલો**

593. સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં સ્ત્રીઓની એક અલગ ટુકડી ઉપરાંત કેટલી લશ્કરી ટુકડીઓ ઉભી કરી હતી? (Legal Ofc. 94/2020-21)
(A) બે **(B) ચાર**
(C) ત્રણ (D) છ

594. ચંપારણમાં યુરોપિયન જમીનના કેટલા ભાગમાં ગળીનું ફરજિયાત વાવેતર કરી, ઉતપાદન સસ્તી કિંમતે વેચવાની ખેડુતોને ફરજ પાડતા હતા? (Legal Ofc. 94/2020-21)
**(A) 3/20** (B) 1/4
(C) 1/5 (D) 2/5

595. કાકોરી ટ્રેન લૂંટવાની યોજનામાં નીચેનામાંથી કોણે ભાગ લીધો હતો? (Legal Ofc. 94/2020-21)
(A) રામપ્રસાદ બિસ્મિલ
(B) અશફાક ઉલ્લાખાં
(C) ચંદ્રશેખર આઝાદ
**(D) ઉપર દર્શાવેલ તમામ**

596. ભારતના ગવર્નર જનરલ ડેલ હાઉસીની ખાલસા નીતિ અંતર્ગત ગેર વહીવટના બહાના નીચેનામાંથી કયા રાજ્યને ખાલસા કરવામાં આવેલ?
(Legal Ofc. 94/2020-21)
(A) જૈતપુર **(B) અવધ**
(C) નાગપુર (D) બઘાત

597. અંગ્રેજોએ ત્રીજો મૈસુર વિગ્રહ કોની સાથે કર્યો હતો?
(Legal Ofc. 94/2020-21)
**(A) ટીપુ સુલતાન** (B) નિઝામ
(C) મરાઠા (D) હૈદરઅલી

598. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા કોણે તૈયાર કરી હતી? (Legal Ofc. 94/2020-21)
(A) બારીન્દ્ર કુમાર ઘોષ
(B) છોટુભાઈ પુરાણી
(C) અંબુભાઈ પુરાણી
**(D) અરવિંદ ઘોષ**

599. મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ, 1919 સુધારામાં સુધારાનો અમલ કઈ રીતે થયો છે અને સુધારાની જરૂરિયાત માટે કેટલા વર્ષ બાદ એક કમિશન નીમવું તેવી જોગવાઈ હતી?
(Legal Ofc. 94/2020-21)
(A) ત્રણ વર્ષ (B) પાંચ વર્ષ
**(C) દસ વર્ષ** (D) બે વર્ષ

600. ભારતની આઝાદી પ્રાપ્ત થયા બાદ સરદાર પટેલના પ્રયત્નથી સંયુકત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતા તેમાં સૌપ્રથમ ભાવનગર રાજ્ય ક્યારે વિલીન થયું હતું?
(Legal Ofc. 94/2020-21)
(A) 15 જાન્યુઆરી, 1948
(B) 15 એપ્રિલ, 1948
(C) 18 જાન્યુઆરી, 1948
**(D) 15 ફેબ્રુઆરી, 1948**

601. નેડિયોન નીચેનામાંથી કયા વંશનો પ્રસિદ્ધ શાસક હતો?
(Legal Ofc. 94/2020-21)
**(A) પાંડ્ય** (B) પલ્લવ
(C) ચેર (D) ચોલ

602. કયા એક્ટ દ્વારા ભારત સાથેના વ્યાપાર પર ચાલતો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો એકાધિકાર સમાપ્ત કરવામાં આવ્યો હતો? (Legal Ofc. 94/2020-21)
(A) નિયામક ધારો, 1773
(B) હિંદ ધારો/પીટનો ધારો 1784
**(C) ચાર્ટર એક્ટ, 1813**
(D) નવો ચાર્ટર એક્ટ, 1833

603. ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનું શ્રેય કયા ગવર્નર જનરલને ફાળે જાય છે? (Legal Ofc. 94/2020-21)
(A) વોરન હેસ્ટિંગ્ઝ (B) વિલિયમ બેન્ટિક
(C) લોર્ડ મેકોલ **(D) કોર્નવોલિસ**

604. રાષ્ટ્રીય વિકાસ પરિષદની રચના કયા વર્ષમાં થઈ હતી?
(Legal Ofc. 94/2020-21)
(A) 1951 **(B) 1952**
(C) 1950 (D) 1954

605. ડેલહાઉસી (Dalhousie)એ નીચેના પૈકી ક્યાં રાજ્યો ખાલસા કરેલ હતા? (Addi. Engr. 98/2020-21)
1. સતારા
2. સાંબલપુર
3. નાગપુર
4. કાશી
5. કોશલ
(A) ફક્ત 1, 3 અને 5 (B) ફક્ત 1, 3 અને 4
**(C) ફક્ત 1, 2 અને 3** (D) 1, 2, 3, 4 અને 5

606. ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા સૌપ્રથમ પ્રયોગાત્મક ધોરણે ટેલિગ્રાફ સેવાઓ ________ અને________શરૂ કરવામાં આવેલ હતી?
(Addi. Engr. 98/2020-21)
**(A) કલકત્તા અને ડાયમંડ હાર્બર**
(B) પેશાવર અને મુંબઈ
(C) મુંબઈ અને વસઇ
(D) મુંબઈ અને થાણે

607. નીચેના પૈકી ક્યું જોડકું યોગ્ય નથી?
(Addi. Engr. 98/2020-21)
**(A) ધી ડિપ્રેસ્ડ ક્લાસ મિશન - ધોન્ડો કેશવ કર્વે**
(B) સોશિયલ સર્વિસ લીગ - નારાયણ મલ્હાર જોષી
(C) ડેક્કન એજ્યુકેશન સોસાયટી - બાલગંગાધર તિલક
(D) સંબાદ કૌમુદી - રાજા રામમોહન રોય

608. ભારતમાં ટોડરમલ દ્વારા શરૂ કરવામાં આવેલી રૈયતવારી પ્રથાને બ્રિટિશ શાસનમાં ફરીથી કોણે સ્થાન આપેલ હતું?
(Addi. Engr. 98/2020-21)
(A) લૉર્ડ રિપન
**(B) સર થોમસ મનરો**
(C) વિલિયમ વિલ્સન હંટર
(D) લૉર્ડ કેનિંગ

609. રાષ્ટ્રીય કોંગ્રેસના ત્રીજા અધિવેશનમાં પ્રમુખ તરીકે કોને ચૂંટવામાં આવેલ હતા? (Addi. Engr. 98/2020-21)
(A) વ્યોમેશચંદ્ર બેનરજી
**(B) બદરૂદ્દીન તૈયબજી**
(C) સુરેન્દ્રનાથ બેનરજી
(D) દાદાભાઈ નવરોજી

610. લાલ કિલ્લાનો મુકદમો (The Indian National Army Trials)માં બચાવ પક્ષના મુખ્ય વકીલ કોણ હતા?
(Addi. Engr. 98/2020-21)
(A) શ્રી ઉછંગરાય ઢેબર
(B) શ્રી બાલકૃષ્ણ ગોખલે

(C) શ્રી મહાત્મા ગાંધીજી

**(D) શ્રી ભુલાભાઈ દેસાઈ**

611. દ્રવિડ કુળની ભાષામાં સોથી પ્રાચીન ભાષા કઈ છે ? (Addi. Engr. 98/2020-21)

(A) તેલુગુ **(B) તામિલ**

(C) કન્નડ (D) મલયાલમ

612. પ્રેસીડેન્સી શહેરો (presidency Towns) માં કયા વર્ષમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવેલ હતી ? (Addi. Engr. 98/2020-21)

(A) 1855 (B) 1856

**(C) 1857** (D) 1858

613. અમદાવાદના રાયપુર દરવાજા બહાર વાઈસરોય મિન્ટો ઉપર બોમ્બ નાખવાનો બનાવ ક્યારે બનેલ હતો ? (Addi. Engr. 98/2020-21)

**(A) ઈ.સ. 1909** (B) ઈ.સ. 1907

(C) ઈ.સ. 1905 (D) ઈ.સ. 1903

614. ત્રીજો મૈસુર વિગ્રહ વખતે, બ્રિટિશ સૈન્યનું નેતૃત્વ કોણે કરેલ હતુ ? (Addi. Engr. 98/2020-21)

(A) સર જોન સોર

(B) વૉરન હેસ્ટીંગ

(C) વેલેસ્લી

**(D) લૉર્ડ કોર્નવોલીસ**

615. ગાંધીજીના સંદભંમાં નીચેના વાક્યો ચકાસો : (Addi. Engr. 98/2020-21)

1. સાઉથ આફ્રિકાથી પરત આવ્યા બાદ સૌ પ્રથમ જીવણલાલ બેરિસ્ટરના મકાનમાં કોચરબ ખાતે 1915માં પ્રથમ આશ્રમ
2. સ્થાપેલ હતો.
3. 1917માં, 36 એકર જમીન સાબરમતી નદીના કીનારે, નવા આશ્રમમાં પ્રસ્થાન કરવામાં આવ્યું.
4. વિનોબા ભાવે દ્વારા પવનાર (paunar) આશ્રમની સ્થાપના કરેલ હતી.

(A) ફક્ત 1 અને 2 વાક્યો યોગ્ય છે.

(B) ફક્ત 1 અને 3 વાક્યો યોગ્ય છે.

(C) ફક્ત 2 અને 3 વાક્યો યોગ્ય છે.

**(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.**

616. ‘સશસ્ત્ર ક્રાન્તિની યોજના’ ‘ભવાની મંદિર’ પુસ્તકમાં દર્શાવેલ છે. આ પુસ્તકના લેખક કોણ હતા ? \ (Addi. Engr. 98/2020-21)

(A) ગોપાલક્રિષ્ણ ગોખલે

(B) લોકમાન્ય તીલક

**(C) અરવિદ ઘોષ**

(D) સુભાષચંદ્ર બોઝ

617. ભારતનું પ્રથમ છાપુ (વર્તમાનપત્ર)( News Paper) કયું હતું? (Estate Inspector 103/2020-21)

(A) ધી હિન્દુ

(B) ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

**(C) ધી બંગાલ ગેઝેટ (The Bengal Gazette)**

(D) કેસરી

618. “ભારત છોડો આંદોલન” કોના સંદર્ભમાં શરૂ કરવામાં આવેલ હતું? (Estate Inspector 103/2020-21)

(A) કેબીનેટ મિશન પ્લાન

(B) વોવેલ પ્લાન

(C) સાયમન કમિશન રીપોર્ટ

**(D) ક્રિપ્સ પ્રસ્તાવ / ક્રિપ્સ મિશન**

619. નીચેના પૈકી કયા નેતા સ્વરાજને ઈનામ નહીં પરંતુ હક્ક્થી મેળવવા માંગતા હતા? (Estate Inspector 103/2020-21)

1. દાદાભાઈ નવરોજી
2. બાળગંગાધર ટિળક
3. લાલા લજપતરાય
4. બિપિનચંદ્ર પાલ

(A) 1, 2 અને 3 **(B) 2, 3 અને 4**

(C) 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

620. ભારતમાં શાસન કરનાર નીચેના વંશને કાલક્રમાનુસાર ગોઠવીને સાચો વિકલ્પ પસંદ કરો? (Estate Inspector 103/2020-21)

1. તુઘલક વંશ
2. સૈયદ વંશ
3. ગુલામ વંશ
4. ખિલજી વંશ
5. લોદી વંશ

(A) 3, 4, 2, 1, 5 (B) 3, 4, 5, 1, 2

**(C) 3, 4, 1, 2, 5** (D) 4, 2, 3, 1, 5

621. હડપ્પન સંસ્કૃતિના અવશેષોમાં મળેલ ટેરાકોટામાં નીચે દર્શાવેલ પ્રાણીઓ પૈકી કયા પ્રાણીનું પ્રતિનિધિત્વ જોવા મળતું નથી? (Estate Inspector 103/2020-21)

**(A) ગાય** (B) ગેંડો

(C) હાથી (D) બળદ

622. પંદરમી સદીમાં વલભી ખાતે મૈત્રક વંશની સ્થાપના કોણે કરી હતી? (Estate Inspector 103/2020-21)

(A) ધારસેન પહેલો **(B) સેનાપતિ ભટ્ટાર્ક**

(C) ધ્રુવસેન પહેલો (D) દ્રોણસિંહ

623. ભારતામાં બ્રિટિશ સર્વોપારિતા સામેનો ફ્રેન્ચ પડકારનો ..........સાથે અંત આવ્યો. (Estate Inspector 103/2020-21)

(A) પ્લાસી યુદ્દ્ધ

(B) બકસરના યુદ્ધ

**(C) વાંડીવાશના યુદ્ધ**

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

624. બ્રિટિશરોએ ભારતમાં નવા પ્રદેશો મેળવવા માટે નીચેના પૈકી કઈ વિવિધ વ્યૂરચનાઓ/પદ્ધતિઓનો ઉપયોગ કર્યો ? (Estate Inspector 103/2020-21)
1. હૈદરાબાદ હસ્તગત કરવા માટે સહાયકારી યોજના.
2. સતારા હસ્તગત કરવા માટે ખાલસા નીતિ.
3. મરાઠાઓની જમીન પડાવી લેવા યુદ્ધ.
4. ગેરવહીવટના મામલે અવધને કબજે કરી લેવું.
(A) ફક્ત 1 અને 2
(B) 1, 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

625. નીચેની પૈકી કઈ ગાંધીના રાષ્ટ્રવાદી વિચારની વિશેષતા નથી? (Estate Inspector 103/2020-21)
**(A) બિન-પ્રેરણાત્મક અને બિન સમાધાનકારી**
(B) સહિષ્ણુતા
(C) આધ્યાત્મિકતા
(D) સહાનુભૂતિશીલ વલણ

626. યાદી I સાથે યાદી II જોડો અને નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો. (Estate Inspector 103/2020-21)

| યાદી I | યાદી II |
|---|---|
| 1. કુંવર સિંહ | a. ગ્વાલિયર ખાતે બ્રિટીશ આર્મી સામે લડતા મૃત્યુ |
| 2. નાના સાહેબ | b. ઈજાઓ થવાનો કારણે તેના/તેણીના પૂર્વજોના ઘર ખાતે મૃત્યુ |
| 3. બકત ખાન | c. નેપાલ તરફ નાસીગયા |
| 4. રાણી લક્ષ્મીભાઈ | d. અવધ ખાતે બ્રિટિશો સામે લડતા મૃત્યુ |

**(A) 1-b, 2-c, 3-d, 4-a**
(B) 1-d, 2-c, 3-b, 4-a
(C) 1-c, 2-a, 3-d, 4-b
(D) 1-a, 2-b, 3-c, 4-d

627. નીચેના પૈકી કઈ જોડી ખોટી રીતે જોડાયેલ છે? (Estate Inspector 103/2020-21)

| શાસક | | રાજવંશ |
|---|---|---|
| **(A) વસ્તુમિત્ર** | - | **કાનવા** |
| (B) બિમ્બીસાર | - | મગધ |
| (C) બિંદુસાર | - | મૌર્ય |
| (D) દેવભૂતિ | - | શુંગા |

628. ગુજરાત વાર્નક્યુલર સોસાયટીની સ્થાપના..........દ્વારા થયેલ હતી. (Estate Inspector 103/2020-21)
(A) નર્મદ
**(B) એ.કે. ફોર્બસ**
(C) દલપતરામ
(D) ઉપરના પૈકી કોઈ પણ નહિં

629. નીચેના વિધાનો એ .................... સલ્તનત શાસક સાથે સંકળાયેલા છે. (Industrial ofc. 108/ 2019-20)
1. તેણે " Blood and iron" (રકત અને લોહ) ની નીતિ અપનાવી હતી.
2. તે સિજદા અને પાઈબોસ (Sijada and Paibos) ના સમારોહનો આગ્રહ રાખતો હતો.
3. તેણે લશ્કરી વિભાગ (દિવાન - એ - અર્ઝ)નું પુનર્ગઠન કર્યું અને જે સૈનિક હવે સેવા માટે યોગ્ય ન હતા તેમને પેન્શન આપી દીધું.
(A) કુતબુદ્દીન ઐબક (B) ઈલ્તુમીરા
**(C) બલ્બન** (D) અલાઉદ્દીન ખીલજી

630. લંડનમાં વાર્ષિક ધોરણે યોજાતી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પસંદગી પામી ભારતીય સિવિલ સેવામાં જોડનારા પ્રથમ ભારતીય .................... હતા. (Industrial ofc. 108/ 2019-20)
**(A) સત્યેન્દ્રનાથ ટાગોર** (B) સુરેન્દ્રનાથ બેનરજી
(C) અરવિંદો ઘોષ (D) દાદાભાઇ નવરોજી

631. પ્રાચીન ભારતમાં વિષ્ટી એ શું હતું ? (Industrial ofc. 108/ 2019-20)
(A) સોનાના નિભાવ માટે આમ જનતા પર લગાવવામાં આવતો કર.
**(B) શાહી સૈન્ય અને અધિકારીઓની સેવા માટે બળજબરી મજૂરી (Forced Labour)**
(C) એક પ્રકારની વિધિ
(D) એક પ્રકારનું જમીન અનુદાન

632. નીચેના પૈકી કઇ બાબતે ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરી ? (Industrial ofc. 108/ 2019-20)
1. charter Act of 1813
2. General Committee of Public instruction, 1823
3. Orientalist (પ્રાચ્ય) and Anglicist (અંગૂલીવાદી) Controversy
(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2
(C) માત્ર 1 અને 3 **(D) 1, 2 અને 3**

633. છેલ્લા ચાલુક્ય રાજાને ............... દ્વારા હરાવવામાં આવ્યા હતા. (Industrial ofc. 108/ 2019-20)
**(A) ઉલુઘ ખાન** (B) અહેમદ શાહ
(C) ઘોરી (D) ફિરોઝ શાહ

634. પીલાજી ગાયકવાડના અનુગામી એ તેમના પુત્ર ............... બન્યા (Industrial ofc. 108/ 2019-20)
(A) દામાજી પહેલા **(B) દામાજી બીજા**
(C) ખાંડે રાવ (D) મલ્હાર રાવ

635. કોના શાસન હેઠળ ગુજરાત એ મુઘલ વંશનો ભાગ બન્યું ? (Industrial ofc. 108/ 2019-20)

(A) બાબર (B) હુમાયુ
**(C) અકબર** (D) જહાંગીર

636. પશ્ચિમ ક્ષત્રપોના રૂદ્રદામન - પહેલા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સત્ય છે ?
(Industrial ofc. 108/ 2019-20)
1. તે ચસ્તાનાનો પૌત્ર હતો.
2. તેણે કાઠિયાવાડમાં સુદર્શન તળાવનું સમારકામ કરાવ્યું.
3. વશિષ્ઠિપુત્ર સપ્તકરણીએ તેનો જમાઈ (Son in Law) હતો.
4. અગાઉ નહાપાન ના તાબા હેઠળના મોટા ભાગના પ્રદેશો તેણે જીતીને પાછા મેળવી લીધા હતા.
(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 3 **(D) 1, 2, 3 અને 4**

637. નીચેના પૈકી કોણે મોરબીમાં ટેલીફોનીક સંદેશાવ્યવહારની શરૂઆત કરી ?
(Industrial ofc. 108/ 2019-20)
(A) કાન્યાજી રાવ (Kanyaji Ravaji)
(B) જાયાજી રાવજી (Jayaji Ravaji)
(C) લખધીરજી રાવજી (Lakhdhirji Ravaji)
**(D) વાઘજી રાવજી (Waghjhi Ravaji)**

638. ગુજરાત એ ........................ ના શાસન દરમિયાન સૌ પ્રથમવાર તુર્કોના શાસન હેઠળ આવ્યું હતું.
(Industrial ofc. 108/ 2019-20)
(A) બલ્બન **(B) અલાઉદ્દીન ખીલજી**
(C) મહંમદ બીન તુઘલક (D) ફીરૂક તુઘલક

639. 1857 વિપ્લવ બાદ બ્રિટિશ સેનાના પુનર્ગઠન બાબતે નીચેના પૈકી કયું વિધાન/ કયા વિધાનો સત્ય છે?
(Industrial ofc. 108/ 2019-20)
1. સૈન્યમાં યુરોપીયનોનું પ્રતિશત ઘટાડવમાં આવ્યું હતું.
2. સૈન્યમાં જુદા જુદા જૂથોમાં ભાગલા પાડવા માટે શીખ, ગુરખા જેવી કેટલીક જાતિઓ બિન લડાયક જાહેર કરવામાં આવી હતી.
(A) માત્ર 1
(B) માત્ર 2
(C) માત્ર 1 અને 2
**(D) 1 અથવા 2 એકપણ નહીં**

640. નીચેના પૈકી કઈ સંસ્થાઓ એ હિંદ છોડો ચળવળમાં ભાગ લીધો હતો.? (Industrial ofc. 108/ 2019-20)
1. હિંદ મહાસભા
2. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS)
3. મુસ્લીમ લીગ
(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
**(D) ઉપરના પૈકી એકપણ નહીં**

641. ભારતના કિલ્લાઓ અને તેના રાજ્ય સંબંધિત જોડીઓ પૈકી કઇ જોડી યોગ્ય નથી.
(Lec.Nursing 114/2019-20)
(A) ચીત્તોડગઢ (Chittorgarh Fort)- રાજસ્થાન
(B) ગોવલ કોંડા ફોર્ટ (Golkonda) - તેલંગણા
**(C) વારાગલ ફોર્ટ (Warangal Fort)-તામિલનાડુ**
(D) કાંગરા ફોર્ટ (Kangra Fort) - હિમાચલ પ્રદેશ

642. નીચેના વાક્યો ચકાસો (Lec.Nursing 114/2019-20)
1. ચંદ્રગુપ્ત મૌર્યના શાસનકાલમાં મેગેસ્થનિસ ભારત આવેલ અને તેણે ચંદ્રગુપ્તની શાસન વ્યવસ્થા, સમાજ
2. વ્યવસ્થા વેપાર વાણિજ્ય જેવી બાબતો વર્ણવેલી છે. ચીનથી ફહિયાન, યુઅન-શ્વાંગ અને ઈત્સિંગ મુખ્ય પ્રવાસીઓ હતા, તેઓએ બૌદ્ધ ધર્મ, સમ્રાટ હર્ષવર્ધન નાલંદા વિશ્વ વિદ્યાલય વગેરેનું વર્ણન કરેલ છે.
(A) 1 વાક્ય યોગ્ય છે.
(B) 2 વાક્ય યોગ્ય છે.
**(C) 1 અને 2 બંને વાક્ય યોગ્ય છે.**
(D) 1 અને 2 બંને વાક્ય યોગ્ય નથી.

643. ગુજરાતના સ્થાપત્યો અને તેના સ્થળ અંગેની જોડીઓ પૈકી કઇ જોડી યોગ્ય નથી.
(Lec.Nursing 114/2019-20)
(A) સૂર્યમંદિર-મોઢેરા (જીલ્લો-મહેસાણા)
**(B) સહસ્ત્રલિંગ તળાવ-ઘુમલી (પોરબંદર)**
(C) રૂદ્રમહાલય-સિધ્ધપુર
(D) કીર્તિતોરણ-વડનગર

644. હડપ્પીય નગર આયોજન અને તેના સ્થળની જોડીઓ પૈકી કઇ જોડી યોગ્ય નથી.
(Lec.Nursing 114/2019-20)
(A) સ્નાનાગર અને તેની ચારે બાજુ ઓરડાઓ-મોંહે જો દડો
(B) વિશિષ્ટ પ્રકારના અનાજના કોઠારો - હડપ્પા
(C) તાંબાનો વિપુલ જથ્થો-કાલીબંગન
**(D) ખેડેલા ખેતરો અને કૃષિ ક્ષેત્રનો વિકાસ-ધોળાવીરા**

645. ઉપનિષદમાં જણાવેલ દાર્શનિક વિચારધારા ષડ્દર્શન અને તેના રચયિતાને યોગ્ય રીતે ગોઠવો.
(Lec.Nursing 114/2019-20)

| દર્શન | રચયિતા |
|---|---|
| 1. સાંખ્ય | a. મહર્ષિ જૈમિન |
| 2. ન્યાય | b. મહર્ષિ કપિલ |
| 3. વૈશેષિક | c. મહર્ષિ ગૌતમ |
| 4. પૂર્વમીમાંસા | d. મહર્ષિ કણાદ |

**(A) 1-b, 2-c, 3-d, 4-a** (B) 1-c, 2-d, 3-a, 4-b
(C) 1-d, 2-a, 3-b, 4-c (D) 1-a 2-b, 3-c, 4-d

646. 16 મહાજનપદો પૈકી મહાજનપદનું નામ અને તેના રાજધાનીના નામની જોડીઓ પૈકી કઇ જોડી/જોડીઓ યોગ્ય છે? (Lec.Nursing 114/2019-20)

1. અંગ-ચંપા (માલિની)
2. કાશી-ગિરિવ્રજ/રાજગૃહ
3. કોશલ-મિથિલા
4. વત્સ-મથુરા

**(A) માત્ર 1**
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 1, 2 અને 4

647. નીચેના વાક્યો ચકાસો (Lec.Nursing 114/2019-20)

1. ઇલ્તુત્મિશની પુત્રી રઝિયા તેની ઉત્તરાધિકારી હતી. તેણીએ બધી જ જગ્યાઓ માત્ર અમીરોને ન આપતા બધી જ જાતિના લોકોને નિમણૂંક આપેલ.
2. ગ્યાસુદીન બલ્બનના દરબારમાં અમીર ખુશરો અને અમીર હસન જેવા સાહિત્યકારો હતા.
3. અલ્લાઉદીન ખલજીએ પોતાના વિજયોના કારણે જાણીતો છે, તેના સરદારે પ્રતાપ રૂદ્રદેવને હરાવીને કોહીનૂર હીરો મેળવેલ હતો.

(A) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(B) 1 અને 3 વાક્યો યોગ્ય છે.
(C) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
**(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.**

648. મુઘલ યુગના શાસકોને તેના રાજ્ય કારભારના સમયના ક્રમાનુસાર ગોઠવો. (Lec.Nursing 114/2019-20)

(A) બાબર, જહાંગીર, અકબર, શાહજહાં
(B) જહાંગીર, શાહજહાં, બાબર, અકબર
**(C) બાબર, અકબર, જહાંગીર, શાહજહાં**
(D) અકબર, બાબર, જહાગીર, શાહજહાં

649. રાજપૂત કાળ દરમિયાન લખવામાં આવેલ સાહિત્ય અને તેના રચનાકારની જોડીઓ પૈકી કઇ જોડી યોગ્ય નથી ? (Lec.Nursing 114/2019-20)

(A) સંસ્કૃત ભાષાના મહાન કવિ માઘ - શિશુપાલ વધ
(B) કવિશ્રી હર્ષ - નૈષધ ચરિત
(C) હેમચંદ્રાચાર્ય - સિદ્ધહેમ શબ્દાનુશાસન
**(D) બિલ્હણ - મુદ્રા રાક્ષસ**

650. મધ્ય યુગીન ગુજરાતના સંદર્ભમાં નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય નથી? (Lec.Nursing 114/2019-20)

(A) ઇ.સ.746 થી 1306 ના 560 ના વર્ષના સમયગાળામાં ગુજરાતમાં ચાવડા, સોલંકી અને વાઘેલા વંશના શાસકોએ શાસન કરેલું હતું
(B) રાણી ઉદયમતિએ ''રાણીની વાવ'' બનાવેલી હતી.
(C) રાજમાતા મીનલદેવીના કહેવાથી ધોળકામાં મલાવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બાંધવામાં આવ્યા હતા.
**(D) સોલંકી રાજ્યતંત્રમાં ''અષ્ટ પ્રધાન મંડળ'' સર્વોપરી સત્તા ભોગવતા હતા.**

651.

1. એ. ઓ. હ્યૂમના પ્રયત્નોથી 1885 માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કરવામાં આવેલ હતી અને વ્યોમેશચંદ્ર
2. બેનરજીના અધ્યક્ષપદે તેનું પ્રથમ અધિવેશન મળેલું. ચંપારણ સત્યાગ્રહના મુખ્ય હેતુઓ (1) સ્વદેશી માલનો વેપાર કરવો. (2) વિદેશી માલનો બહિષ્કાર કારવો. (3) રાષ્ટ્રીય શિક્ષણ લેવું

ઉપરોક્ત બંને વાક્યો ચકાસો.
(Lec.Nursing 114/2019-20)

(A) 1 વાક્ય અને 2 વાક્ય યોગ્ય છે.
(B) 1 વાક્ય અને 2 વાક્ય બંને વાક્યો યોગ્ય નથી.
(C) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
**(D) માત્ર 1 વાક્ય યોગ્ય છે.**

652. નીચેના પૈકી કયા મહાનુભાવો ક્રાન્તિવીરો ન હતા? (Lec.Nursing 114/2019-20)

(A) વાસુદેવ બળવંત ફડકે અને વીર સાવરકર
**(B) સુરેન્દ્રનાથ બેનરજી અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય**
(C) ખુદીરામ બોઝ અને રામપ્રસાદ બિસ્મિલ
(D) અશફાક ઉલ્લાખાં અને ચંદ્રશેખર

653.

1. હિંદ સ્વતંત્રધારો 1949 મુજબ ભારતીય સંઘ અને પાકિસ્તાન સંઘને સ્વતંત્ર કરવામાં આવેલ હતા અને પોતાનું બંધારણ ઘડવાની મંજુરી આપેલ હતી.
2. ભારતના 562 દેશી રાજ્યો પૈકી 559 રાજ્યોએ ભારત સાથે જોડાવવા સહમતિ આપેલ હતી. આ મહાન કાર્ય શ્રી સરદાર વલ્લભભાઇ પટેલના પ્રયત્નથી સાકાર થયેલ હતું.
3. જુનાગઢને લોકમતને કારણે, હૈદરાબાદ લશ્કરી પગલાને કારણે તથા કાશ્મિર પાક હુમલાને કારણે ભારત સાથે જોડાયેલ હતા.

(Lec.Nursing 114/2019-20)

(A) 1 અને 3 વાક્યો યોગ્ય છે.
**(B) 2 અને 3 વાક્યો યોગ્ય છે.**
(C) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.

654. બનાવો અને સંબંધિત તારીખોને યોગ્ય રીતે ગોઠવો. (Lec.Nursing 114/2019-20)

1. 30 જાન્યુઆરી 1948 a. પ્રથમ અણુબોમ્બનો વિસ્ફોટ (Atomic Bomb)

2. 26 જાન્યુઆરી 1950 b. ગાંધીજીની હત્યા
3. 15 ઑગષ્ટ દર વર્ષે c. બંધારણનો અમલ
4. 6 ઑગષ્ટ 1945 d. સ્વાતંત્ર્યતા દિન

(A) 1-c, 2-d, 3-a, 4-b
**(B) 1-b, 2-c, 3-d, 4-a**
(C) 1-d, 2-a, 3-b, 4-c
(D) 1-a, 2-b, 3-c, 4-d

655. નીચેના વિધાનો વિચારણામાં લઈ યોગ્ય વિકલ્પ પસંદ કરો. (Lec.Nursing 115/2020-21)
1. કાલાશોક (કાકવર્ણ) શિશુનાગ વંશનો શાસક હતો.
2. તેણે મગધની રાજધાની રાજગૃહથી બદલીને પાટલીપુત્ર બનાવી હતી.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
**(D) બંને વિધાનો સાચાં છે.**

656. નીચે દર્શાવેલ શાસકો પૈકી કયો શાસક ચેદિ વંશ / મહામેઘવાહન વંશનો હતો? (Lec.Nursing 115/2020-21)
(A) મિમુક (B) પુષ્યમિત્ર
**(C) ખારવેલ** (D) વાસુદેવ

657. ઈ.સ. પૂર્વે કઈ સદીમાં ઈરાનીઓનું આક્રમણ ભારત પર થયું હતું? (Lec.Nursing 115/2020-21)
**(A) 6ટ્ઠી (છટ્ઠી)** (B) 5મી (પાંચમી)
(C) 4થી (ચોથી) (D) 3જી (ત્રીજી)

658. હડપ્પીય સભ્યતાના નીચેનામાંથી કયા નગરમાં રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ મળી આવી છે? (Lec.Nursing 115/2020-21)
(A) કાલીબંગન **(B) ધોળાવીરા**
(C) લોથલ (D) હડપ્પા

659. ગુજરાત, સોરાષ્ટ્ર અને પશ્ચિમ માળવાના વિશાળ પ્રદેશ પર વિજય મેળવીને તેને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવીને કયા રાજવીએ "સિંહવિક્રમ" ઉપાધિ ધારણ કરી હતી? (Lec.Nursing 115/2020-21)
(A) ચંદ્રગુપ્ત પ્રથમએ
(B) કુમારગુપ્તએ
(C) સમુદ્રગુપ્ત
**(D) ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્ય)**

660. સિકંદરને ભારત પર ચઢાઈ કરવા માટે મદદ કરનાર ભારતીય કોણ હતો? (Lec.Nursing 115/2020-21)
(A) શશીગુપ્ત
(B) આંભિકુમાર
**(C) (A) તથા (B) બંને**
(D) અજાતશત્રુ

661. વેદકાલીન રાજ્યવ્યવસ્થાના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો : (Lec.Nursing 115/2020-21)
1. વૈદિક્યુગમાં કબીલાઈ પ્રકારની રાજ્યવ્યવસ્થા જોવા મળે છે.
2. 'સભા' અને 'સમિતિ' જેવી રાજકીય સંસ્થાઓ હતી.
3. મહિલાઓ રાજકીય સંસ્થામાં જોડાઈ શકતી ન હતી.
4. રાજાનું પદ વંશપરંપરાગત હતું.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો ખોટાં છે?
(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1, 2 અને 4
(C) બધાંય વિધાનો ખોટાં છે.
**(D) માત્ર 3 અને 4**

662. કયા ચાર્ટર એક્ટ દ્વારા સનદી સેવામાં પ્રવેશ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની જોગવાઈ કરવામાં આવી હતી? (Lec.Nursing 115/2020-21)
(A) ઈ.સ. 1773ના
**(B) ઈ.સ. 1853ના**
(C) ઈ.સ. 1784ના
(D) ઈ.સ. 1813ના

663. અમદાવાદમાં વાઈસરોય મિન્ટો અને લેડી મિન્ટો ઉપર બે વખત બોંબફેંકાયા હતા. આ બોંબ ફેંકનારાઓમાં નીચેના પૈકી કોણ હતા? (Lec.Nursing 115/2020-21)
(A) મોહનલાલ કામેશ્વર પંડ્યા (ડુંગળીચોર)
(B) પૂંજાભાઈ વકીલ
(C) વસંતરાવ વ્યાસ
**(D) ઉપરના ત્રણેય**

664. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઈ.સ. 1885 - 1947 દરમ્યાન યોજાયેલ અધિવેશનમાં સૌથી વધુ વખત અધિવેશન નીચેના પૈકી કયા સ્થળે યોજાયેલ હતું? (Lec.Nursing 115/2020-21)
(A) મુંબઈ (B) મદ્રાસ
**(C) કોલકત્તા** (D) અલાહાબાદ

665. ભારતમાં આરબોનું પ્રથમ આક્રમણ નીચેના પૈકી ક્યાં થયું હતું? (Lec.Nursing 115/2020-21)
**(A) મુંબઈ-થાણે ઉપર** (B) વલભી ઉપર
(C) સિંધ ઉપર (D) મગધ ઉપર

666. ગુજરાત પછી જેનો દરિયાકિનારો સૌથી મોટો છે તેવું નીચેના પૈકી કયું રાજ્ય છે? (Lec.Nursing 115/2020-21)
(A) મહારાષ્ટ્ર
**(B) આંધ્રપ્રદેશ**
(C) કેરાલા
(D) કર્ણાટક

667. 1956 માં રચાયેલ "મૈસૂર" રાજ્યનું નામ બદલીને "કર્ણાટક" કયા વર્ષમાં કરવામાં આવેલ છે?
(Lec.Nursing 115/2020-21)
(A) 1962 (B) 1970
(C) 1972 **(D) 1973**

668. બાલ ગંગાધર ટિલકના માતાનુસાર આર્યોનું મૂળ નિવાસ સ્થળ કયું માનવામાં આવે છે?
(J.Commissioner food 116/2020-21)
(A) તિબેટ (B) મધ્યપ્રદેશ (બૈકટ્રિયા)
**(C) ઉત્તરધ્રુવ** (D) સપ્ત સિંધુ પ્રદેશ

669. લંબચોરસ સાત અગ્નિ વેદિકાઓના અવશેષો નીચેનામાંથી કયા સ્થળે પ્રાપ્ત થયેલ છે?
(J.Commissioner food 116/2020-21)
**(A) કાલીબંગા** (B) લોથલ
(C) રંગપુર (D) બનાવલી

670. બુદ્કના સમયમાં દસ ગણતંત્રો હતા, જેમાં રામગ્રામમાં કયું ગણતંત્ર હતું?
(J.Commissioner food 116/2020-21)
(A) શાક્ય (B) ભગ્ગ
(C) બુલી **(D) કોલિય**

671. સિકંદરના આક્રમણ સમયે ઉત્તર ભારત પર નીચેના રાજવંશો પૈકી કોનું શાસન હતું?
(J.Commissioner food 116/2020-21)
(A) મૌર્ય વંશ (B) શુંગ વંશ
**(C) નંદ વંશ** (D) કણ્વ વંશ

672. બીજી બૌદ્ધ સંગીતિ વૈશાલીમાં કોના અધ્યક્ષપદે થઈ હતી? (J.Commissioner food 116/2020-21)
(A) અજાતશત્રુ **(B) કાલાશોક**
(C) અશોક (D) કુણાલ

673. સમ્રાટ અશોકનો બ્રહ્મગિરિ શિલાલેખ કયા સ્થળે આવેલ છે? (J.Commissioner food 116/2020-21)
(A) પુરી (B) થાણે
**(C) મૈસૂર** (D) મિર્ઝાપુર

674. પૃથ્વીરાજ ચૌહાણ અને મુહમ્મદ ઘોરી વચ્ચે પહેલું તરાઈનું યુદ્ધ કયા વર્ષમાં થયું હતું?
(J.Commissioner food 116/2020-21)
(A) 1186 (B) 1190
(C) 1192 **(D) 1191**

675. નીચેનામાંથી કયા રાજવીએ "રામરાજ" તથા "વિંધ્યનરેશ" ની ઉપાધિ ધારણ કરી હતી?
(J.Commissioner food 116/2020-21)
(A) શાતકર્ણી પ્રથમ
(B) વશિષ્કપુત્ર પુલુમાથી
**(C) ગૌતમીપુત્ર શાતકર્ણી**
(D) યજ્ઞશ્રી શાતકર્ણી

676. નીચેનામાંથી કયું સાચું નથી?
(J.Commissioner food 116/2020-21)

| વંશ | | સ્થાપક |
|---|---|---|
| 1. કણ્વ વંશ | - | વાસુદેવ |
| 2. ગુપ્ત વંશ | - | શ્રી ગુપ્ત |
| 3. પલ્લવ વંશ | - | સિંહવિષ્ણુ |
| 4. પાલ વંશ | - | હરિચન્દ્ર |

**(A) 4** (B) 3
(C) 2 (D) 1

677. મુહમ્મદ બિન કાસિમે કયા વર્ષમાં સિંધ પર વિજય મેળવેલ હતો? (J.Commissioner food 116/2020-21)
(A) ઈ.સ. 713 (B) ઈ.સ. 714
(C) ઈ.સ. 716 **(D) ઈ.સ. 712**

678. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના વર્ષ ઈ.સ. 1885માં થઈ ત્યારે ભારતમાં વાઈસરોય તરીકે કોણ હતું?
(J.Commissioner food 116/2020-21)
(A) લોર્ડ સ્પિન (B) લોર્ડ લૈસ ડાઉન
**(C) લોર્ડ ડફરિન** (D) લોર્ડ એલ્ગિન દ્વિતીય

679. છત્રપતિ શિવાજી અષ્ટપ્રધાન પ્રશાસનિક વ્યવસ્થામાં વિદેશી બાબતોની દેખરેખ રાખનાર મંત્રી કયા નામે ઓળખાતા હતા?
(J.Commissioner food 116/2020-21)
(A) અમાત્ય **(B) સુંમત / દબીર**
(C) પેશવા (D) વાકિયા નવીસ

680. નાલંદાની સુપ્રસિદ્ધ વિદ્યાપીઠ, મથુરાની જૈન પ્રતિમા અને નાલંદા સુલતાનગંજ ની બૌદ્ધ તામ્રમુર્તિઓ કયા રાજા/શાસક ના સમયમાં સ્થપાઈ હતી? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) સ્કંદ ગુપ્ત (B) ચંદ્રગુપ્ત વિક્રમાદિત
**(C) કુમારગુપ્ત** (D) સમુદ્રગુપ્ત

681. શેરશાહની બહાદુરીથી પ્રભાવિત થઈ કોણે તેને 'શેરખાન' નો ખિતાબ આપ્યો હતો? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) બહાદુરશાહ
(B) હુમાયું
(C) ઈસ્માઈલખાં લોહાની
**(D) બહારખાં લોહાની**

682. કવિ ખબરદાર કૃત 'શૂરા બાવીસ હજાર' નામે કાવ્ય કોની યાદ અપાવે છે? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) રાણો સંગ (B) રાણી લક્ષ્મીબાઈ
(C) રાણી દુર્ગાવતી **(D) રાણા પ્રતાપ**

683. મહાગુજરાત આંદોલન સમયે આબુ, બાંસવાડા, ડાંગ અને ઉમરગામને ગુજરાતમાં સમાવવાના દસ્તાવેજી પુરાવા રજૂ કરનાર કોંગ્રેસી નેતા કોણ હતા? ?

(J. Charity Comm. 122/2020-21)
**(A) નાનુભાઈ દેરાસરી**
(B) ઠાકોરભાઈ દેસાઈ
(C) ઈશ્વરલાલ છોટુભાઈ દેસાઈ
(D) હરિહર ખંભોળજા

684. તમિલ સાહિત્યમાં કઈ બે કૃતિઓને દક્ષિણ ભારતના રામાયણ અને મહાભારત કહે છે? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) નવલેમ્બા અને ન્નુલ
(B) પત્થુપ્પાતુ અને એત્તુથોકાઈ
**(C) શિલપ્પદીકારમ અને મણિમેખલાઈ**
(D) કુરલ અને કમ્બ રામાયણ

685. અનુમૌર્ય કાળમાં જૈન અને બૌદ્ધ ધર્મની સામે ટકી રહેવા માટે બ્રાહ્મણધર્મ(વેદધર્મ)માં મુખ્યત્વે નીચેના પૈકી કઈ એક શાખા નો સૌથી વધુ વિકાસ થયો?
(J. Charity Comm. 122/2020-21)
(A) શક્તિ સંપ્રદાય
**(B) ભાગવત (ભક્તિ) સંપ્રદાય**
(C) આજીવક સંપ્રદાય
(D) લિંગાયત

686. અશોકે ભારહુતનો સ્તૂપ ભારતના કયા રાજ્યમાં બંધાવ્યો હોવાની નોંધ થયેલી છે?
(J. Charity Comm. 122/2020-21)
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર
(C)મહારાષ્ટ્ર **(D) મધ્યપ્રદેશ**

687. ભારતના વાઈસરોય લોર્ડ કર્ઝનના સમયગાળા (ઈ.સ. 1899 થી 1905) દરમિયાન નીચેના પૈકી કઈ ઘટનાનો સમાવેશ થતો નથી? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) સિંચાઈ આયોગ, યુનિવર્સિટી આયોગ અને પોલીસ આયોગની સ્થાપના
(B) ઈન્ડિયન કરન્સી અધિનિયમ પસાર કર્યો
(C) સૌથી વધુ રેલ્વે લાઈનનું વિસ્તરણ થયું
**(D) બંગાળના ભાગલા રદ કરવાની ઘોષણા થઈ.**

688. કયા પારસી સમાજ સુધારકના પ્રયાસોથી 1891માં બ્રિટનની સરકારે ભારતમાં લગ્નમાટેની પુખ્ત વય નક્કી કરતો કાયદો ઘડ્યો હતો? ?
(J. Charity Comm. 122/2020-21)
**(A) બહેરામજી મલબારી**
(B) જમશેદજી તાતા
(C) કે. આર. કામા
(D) દાદાભાઈ નવરોજી

689. સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણ શાસ્ત્રી મહર્ષિ પાણિનિએ કયા ગ્રંથની રચના ઈ.સ. પૂ. કઈ સદીમાં કરી? ? (J. Charity Comm. 122/2020-21)
(A) અષ્ટાંગ હ્યદય (B) અષ્ટાંગ સંગ્રહ
**(C) અષ્ટાધ્યાયી** (D) તોલઅકાપ્પિયમ

690. ભારતીય સંસદભવનના મૂળ મકાનની ડિઝાઈન તૈયાર કરવાની નીચેના પૈકી કોણ હતા? ?
(J. Charity Comm. 122/2020-21)
(A) એડવિન લ્યુટિયન્સ
(B) હર્બટ બેકર
**(C) એડવિન લ્યુટિયન્સ અને હર્બટ બેકર**
(D) બિમલ પટેલ

691. બૌદ્ધ ધર્મના ઉદયમાં જે સ્થાન મૌર્ય રાજા અશોકનું છે, તે સ્થાન ગુજરાતમાં જૈન ધર્મના પ્રભાવક તરીકે સોલંકી રાજા ____________ ધરાવે છે. ?
(J. Charity Comm. 122/2020-21)
(A) સિદ્ધરાજ જયસિંહ
(B) ત્રિભુવનપાલ
(C) ભીમદેવ 1 લો
**(D) કુમારપાલ**

692. હર્ષકાલીન ભારતની શિક્ષણ પ્રથાથી પ્રભાવિત થઈ નાલંદા વિદ્યાપીઠના શિક્ષણની ખુબજ પ્રશંસા કરનાર ચીની મુસાફર કોણ હતા?
(Dep. Dire Health 124/2020-21)
(A) ફા-હયાન
(B) **હ્યુ-એન-ત્સાંગ અને ઈત્સિંગ**
(C) ઈત્સિંગ
(D) ફેકસિયન

693. સમ્રાટ અશોકે પોતાના પાટનગર પાટલિપુત્રમાં કયા મહાન બૌદ્ધ વિચારકના અધ્યક્ષ સ્થાને ત્રીજી બૌદ્ધ પરિષદ બોલાવી હતી?
(Dep. Dire Health 124/2020-21)
(A) મહાકાશ્યપ
(B) ઉપગુપ્ત
(C) **મોગલીપુત્ત તિષ્ય**
(D) આચાર્ય દીપ

694. અકબરે આરસ -પત્થરનો બનાવેલો સૌથી મોટો બુલંદ દરવાજો કોની યાદમાં બંધાવ્યો હતો?
(Dep. Dire Health 124/2020-21)
(A) **ગુજરાત વિજયની યાદમાં**
(B) ગોંડવાના વિજયની યાદમાં
(C) શેખ સલિમ ચિશ્તીની યાદમાં
(D) ગોગ્રા યુદ્ધ વિજયની યાદમાં

695. અંગકોરવાટનું જગપ્રસિદ્ધ વિષ્ણુ મંદિર નીચે પૈકીના કયા એક દેશમાં આવેલું છે, જે હાલ ખંડિત અવસ્થામાં છે?
(Dep. Dire Health 124/2020-21)
(A) સિલોન
(B) સિયામ (થાઈલેન્ડ)

(C) **કંબોડીયા**
(D) જાવા (ઈન્ડોનેશિયા)

696. લોર્ડ કોર્નવોલિસના ન્યાય વિષયક સુધારા અંતર્ગત રૂ. 5000/- થી વધારે રકમનો દીવાની દાવો હોય તો કયાં/કોને અપીલ કરી શકાતી હતી?
(Dep. Dire Health 124/2020-21)
(A) **કિંગ-ઈન-કાઉન્સિલને**
(B) જિલ્લા કલેક્ટરને
(C) બોર્ડ ઓફ રેવન્યુને
(D) દિવાની અદાલતને

697. 'શિવાજીમાં મેઝિનીની દિર્ઘદષ્ટિ, કાવુરની મુત્સદીગીરી, ગેરીબાલ્ડિની હિંમત અને વિલિયમ ઑફ ઑરેન્જનું ધૈર્ય અને નીડરતા હતાં.'- આમ કોણે કહ્યું હતું?
(Dep. Dire Health 124/2020-21)
(A) ખાફીખાન
(B) **પ્રો.એસ. આર. શર્મા**
(C) રિચર્ડ ટેમ્પલ
(D) વિન્સેન્ટ સ્મિથ

698. 'જે ધર્મ વિધવાના આંસુ લૂછી ન શકે, અને ભૂખ્યાને રોટલી આપી ન શકે તે ધર્મ નથી' - આમ કહેનાર નીચેના પૈકી કોણ હતું?
(Dep. Dire Health 124/2020-21)
(A) ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોર
(B) ગાંધીજી
(C) સ્વામી દયાનંદ
(D) **સ્વામી વિવેકાનંદ**

699. ભારતમાં 1780માં અંગ્રેજી ભાષાનું પ્રથમ અખબાર 'બેંગાલ ગેઝેટ'ના તંત્રી નીચેના પૈકી કોણ હતા?
(Dep. Dire Health 124/2020-21 )
(A) **જેમ્સ ઑગસ્ટસ હિકી**
(B) બેનેટ કોલમેન
(C) ગંગાધર ભટ્ટાચાર્ય
(D) સુરેન્દ્રનાથ બેનરજી

700. લોર્ડ ડેલહાઉસીએ કયા કમિશનની નિમણૂક કરીને તે દ્વારા જમીન-જાગીરો જપ્ત કરી હતી?
(Dep. Dire Health 124/2020-21)
(A) રોયલ કમિશન
(B) હંટર કમિશન
(C) **ઈનામ કમિશન**
(D) સેતલવાડ કમિશન

701. ઈ.સ. 1905 માં બંગભંગવિરોધી આંદોલન/ચળવળનો ઉદઘોષ (નારો) શું હતો?
(Dep. Dire Health 124/2020-21)
(A) "ઈન્કલાબ ઝીંદાબાદ"
(B) "કરો યા મરો"
(C) "અમાર સોનાર બાંગલા"
(D) **"વંદે માતરમ"**

702. ઈ.સ. 1820 દરમ્યાન બ્રિટિશ શાસન સામે ઘણો અસંતોષ હતો, પરંતુ નીચેના પૈકી કોણે બ્રિટિશરોની સામે વિરોધ/જંગ કરેલ ન હતો?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) એહોમ (Ahoms)
**(B) સનથાલ (Santhals)**
(C) પેંગલ પનથીસ (Pangal Panthis)
(D) રામોશી (Ramosi)

703. સ્વતંત્ર ભારત સૌ પ્રથમ મહિલા ગર્વનર કોણ હતા?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) શારદા મુખર્જી
(B) વિજયાલક્ષ્મી પંડીત
(C) માર્ગરેટ આલ્વા
**(D) સરોજીની નાયડુ**

704. 1947 માં લોર્ડ માઉન્ટબેટન દ્વારા ભારત પાકીસ્તાનની સીમાઓ (Boundary)નક્કી કરવા માટેના પંચના અધ્યક્ષ કોણ હતા?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) લોર્ડ કર્ઝન (Lord Carzon)
(B) લોર્ડ વાર્વેલ (Lord Wavel)
(C) ક્લેમન્ટ એટલી (Clement Attlee)
**(D) સીરીલ રેડક્લીફ (Cyril Radcliffe)**

705. 1927માં "મહાડ સત્યાગ્રહ" ના મુખ્ય પ્રણેતા કોણ હતા?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) મહાત્મા ગાંધી
(B) સરદાર વલ્લભભાઈ પટેલ
**(C) ડો. બી.આર. આંબેડકર**
(D) જયોતિબા ફુલે

706. અમૃતસર ખાતેનું સુર્વણ મંદિર કોના દ્વારા બાંધવામાં આવેલ હતું?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) ગુરૂ ગોવીંદ સીંઘ
(B) ગુરૂ નાનક
(C) ગુરૂ તેગ બહાદુર
**(D) ગુરૂ અર્જુન દેવ**

707. લોર્ડ ડફરીન દ્વારા 1886 માં સ્થાપવામાં આવેલ આટચીસન કમીશન (Aitichison Commission), કયા હેતુ માટે સ્થાપવામાં આવેલ હતું?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) સુરક્ષા દળોની કાર્યક્ષમતા વધારવા માટે
(B) ભારતીય ન્યાયિક પધ્ધતિ માટે
**(C) ભારતીય વહીવટી સેવા માટે**
(D) ગરીબી દુર કરવા ઉપાયો જણાવવા માટે

708. ભારતના સત્યાગ્રહો(satyagrah) અને તેના સ્થાનની જોડીઓ પૈકી કઈ યોગ્ય નથી?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) સાબરમતી આશ્રમ - અમદાવાદ, ગુજરાત
**(B) સેવાગ્રામ આશ્રમ - ચૌરી ચૌરાહ, ઉત્તરપ્રદેશ**
(C) મણીભવન - મુંબઈ, મહારાષ્ટ્ર
(D) ગુરૂવાયુર - ત્રીસુર, કેરળા

709. ભારતના આદિવાસી સ્વતંત્ર સેનાનીઓના સંદર્ભમાં વાક્યો ચકાસો અને કયું વાક્ય યોગ્ય નથી?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) રાજપીપળા, ગુજરાત ખાતે સૌથી મોટું મ્યુઝીયમ સ્થાપવામાં આવનાર છે. દેશમાં આ પ્રકારના 9 મ્યુઝીયમ બનાવવામાં આવનાર છે.
(B) શહીદ વીર નારાયણ સીંઘની યાદમાં રાયપુર, છતીસગઢ ખાતે મ્યુઝીયમ બાંધવામાં આવશે.
(C) શ્રી બીરસા મુડાની યાદમાં રાચી, ઝારખંડમાં મ્યુઝીયમ બાંધવામાં આવશે.
**(D) રાણી ગઈડિન્લ્યુ (Rani Gaidinliu) ની યાદમાં છીદવાડા, મધ્ય પ્રદેશમાં મ્યુઝીયમ બાંધવામાં આવશે.**

710. નીચેના મહાનુભાવો અને તેઓના કાર્ય અંગેની વિગતોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) શ્યામજી ક્રિષ્ણ વર્મા - ઈંગ્લેન્ડ ખાતે ઇન્ડીયા હાઉસના સ્થાપક, જ્યા ભારતના ઘણા સ્વાતંત્ર સૈનિકો રહેલ હતા.
(B) દાદાભાઈ નવરોજી - The Grand Old Man Of India- ગાંધીજીના અગત્યના સ્વતંત્ર સેનિક.
(C) ઉષા મહેતા - માત્ર 8 વર્ષની ઉંમરે “સાયમન ગો બેક" સાયમન વિરોધમાં ભાગ લેનાર.
**(D) અબ્બાસ તેયાબજી - મહાત્મા ગાંધીની વિચારસરણીમાં ન જોડાનર અને મુંબઈ રાજ્યના મુખ્ય ન્યાયાધીશ**

711. ગુજરાતમાં “બર્બરકા જિષ્ણુ" અથવા “અવંતીકા નાથ” તરીખે કયો રાજા પ્રસિદ્ધ થયેલ છે?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) મૂળરાજ સોલંકી (B) વનરાજ ચાવડા
**(C) સિદ્ધરાજ જયસિંહ** (D) વિસલદેવ વાઘેલા

712. મહાત્મા ગાંધીજી કોને પોતાના ગુરૂ માનતા હતા?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) લોકમાન્ય તિલક
**(B) ગોપાલકૃષ્ણ ગોખલે**
(C) ટોલ્સ ટોય
(D) લાલા લજપતરાય

713. અમદાવાદમા શ્રી વિનોદ કિનારીવાળા અને શ્રી ઉમાકાંત કડિયા કઈ લડતમાં શહીદ થયેલ હતા ?
(Assi. Commissioner Food_118/2020/21)
(A) હોમરૂલ ચળવળ
(B) સવિનય કાનુનભંગ
(C) વ્યક્તિ સત્યાગ્રહ
**(D) “હિંદ છોડો "ચળવળ**

714. ............એ બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દ્વિસરકાર નાબૂદ કરી હતી. (Account offi. 27/2019-20)
(A) વેલેસ્લી **(B) વૉરન હેસ્ટિંગ્સ**
(C) કોર્નવૉલિસ (D) કર્ઝન

715. ડેલહાઉસીએ નીચેના પૈકી કયા રાજ્યોને ખાલસા કર્યા હતા ? (Account offi. 27/2019-20)
i. સતારા
ii. સાંબલપુર
iii. નાગપુર
(A) ફક્ત i, અને ii (B) ફક્ત i, અને iii
(C) ફક્ત ii, અને iii **(D) i, ii, અને iii**

716. ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડીયા કંપની દ્વારા સૌ પ્રથમ પ્રયોગાત્મક ધોરણે ટેલિગ્રાફ સેવાઓ.......અને.......વચ્ચે શરૂ કરવામાં આવી હતી. (Account offi. 27/2019-20)
(A) પેશાવર, મુંબઈ **(B) કલકત્તા, ડાયમંડ હાર્બર**
(C) પુના, થાણે (D) મુંબઈ, મદ્રાસ

717. 1857 ની ક્રાન્તિ દરમિયાન ગુજરાતમાં થયેલી પ્રવૃત્તિઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
(Account offi. 27/2019-20)
i. વડોદરાના મહારાજા ખંડેરાવના સાવકાભાઇ બાપુ ગાયકવાડ, પાટણના મગનલાલ વાણિયા અને વડોદરાના નિહાલચંદ્ર ઝવેરીએ ખંડેરાવને પદભ્રષ્ટ કરી ગુજરાતમાં અંગ્રેજોનું શાસન નાબુદ કરવાની યોજના ઘડી હતી.
ii. મંટોડી (ઇડર રાજ્ય તાબાના)ના ઠાકોર સૂરજમલે વિદ્રોહ કયો.
iii. ઓખા-દ્વારકાના વિસ્તારમાં જોધા માણેકની આગેવાની હેઠળ વિદ્રોહ થયો.
(A) ફક્ત i, અને ii (B) ફક્ત i, અને iii
(C) ફક્ત ii અને iii **(D) i, ii, અને iii**

718. ટી. માધવરાય નીચેના પૈકી કયા રાજ્યોમાં દિવાન તરીકે સેવાઓ આપી છે ? (Account offi. 27/2019-20)
i. વડોદરા ii. ત્રાવણકોર iii. ઈંદોર
(A) ફક્ત i, અને ii (B) ફક્ત i, અને iii
(C) ફક્ત ii અને iii **(D) i, ii, અને iii**

719. જોડકાં જોડો. (Account offi. 27/2019-20)
i. ધી ડીપ્રેસ્ડ કલાસ મિશન a. રાજા રામમોહન રાય

ii. સોશ્યલ સર્વિસસ લીગ — b. બાલગંગાધર તીલક

iii. ડેક્કન એજ્યુકેશન સોસાયટી — c. નારાયણ મલ્હાર જોશી

iv. સંબાદ કૌમુદી — d. વિઠ્ઠલ રામજી શિંદે

**(A) i-d, ii-c, iii-b, iv-a**

(B) i-d, ii-c, iii-a, iv-b

(C) i-c, ii-d, iii-b, iv-a

(D) i-c, ii-d, iii-a, iv-b

720. 1872 ના "ધ નેટિવ મેરેજ એક્ટ" બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ? (Account offi. 27/2019-20)

i. આ કાયદાથી 16 વર્ષની નીચેની વયની છોકરીઓના લગ્નની મનાઇ કરવામાં આવી.

ii. બહુપત્ની પ્રથાને ગુનો તરીકે ગણવામાં આવી.

iii. વિધવા પુનર્લગ્નને અને આંતરજ્ઞાતિય લગ્નને માન્ય રાખવામાં આવ્યાં.

(A) ફક્ત i, અને ii (B) ફક્ત i, અને iii

**(C) ફક્ત ii અને iii** (D) i, ii, અને iii

721. ભારતમાં ટોડરમલ દ્વારા શરૂ કરવામાં આવેલી રૈયતવારી પ્રથાને બ્રિટિશ શાસનમાં ફરીથી.......એ સ્થાન આપ્યું અને તેઓએ આ પ્રથા 1792 માં......... પ્રાંતમાં દાખલ કરી. (Account offi. 27/2019-20)

(A) લોર્ડ રિપન, બંગાળ

(B) વિલિયમ વિલ્સન હંટર, બિહાર

**(C) સર થોમસ મનરો, મદ્રાસ**

(D) લોર્ડ કેનિંગ, બંગાળ

722. .........માં ખેડૂતો દ્વારા અંગ્રેજો સામે કરવામાં આવેલ ચળવળ "કૂકા ચળવળ" ના નામે જાણીતી છે. (Account offi. 27/2019-20)

(A) બિહાર (B) બંગાળ

**(C) પંજાબ** (D) બર્મા (મ્યાનમાર)

723. આદિવાસી આંદોલન બાબતે જોડકાં જોડો. (Account offi. 27/2019-20)

i. ખાસી વિદ્રોહ — a. ઝારખંડ

ii. ખોંડ આંદોલન — b. દક્ષિણ બિહાર (છોટા નાગપુર)

iii. મુંડા વિદ્રોહ — c. ઓરિસ્સા

iv. સંથાલ સ્વાતંત્ર્ય સંઘર્ષ — d. બંગાળ

**(A) i-d, ii-c, iii-b, iv-a**

(B) i-d, ii-c, iii-a, iv-b

(C) i-c, ii-d, iii-b, iv-a

(D) i-c, ii-d, iii-a, iv-b

724. "ભવાની મંદિર" નામની પૂસ્તિકામાં.........એ સશસ્ત્ર ક્રાન્તિની યોજના આલેખી હતી. (Account offi. 27/2019-20)

**(A) અરવિંદ ઘોષ** (B) લાલા લાજપતરાય

(C) ચંદ્રશેખર આઝાદ (D) સુભાષચંદ્ર બોઝ

725. સ્વશાસનના ખ્યાલને..........એ "ન્યુ ઇન્ડિયા" અને "કોમન વિલ" -બે સમાચારપત્રો દ્વારા પ્રચાર કર્યો હતો. (Account offi. 27/2019-20)

(A) ગોપાલક્રિષ્ણ ગોખલે (B) લોકમાન્ય તીલક

**(C) ઍની બેસંટ** (D) ગાંધીજી

726. કોચરબમાં ગાંધીજીએ............ના મકાનને ભાડે રાખી ત્યાં આશ્રમ શરૂ કર્યો. (Account offi. 27/2019-20)

(A) ચીનુભાઇ બેરોનેટ

**(B) જીવળલાલ બૅરિસ્ટર**

(C) રણછોડલાલ છોટાલાલ

(D) પ્રેમાભાઇ હેમાભાઇ

727. બારડોલી સત્યાગ્રહ સંદર્ભે.............એ એક તપાસ સમિતિ નીમી જેમાં તેઓ પોતે તેના પ્રમુખ થયા અને સરકારના દમન, ગેરરીતિઓ, જપ્તી, હરાજી વગેરેનો બૂહબૂ ચિતાર આપતો અહેવાલ પ્રસિધ્ધ કર્યો જેનાથી લડતનું વાજબીપણું તટસ્થપણે સાબિત થયું. (Account offi. 27/2019-20)

(A) ગાંધીજી **(B) કનૈયાલાલ મુન્શી**

(C) સરદાર પટેલ (D) મહાદેવભાઇ

728. વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરવામાં આવી અને બીજા સત્યાગ્રહી તરીકે ...........ની પસંદગી કરવામાં આવી. (Account offi. 27/2019-20)

**(A) જવાહરલાલ નહેરુ** (B) સરદાર પટેલ

(C) રવિશંકર મહારાજ (D) વિઠ્ઠલભાઇ પટેલ

729. સૌરાષ્ટ્રની વિધાનસભાની પ્રથમ બેઠક રાજકોટ જ્યુબીલી ગાર્ડનમાંના હૉલમાં મળી જેમાં પ્રથમ પ્રમુખ (સ્પીકર) પદે ............ હતાં(Account offi. 27/2019-20)

(A) કનૈયાલાલ મુન્શી **(B) પુષ્પાબેન મહેતા**

(C) વલ્લભભાઇ પટેલ (D) ઉછંગરાય ઢેબર

730. ચોલ રાજા કે જેમણે બંગાળ અને ઓરિસ્સાના શાસકોને હરાવ્યા હતા અને સમગ્ર શ્રીલંકા કબજે કરી લીધું હતું તેમજ દક્ષિણ પૂર્વ એશિયાના પ્રદેશો જીતી લીધા હતા તે નીચેના પૈકી કોણ હતા ? (Law off Charity 30/2019/20)

(A) પરાન્તક

(B) રાજરાજ

**(C) રાજેન્દ્ર - પહેલા (CI)**

(D) સુંદર

731. ભારતનું સૌ પ્રથમ મહિલા વિશ્વવિદ્યાલય ...................... દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું. (Law off Charity 30/2019/20)

(A) એની બેસન્ટ (B) ભગિની નિવેદીતા

**(C) ડી.કે. કર્વે** (D) રવિન્દ્રનાથ ટાગોર

732. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તેના પ્રથમ સત્રમાં ઘોષિત કરેલા ધ્યેય બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ? (Law off Charity 30/2019/20)
(A) રાષ્ટ્રવાદી રાજકીય કાર્યકરોમાં મૈત્રીપૂર્ણ સબંધોને પ્રોત્સાહન આપવું.
(B) રાષ્ટ્રીય એકતાની ભાવનાનો વિકાસ અને એકત્રીકરણ
**(C) બ્રિટીશ સરકારના વિરુધ્ધ અહિંસક રાજકીય ચળવળ શરૂ કરવી.**
(D) દેશમાં જનતાને તાલીમ અને સંગઠીત કરવી.

733. નીચેના પૈકી કઈ બાબત એ બંગાળના ભાગલા વિરુધ્ધની (Anti-Participation) ચળવળનું નોધપાત્ર પાસું ન હતું ? (Law off Charity 30/2019/20)
(A) સ્વદેશી
(B) બહિષ્કાર
(C) રાષ્ટ્રીય શિક્ષણ
**(D) સામૂહિક મજદૂર હડતાલ**

734. નીચેના પૈકી કયો વિકલ્પ એ ઘટનાઓને ઘટનાક્રમમાં યોગ્ય છે ? (Law off Charity 30/2019/20)
(A) ઓગસ્ટ દરખાસ્ત, વેવેલ યોજના, ક્રિપ્સ મિશન, કેબીનેટ મિશન યોજના
(B) વેવેલ યોજના, ક્રિપ્સ મિશન, કેબીનેટ મિશન યોજના, ઓગસ્ટ દરખાસ્ત
**(C) ઓગસ્ટ દરખાસ્ત, ક્રિપ્સ મિશન, વેવેલ યોજના, કેબીનેટ મિશન યોજના**
(D) ક્રિપ્સ મિશન, ઓગસ્ટ દરખાસ્ત, કેબીનેટ મિશન યોજના, વેવેલ યોજના

735. નીચેના પૈકી કયા રાજ્યએ 15 ઓગષ્ટ, 1947 સુધીમાં ભારત સાથે જોડાણ સાધન (Instrument of Accession) પર હસ્તાક્ષર કર્યા હતા(Law off Charity 30/2019/20).
(A) જુનાગઢ **(B) ત્રાવણકોર**
(C)હૈદરાબાદ (D) જમ્મુ અને કશ્મીર

024. બંધારણીય વિધાનસભાની માંગ સૌપ્રથમ .................. કરવામાં આવી. (Law off Charity 30/2019/20)
**(A) 1934 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા**
(B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કરાંચી સત્ર સમયે
(C) અસહકારની ચળવળ પાછી ખેંચી લીધા બાદ
(D) સાયમન કમિશન ભારત પહોચ્યું ત્યારબાદ

736. જવાહરલાલ નેહરૂની સભાને સમાંતર ઈંદુલાલ યાજ્ઞિક(ઈંદુચાચા) ની સભામાં “સિસક રહી ગાંધી કી ધરતી, બિગડ ગઇ જબ બાત” ગીત કોણે ગાયું હતું? (Dgm Miness 133/2019-20)
(A) નારાયણ મોરેશ્વર ખરે
(B) દિલીપ ધોળકિયા
**(C) કવિ પ્રદિપ**
(D) મયુરીબેન ખરે

737. ભારતીય સિવિલ સેવા (Indian Civil Services) માં ભારતીયોને થતો અન્યાય દૂર કરવા આંદોલન જગવનાર કોણ હતા? (Dgm Miness 133/2019-20)
**(A) દાદાભાઈ નવરોજજી**
(B) રાજારામ મોહનરાય
(C) સુરેન્દ્રનાથ બેનરજી
(D) ન્યાયમૂર્તિ રાનડે

738. કઇ દરખાસ્તોને ગાંધીજીએ “દેવાળિયા બેન્કની વીતી ગયેલ તારીખની હૂંડી અથવા ભવિષ્યની તારીખનો ચેક” કહી વખોડી કાઢી હતી? (Dgm Miness 133/2019-20)
(A) ઓગસ્ટ દરખાસ્ત
(B) માઉન્ટબેટન દરખાસ્ત
**(C) ક્રિપ્સ દરખાસ્તો**
(D) સિમલા દરખાસ્તો

739. કયા રાજાએ હાલના અમદાવાદ નજીક આશાપલ્લી (અસારવા) ના ભીલ સરદાર આશાને હરાવી કર્ણાવતી નગર વસાવ્યું?(Dgm Miness 133/2019-20)
(A) કર્ણદેવ વાઘેલા
**(B) કર્ણદેવ સોલંકી**
(C) ભીમદેવ
(D) સારંગદેવ

740. આઝાદી પછી ભારતમાં સંઘ રાજ્યોની રચના (પુનર્ગઠન) ભાષાને આધારે ન કરતાં વહીવટી ધોરણે કરવાની ભલામણ પ્રથમ કોના દ્વારા કરવામાં આવી હતી? (Dgm Miness 133/2019-20)
(A) જે.પી.પી. સમિતિ
**(B) ધર પંચ**
(C) રાજ્ય પુનર્ગઠન પંચ
(D) કોંગ્રેસ કાર્યસમિતિ

741. ગુજરાતના દેશી રાજ્યો પૈકી કચ્છના કયા રાજવીએ ભુજમાં સંસ્કૃત પાઠશાળા, ફર્ગ્યુસન મ્યુઝિયમ અને પુસ્તકાલયની સ્થાપના કરી? (Dgm Miness 133/2019-20)
(A) લખધીરસિંહજી
(B) ભગવતસિંહજી
**(C) રાવ ખેંગારજી**
(D) લાખાજી રાજે

742. ચંદ્રગુપ્ત મૌર્યના જૈન ધર્મ સાથેના જોડાણ બાબતનો સંદર્ભ દર્શાવતો ગ્રંથ **(C.Chemist, GMC-140/ 2020-21)**
(A) વિશાખ દત્ત “દૈવી ચંદ્રગુપ્તમ”
(B) વિશાખ દત્ત “મુદ્રા રાક્ષસ”
(C) **હેમચંદ્રાચાર્ય “પરિશિષ્ટપર્વ”**

(D) કૌટિલ્ય “અર્થશાસ્ત્ર”

743. નીચેના પૈકી કયું અષ્ટાંગ યોગનું અંગ નથી? (**C.Chemist, GMC-140/ 2020-21**)
1. સમાધિ
2. પ્રત્યાહાર
3. પ્રતિક્રમણ
4. નિયમ
નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) 1 અને 4 (B) 3 અને 4
(C) **ફક્ત 3** (D) ફક્ત 4

744. બીજી ગોળમેજી પરિષદનું આયોજન ક્યારે કરવામાં આવેલ હતું? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) નવેમ્બર, 1930 (B) માર્ચ, 1931
(C) **સપ્ટેમ્બર, 1931** (D) નવેમ્બર, 1932

745. દિલ્હી સલ્તનત ઉપર રાજ કરનાર પ્રથમ સ્ત્રી શાસક કોણ હતા? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) નૂરજહાન (B) શાહ તુર્કાન
(C) જહાન આરા (D) **રજિયા સુલતાન**

746. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામના આગેવાનો અને તેમના કાર્યસ્થળના જોડકામાંથી કયું જોડકું / જોડકા સાચું / સાચા નથી? (**C.Chemist, GMC-140/ 2020-21**)
1. બહાદુરશાહ જફર - દિલ્હી
2. નાના સાહેબ - ઝાંસી
3. કુંવરસિંહ - ઉત્તરપ્રદેશ
4. લક્ષ્મીબાઈ - ઝાંસી
(A) 1 અને 4 (B) **2 અને 3**
(C) ફક્ત 3 (D) ફક્ત 2

747. કયા આંદોલનને ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા માટેની મહત્વની તક ગણાવ્યું હતું? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) **ખિલાફત આંદોલન**
(B) બંગ-ભંગ આંદોલન
(C) હિંદ છોડો આંદોલન
(D) નવનિર્માણ આંદોલન

748. મુઘલ સલ્તનત દરમિયાન કોના શાસનમાં શાસ્ત્રીય સંગીતના સૌથી વધુ પુસ્તકો લખાયા હતા? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) હુમાયુ (B) **ઔરંગઝેબ**
(C) શાહજહાં (D) જલલુદ્દીન અકબર

749. “ઈન્ડિયન રીપબ્લિક આર્મી” નું ગઠન કોણે કર્યું હતું? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) **સૂર્યસેન** (B) સુભાષચંદ્ર બોઝ
(C) રાસબિહારી બોઝ (D) ચંદ્રશેખર આઝાદ

750. નીચેના બનાવોને સમયાનુક્રમમાં ગોઠવો. (**C.Chemist, GMC-140/ 2020-21**)
1. બારડોલી સત્યાગ્રહ
2.બોરસદ સત્યાગ્રહ
3. ખેડા સત્યાગ્રહ
4. ધરાસણા સત્યાગ્રહ
(A) 2, 3, 1, 4 (B) **3, 2, 1, 4**
(C) 3, 2, 4, 1 (D) 3, 1, 4, 2

751. ભારતની ભૂમિ પર પહેલો પોર્ટુગીઝ કિલ્લો ક્યાં બાંધવામાં આવેલ હતો ? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) **કોચી** (B) કલકત્તા
(C) દિવ (D) કાલિકટ

752. આચાર્ય નાગાર્જુન કઈ પ્રાચીન વિદ્યાપીઠના આચાર્ય હતા ? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) વલભી (B) વિક્રમશીલા
(C) તક્ષશીલા (D) **નાલંદા**

753. ડભોઈ કિલ્લો _______ ના શાસન દરમિયાન બાંધવામાં આવ્યો હતો. (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) રૂદ્રસેન (B) ખેંગાર પ્રથમ
(C) મૂળરાજ સોલંકી (D) **સિદ્ધરાજ જયસિંહ**

754. ઋગ્વેદમાં ઉલ્લેખ થયેલ “શુતુદ્રી” ________ છે. (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) વનસ્પતિનું નામ (B) **નદીનું નામ**
(C) પ્રાણીનું નામ (D) કન્યાનું નામ

755. “કર્ણભારમ્” નાટકના રચયિતા કોણ છે ? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) કાલિદાસ (B) ભરતમુનિ
(C) કવિ ભવભૂતિ (D) **મહાકવિ ભાસ**

756. જૈન ધર્મમા “સંપૂર્ણ જ્ઞાન"ને ________ તરીકે ઓળખવામાં આવે છે. (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) **કૈવલ્ય** (B) નિર્વાણ
(C) સમાધિ (D) જીના

757. “ઈસ્ટ ઈન્ડિયન એસોસિયેશન” ના સ્થાપક કોણ હતા? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) લાલા લજપતરાય
(B) **દાદાભાઈ નવરોજી**
(C) શ્યામજી કૃષ્ણ વર્મા
(D) સુરેન્દ્રનાથ બેનરજી

758. જહોન સાયમનના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સાયમન કમિશનમાં કેટલા સભ્યો હતા? (**C.Chemist, GMC-140/ 2020-21**)
(A) પાંચ (B) ચાર
(C) **સાત** (D) ત્રણ

759. સમાચાર પત્ર ‘અમૃત બાઝાર પત્રિકા’ ના સંસ્થાપક નીચેના પૈકી કોણ હતું?

(**Finance & Acc-137/2019-20**)

(A) બંકિમચન્દ્ર ચેટર્જી (B) ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર

**(C) મોતીલાલ ઘોષ** (D) માર્શમેન

760. વિક્રમશીલા વિશ્વવિદ્યાલયની સ્થાપના નીચેના પૈકી કોણે કરી હતી? (**Finance & Acc-137/2019-20**)

**(A) ધર્મપાલ** (B) દેવપાલ

(C) ગોપાલપાલ (D) ઉપર પૈકી એકપણ નહીં

761. નીચેના પૈકી કયા મુઘલ બાદશાહ દરબારમાં ઉસ્તાદ મંસૂર અને અબુલ હસન ચિત્રકાર હતા?

(**Finance & Acc-137/2019-20**)

(A) હુમાયુ (B) અકબર

(C) શાહજહાં **(D) જહાંગીર**

762. ચોથી બૌદ્ધ સભાનું આયોજન નીચેના પૈકી કયા સ્થળે થયું હતું? (**Finance & Acc-137/2019-20**)

(A) પાટલીપુત્ર (B) વૈશાલી

(C) સારનાથ **(D) કુંડલવન(કાશ્મીર)**

763. મુહમ્મદ ઘોરીએ કયા યુદ્ધમાં કણોજના શાસક જયચંદને પરાજીત કરીને તેને મારી નાખેલ હતા?

(**Finance & Acc-137/2019-20**)

(A) તરાઈનનું પહેલું યુદ્ધ (B) તરાઈનનું બીજું યુદ્ધ

**(C) ચંદાવરનું યુદ્ધ** (D) ઉપર પૈકી એકપણ નહીં

764. ભારતમાં પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસની ઈ.સ.1556 માં કયા સ્થળે શરૂઆત કરવામાં આવી હતી?

(**Finance & Acc-137/2019-20**)

(A) કોચીન **(B) ગોવા**

(C) મુંબઈ (D) કલકત્તા

765. કયા એંગ્લો-મૈસૂર યુદ્ધમાં ટીપુ સુલતાનનું મૃત્યું થયું હતું?

(**Finance & Acc-137/2019-20**)

(A) પ્રથમ (B) બીજા

(C) ત્રીજા **(D) ચોથા**

766. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અંગ્રેજ અધ્યક્ષ કોણ હતા? (**Finance & Acc-137/2019-20**)

**(A) જ્યોર્જ યૂલે(George Yule)**

(B) વિલિયમ વેડરવર્ન

(C) અલ્ફ્રેડ વેબ

(D) હેનરી કોટન

767. અખિલ ભારતીય મુસ્લિમ લીગની સ્થાપનાની ઘોષણા કયા સ્થળે યોજાયેલ બેઠકમાં કરવમાં આવી હતી?

(**Finance & Acc-137/2019-20**)

(A) શિમલા **(B) ઢાકા**

(C) અમૃતસર (D) લાહોર

768. નીચેના પૈકી શાની સુધારણા માટે ઈ.સ 1902 માં ફ્રેસર કમિશનની રચના થયેલ હતી?

(**Finance & Acc-137/2019-20**)

(A) કરવેરાના માળખામાં ફેરફાર

(B) શિક્ષણ

**(C) પોલિસ**

(D) કન્યાઓ માટેના લગ્નની ઉંમરમાં ફેરફાર માટે

769. લી કમિશનની ભલામણ કોને સંબંધિત હતી?

(**Finance & Acc-137/2019-20**)

(A) જમીનની સુધારણા

(B) પ્રાંતોને વધુ સત્તાઓ આપવી

(C) વિધવા વિવાહ પર પ્રતિબંધ મૂકવો

**(D) લોક સેવા આયોગની સ્થાપના કરવા**

770. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919 એ ________ તરીકે પણ ઓળખાય છે.

(**Finance & Acc-137/2019-20**)

(A) રૉલેટ એક્ટ

**(B) મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાઓ**

(C) મોર્લે-મિન્ટો સુધારા

(D) ઉપર પૈકી એકપણ નહીં

771. કયા એક્ટથી સૌપ્રથમ વખત દ્વિગૃહો અને દેશમાં સીધી ચૂંટણીની જોગવાઈ કરવામાં આવી હતી?

(**Finance & Acc-137/2019-20**)

**(A) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919**

(B) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1912

(C) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1915

(D) ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1858

772. ભારત સરકાર અધિનિયમ,1935 અંતર્ગત 1937 માં થયેલ પ્રાંતિય ચૂંટણીમાં નીચેના પૈકી શામાં કોંગ્રેસને બહુમતી મળેલ હતી? (**Finance & Acc-137/2019-20**)

(A) યુનાઈટેડ પ્રોવીંસીઝ (યુ.પી.)

(B) બિહાર

(C) મદ્રાસ

**(D) ઉપરના ત્રણેય**

772. અમદાવાદ મિલ મજદૂર હડતાલમાં ગાંધીજીના અનશન બાદ મિલ માલિકોએ કેટલા ટકા બોનસ આપવાનો સ્વીકાર કરેલ હતો? (**Finance & Acc-137/2019-20**)

(A) 25 **(B) 35**

(C) 30 (D) 20

773. ઈ.સ.1871 માં ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી કરવામાં આવેલ, તે સમયે ભારતમાં વાઈસરોય તરીકે કોણ હતું?

(**Finance & Acc-137/2019-20**)

**(A) લોર્ડ મેયો** (B) લોર્ડ એલ્ગિન

(C) સર જોન લોરેન્સ (D) લોર્ડ નાર્થબ્રુક

774. પ્રખ્યાત પ્રાચીન નગર અંકોટાકા (Ankottakaa) એ .......... નદીના કાંઠે સ્થિત હતું.

(**Deputy GML 135/ 2019-20**)

(A) સાબરમતી (B) રૂપેણ

(C) વિશ્વામિત્રી (D) બનાસ

775. 15 મી સદીની નોંધપાત્ર કૃતિ રસમંજરી એ ............ દ્વારા રચવામાં આવી છે ? (**Deputy GML 135/ 2019-20**)

(A) બાણભટ્ટ **(B) ભાનુદત્ત**

(C) આર્યભટ્ટ (D) વીરભદ્ર

776. સિંધુખીણની સંસ્કૃતિ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(**Deputy GML 135/ 2019-20**)

(A) તે મુખ્યત્વે બિનસાંપ્રદાયિક સંસ્કૃતિ હતી અને તેમાં ધાર્મિક તત્ત્વ હતું તેમ છતાં તે પ્રભાવક ન હતું.

(B) આ સમયમાં ભારતમાં કાપડના ઉત્પાદન માટે કપાસનો વપરાશ થતો હતો.

**(C) (A) તથા (B) બંને**

(D) (A) અથવા (B) એકપણ નહી

777. 1615 માં ઈંગલેન્ડના શાસક જેમ્સ પહેલાના રાજદૂત ............ એ જહાંગીરના દરબારમાં પહોંચ્યા હતા.

(**Deputy GML 135/ 2019-20**)

(A) સર જેમ્સ હે (B) સર જોહ્ન ડીગ્બી

(C) સર થોમસ હોવર્ડ **(D) સર થોમસ રૉ**

778. નીચેના પૈકી કઈ બાબત એ બંગાળના ભાગલા વિરોધી ચળવળનું નોંધપાત્ર પાસું ન હતું ?

(**Deputy GML 135/ 2019-20**)

(A) સ્વદેશી ભાવના

**(B) સામુહિક મજદૂર હડતાલ**

(C) રાષ્ટ્રીય શિક્ષણ

(D) ઉપરના પૈકી એકપણ નહી

779. થીયોસોફિકલ સોસાયટી વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ? (**Deputy GML 135/ 2019-20**)

1. તે 1875 માં મેડમ એચ.પી. બ્લાવસ્ટીક તથા ભૂતપૂર્વ અંગ્રેજ સેના અધિકારી કર્નલ એચ. એસ. ઓલ્કોટ દ્વારા સ્થાપવામાં આવી હતી.
2. તેનો ઉદેશ એ માનવોમાં સાર્વત્રિક ભાઈચારો સ્થાપવાનો હતો.
3. તેનું લક્ષ્ય એ પ્રાચીન ધર્મ અને તત્ત્વજ્ઞાનાના અભ્યાસને પ્રોત્સાહિત કરવાનો હતો.
4. તે ગૂઢવિદ્યા (occultism) પર ભાર મૂકટી હતી.

(A) માત્ર 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4 **(D) 1, 2, 3 અને 4**

780. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(**Deputy GML 135/ 2019-20**)

1. સોલંકી (રાજા)ઓ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ હતા.
2. જૈન બંધુઓ વસ્તુપાલ અને તેજપાલ એ ચાવડા રાજાઓના દરબારમાં હતા.
3. સુલતાન બહાદુર શાહે અમદાવાદ શહેરની સ્થાપના કરી હતી.

**(A) માત્ર 1** (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

781. નીચેના પૈકી કયું વિધાન / વિધાનો સત્ય છે ?

(**Deputy GML 135/ 2019-20**)

(A) ગુજરાતમાં હિન્દુઓ ઉપર સૌ પ્રથમવાર જીઝયા (Jizya) અહેમદ શાહે લાધ્યો.

(B) ઈટાલીયન યાત્રી બાર્થેમાં માટે ભારતમાં સૌ પ્રથમ રોકાણ એ સુરત હતું.

**(C) (A) તથા (B) બંને**

(D) (A) અથવા (B) એકપણ નહી

782. મોટા પ્રાણીની સળગેલી પાંસળી પર બનાવેલ અંશાંકિત (graduated) માપપટ્ટી એ ........... ખાતેથી મળી આવેલ છે. (**Deputy GML 135/ 2019-20**)

(A) લાંઘણજ (B) રોજળી

**(C) ધોલાવીરા** (D) મોટી પીપળી

783. 'A' (મહાન ભક્તિ ગુરૂઓ) ને 'B' (તેમની પ્રવૃતિનાક્ષેત્રો) સાથે જોડો અને સાચો ઉત્તર પસંદ કરો.

(**Deputy GML 135/ 2019-20**)

(1) ચૈતન્ય (a) મહારાષ્ટ્ર

(2) નામદેવ (બ) પંજાબ

(3) નાનકદેવ (c) બંગાળ

(4) રામાનંદ (d) ઉત્તર પ્રદેશ

(A) 1 - d, 2 - a, 3 - b, 4 - c

**(B) 1 - c, 2 - a, 3 - b, 4 - d**

(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(D) 1 - b, 2 - a, 3 - d, 4 - c

784. મહમંદ બેગડા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ? (**Deputy GML 135/ 2019-20**)

1. તેણે ગુજરાત ઉપર 50 વર્ષથી વધુ સમય શાસન કર્યું.
2. તેણે મુહંમદાબાદ નામનું નવું શહેર બંધાવ્યું.
3. ઉદયરાજ કે જેમણે ફારસી (પર્શિયન) ભાષામાં રચનાઓ કરી છે તે તેમના દરબારના કવિ હતા.

(A) માત્ર 1 **(B) માત્ર 1 અને 2**

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

785. કયા અધિનિયમ (Act) વિષે જવાહરલાલ નહેરૂએ કહ્યું હતું કે " આપણને કાર આપવામાં આવી છે, બધી બ્રેક આપી છે અને એન્જિન નથી."

(**Deputy GML 135/ 2019-20**)

(A) રાણી વિકટોરિયાના ઘોષણા.

(B) ભારત સરકાર અધિનિયમ 1919 (Government of India Act, 1919) .

**(C) ભારત સરકાર અધિનિયમ 1935 (Government of India Act, 1935)**

(D) ઓગષ્ટ દરખાસ્ત, 1940

786. નીચેના પૈકી કયા અહેમદ એ અમદાવાદ શહેરનો પાયો નાખવામાં સંકળાયેલા ચાર અહેમદ પૈકીનાં નથી ?

**(Deputy GML 135/ 2019-20)**

(A) શેખ અહેમદ ખટ્ટુ

(B) સુલતાન અહેમદશાહ - પહેલા

(C) મલિક અહેમદ

**(D) કાઝી અહેમદ ખાન**

787. મૌર્ય સમાજનું સાત વર્ગોમાં વિભાજનની બાબતનો ઉલ્લેખ એ વિશેષતઃ .......... માં કરવામાં આવ્યો હતો.

**(Deputy GML 135/ 2019-20)**

**(A) મેગેસ્થનીઝની ઈન્ડીકા**

(B) કૌટલ્યના અર્થશાસ્ત્ર

(C) બૌધ્ધ ગ્રંથો

(D) વિશાખાદત્તના મુદ્રારાક્ષસ

788. સૌરાષ્ટ્રના શાસન માટે અશોક દ્વારા ............ની નિમણૂક કરવામાં આવી હતી. **(Deputy GML 135/ 2019-20)**

(A) જસ્ટીન (Justin) **(B) તુષરૂપા (Tushaspa)**

(C) પ્લીની (Pliny) (D) પ્લુટાર્ચ (Pliny)

789. મેજર એલેક્ઝાન્ડર વોકર એ ........... દ્વારા વડોદરાના પ્રથમ નિવાસી(રહેવાસી) તરીકે નીમવામાં આવ્યા.

**(Deputy GML 135/ 2019-20)**

**(A) રાજયપાલ ડંકન (Governor Duncan)**

(B) કર્નલ ફર્ણે (Colonel Farne)

(C) કર્ણલ કીટ્ટીંગ (Colonel Kitting)

(D) કોટન બર્નવેલ (Captain Burnwel)

790. ભારતમાં સૌથી મોટી પ્રથમ નંબરની હડપ્પીય વસાહત _______ છે. **(Mine sirdar GMDC-145/2019-20)**

(A) ધોળાવીરા (કચ્છ, ગુજરાત)

(B) દેસલપર (કચ્છ, ગુજરાત)

**(C) રખાઈગ્રહી (હરિયાણા)**

(D) રૂપડ (ચંડીગઢ)

791. કઈ દાર્શનિક વિચારધારાના દષ્ટિકોણથી મુક્તિ જ્ઞાન પ્રાપ્તિ દ્વારાજ થઈ શકે?

**(Mine sirdar GMDC-145/2019-20)**

**(A) સાંખ્ય વિચારધારા**

(B) ન્યાય વિચારધારા

(C) વૈશેષિક વિચારધારા

(D) મિમાંસા વિચારધારા

792. નીચે દર્શાવેલ શંકરાચાર્ય દ્વારા સ્થપાયેલ ચાર મઠ અને પીઠના નામોને યોગ્ય રીતે જોડો.

**(Mine sirdar GMDC-145/2019-20)**

| સ્થળ | મઠનું નામ |
|---|---|
| 1. બદરીનાથ | a. જ્યોતિષ મઠ |
| 2. કર્ણાટક | b. શારદાપીઠ |
| 3. જગન્નાથપુરી | c. શૃંગેરીપીઠ |
| 4. દ્વારકા | d. ગોવર્ધનપીઠ |

**(A) 1-a, 2-c, 3-d, 4-b**

(B) 1-a, 2-b, 3-d, 4-c

(C) 1-c, 2-a, 3-b, 4-d

(D) 1-b, 2-a, 3-c, 4-d

793. સિદ્ધ ચક્રવર્તી, અવંતિનાથ, બર્બરક જિષ્ણુ અને ત્રૈલોક્ય ગંડ જેવા ચાર ઉપનામ લોકપ્રિય રાજાને મળેલ હતા?

**(Mine sirdar GMDC-145/2019-20)**

(A) કુમારપાળ **(B) સિદ્ધરાજ જયસિંહ**

(C) ભીમદેવ બીજો (D) ધ્રુવસેન બીજો

794. સમુદ્રગુપ્ત સમયનો ઈતિહાસ જાણવાનું મુખ્ય સાધન તેણે કોતરાવેલ અલાહાબાદ પાસેનો સ્તંભાલેખ છે. તેનું આલેખન _______ નામે રાજકવિએ કર્યું હતું.

**(Mine sirdar GMDC-145/2019-20)**

(A) ચંદબારોટ (B) રાજશેખર

**(C) હરિષેણ** (D) કાલિદાસ

795. અશોકે કોતરાવેલા શિલાલેખો પરના આદેશો કે લખાણોને _______ કહે છે.

**(Mine sirdar GMDC-145/2019-20)**

(A) ધર્મ સંવર્ધન **(B) ધર્માજ્ઞા કે ધર્મલિપિ**

(C) ધર્મભાવના (D) સર્વધર્મ સમભાવ

796. મૌર્ય વહીવટી તંત્રમાં પરરાજયો સાથેના સંબધોને લગતા ખાતાનો મંત્રી કયા નામે ઓળખાતા હતા?

**(Mine sirdar GMDC-145/2019-20)**

(A) સમાહર્તા **(B) પ્રશસત્રિ**

(C) પુરોહિત (D) સંનિધાત

797. વૉરન હેસ્ટિંગ્સ સમયના નીચેના પૈકી કયા અંગ્રેજ વિદ્વાન રોયલ એશિયાટિક સોસાયટીના સ્થાપક અને સર્વ પ્રથમ અધ્યક્ષ બન્યા હતા?

**(Mine sirdar GMDC-145/2019-20)**

**(A) વિલિયમ જોન્સ** (B) વિલિયમ કૈરી

(C) મેક્સમૂલર (D) વિલિયમ ફ્ચિ

798. મહાગુજરાત આંદોલન સમયે જેલ ભરો સત્યાગ્રહ મુખ્યત્વે કોના નેતૃત્વમાં ચાલ્યો હતો?

**(Mine sirdar GMDC-145/2019-20)**

**(A) જયંતી દલાલ** (B) બ્રહમકુમાર ભટ્ટ

(C) નરભેરામ પાનેરી (D) માર્તંડ શાસ્ત્રી

799. વિનાયક દામોદર સાવરકરે (વીર સાવરકર) નીચેના પૈકી કયું પુસ્તક લખ્યું છે?

**(Mine sirdar GMDC-145/2019-20)**

(A) ધ રિવોલ્ટ ઓફ 1857

(B) ધ સિપોય મ્યુટીની

(C) ધ ગ્રેટ રિબેલિયન

**(D) ઈન્ડિયન વૉર ઓફ ઈંડિપેંડન્સ 1857**

800. ગિરનાર પર જૈન તીર્થંકર નેમિનાથનું પ્રાચીન દેરાસર કોણે બંધાવ્યું હતું?
**(Mine sirdar GMDC-145/2019-20)**
(A) સવા સોમજી
**(B) દંડનાયક સજ્જન મહેતા**
(C) કુમારપાળ
(D) ઉદયન

801. ભારતમાં યુરોપીયન પ્રજાઓ પૈકી અંગ્રેજો દ્વારા ભારતમાં જહાંગીર પાસેથી વેપાર કરવાના વિશેષાધિકાર મેળવવા સફળ થનાર અંગ્રેજ પ્રતિનિધિ કોણ હતું ?
**(Programmer (Saha)-143/2019-20)**
(A) વિલિયમ હોકીન્સ (B) થોમસ સ્મિથ
(C) જેમ્સ લેન કાસ્ટર **(D) સાર ટોમસ રો**

802. " હું મહારાષ્ટ્રીયન છું, તો મુંબઇ શહેર ઉપર દાવો કરું, પરંતુ તે પ્રશ્નનો નિર્ણય મુંબઇના ગુજરાતીઓ ઉપર છોડી દઉ છું " મહાગુજરાત આંદોલન સંદર્ભે આ કથન કોનું હતું ? **(Programmer (Saha)-143/2019-20)**
**(A) વિનોબા ભાવે** (B) યશવંતરાય ચૌહાણ
(C) શંકરરાવ દવે (D) એસ. કે. પાટીલ

803. સોલંકી વંશના કયા રાજાએ 'અભિનવ સિદ્ધરાજ' અને 'સપ્ત ચક્રવતી' જેવા નામો ધારણ કર્યા હતા ?
**(Programmer (Saha)-143/2019-20)**
(A) કુમારપાળ (B) અજયપાલ
**(C) ભીમદેવ બીજો** (D) બાળ મૂળરાજ

804. બૌદ્ધ ધર્મના ધર્મપુસ્તક ત્રિપિટકના ત્રણ સમૂહોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
**(Programmer (Saha)-143/2019-20)**
(A) વિનયપિટક (B) સુતપિટક
**(C) ધમ્મપિટક** (D) અભિધમ્મપિટક

805. બાલગંગાધર તિળકે વર્ષ 1881માં અંગ્રેજીમાં અને મરાઠી ભાષામાં કયા બે વર્તમાનપત્રો દ્વારા નવ જાગરણની શરૂઆત કરી હતી ?
**(Programmer (Saha)-143/2019-20)**
(A) 'ન્યુ ઈન્ડિયા' અને 'વન્દે માતરમ'
**(B) 'ધી મરાઠા' અને 'કેસરી'**
(C) 'ધી પ્યુપિલ' અને 'સ્વરાજ'
(D) 'ધી ફ્રી હિંદુસ્તાન' અને 'યુગાંતર'

806. ગુજરાતમાં 'હૈડિયાવેરો' નામે વેરો નીચે પૈકી કયા એક સત્યાગ્રહ સાથે સંકળાયેલો છે ?
**(Programmer (Saha)-143/2019-20)**
(A) ખેડા સત્યાગ્રહ (B) ધારાસણા સત્યાગ્રહ
(C) બારડોલી સત્યાગ્રહ **(D) બોરસદ સત્યાગ્રહ**

807. નીચેના પૈકી કયા રાજાએ ઋગ્વેદમાં ઉલ્લેખિત મહાનયુદ્ધમાં દસ રાજાઓના સંઘને હરાવ્યો હતો?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) તુર્વાસસ (Turvasas)
**(B) સુદાસ (Sudasa)**
(C) પુરુરવા (Pururavas)
(D) ધ્રુહ્યું (Druhyu)

808. બ્રાહ્મણ, રાજન્ય, વૈશ્ય અને શુદ્રના સર્જનનો સંદર્ભ દર્શાવતા સ્તોત્ર પુરુષ સૂક્તનો ઉલ્લેખ ઋગ્વેદના કયા મંડળ (પુસ્તક)માં કરવામાં આવેલ છે?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) પ્રથમ મંડળ (પુસ્તક)
(B) દ્વિતીય મંડળ (પુસ્તક)
(C) સાતમા મંડળ (પુસ્તક)
**(D) દસમા મંડળ (પુસ્તક)**

809. નીચેના પૈકી ક્યો બૌધ્ધ ધર્મગ્રંથ એ અશ્વઘોષ દ્વારા રચવામાં આવેલ નથી?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) સૌંદરનંદ
(B) સારીપુત્ર પ્રકરણ
(C) બુધ્ધ ચરિત્ર
**(D) વિશુધ્ધમાગ (Visuddhamagga)**

810. નીચેના પૈકી કઇ વ્યક્તિએ સ્વતંત્ર ભારતીય સેનાની સ્થાપના કરી હતી ?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) એમ.એન.રોય (B) લાલા હરદયાલ
**(C) રાસબિહારી બોઝ** (D) સુભાષચંદ્ર બોઝ

811. ભારત (સિંધુ નદીનો વિસ્તાર) એ ઈરાન એચેમીનીડ સામ્રાજયનો ભાગ હતો એ.............ના પૂરાવામાંથી સ્પષ્ટ થાય છે. **(ASST. MANE. Enviro-138/2019-20)**
**(A) હેરોડોટ્સ (Herodotus)**
(B) મેથેસ્થનીઝ (Mogasthenes)
(C) પુરાણ
(D) રાજતરંગીણી

812. નીચેના પૈકી કયા રાજાના આક્રમણથી ભારતના ઈરાનની ખાડી, મધ્ય એશિયા અને ભૂમધ્ય પ્રદેશ સાથેના સંપર્કો સ્થાપિત થયા ?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) ડેરીયસ (Darius)
**(B) એલેકઝાન્ડર (Alexander)**
(C) હુણો (Hunas)
(D) ઉપર પૈકી એક પણ નહીં.

813. ડૉ. બી. આર. આંબેડકર વિશે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સત્ય છે?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
1. તેમણે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમીક્સ ખાતેથી ડોકટરની ઉપાધિ પ્રાપ્ત કરી હતી.

2. તેમણે 1920 મૂક નાયક (Mook Nayak) પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરી હતી.
3. તે સાયમન આયોગ સાથે સંકળાયેલા હતા.
4. તેમણે આર્ય આક્રમણ વાદ (Aryan Invasion Theory) (AIT) નો વિરોધ કર્યો હતો.

(A) માત્ર 1 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

814. એંગ્લો-મૈસૂર યુધ્ધો વિશે નીચેના પૈકી કયું વિધાન / ક્યાં વિધાનો સત્ય છે?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
1. પ્રથમ એંગ્લો-મૈસૂર યુધ્ધમાં હૈદરઅલી વિજયી થયો હતો.
2. બીજામાં ટીપુએ બૈલી (Baillie) ને હરાવ્યો હતો.
3. ત્રીજા એંગ્લો-મૈસૂર યુધ્ધમાં ટીપુએ હારનો સામનો કર્યો હતો.
4. ચોથા એંગ્લો-મૈસૂર યુધ્ધમાં ટીપુ માર્યા ગયા હતા.

(A) માત્ર 1 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

815. યાદી-I ને યાદી- II સાથે જોડો.
**(ASST. MANE. Enviro-138/2019-20)**

| **યાદી-I** | **યાદી- II** |
|---|---|
| (1) શ્યામજી કૃષ્ણ વર્મા | (a) રાહનુમાઈ મીઝડાયસ્નાન સભા(Rahanumai Mazdayasna Sabha) |
| (2) બહેરામજી મલબારી | (b) પ્રાર્થના સમાજ |
| (3) નવરોજજી ફારદુનજી | (c) ભારતીય સમાજશાસ્ત્રી |
| (4) રમણભાઈ નીલકંઠ | (d) બાલ વિવાહ અને દબાણપૂર્વકના વૈધવ્ય પર નોંધ લખી. |

(A) 1-a, 2-b, 3-c, 4-d
**(B) 1-c, 2-d, 3-a, 4-b**
(C) 1-b, 2-c, 3-a, 4-d
(D) 1-b, 2-c, 3-d, 4-a

816. સયાજીરાવ ગાયકવાડ-III વિશે નીચેના પૈકી કયું વિધાન/ કયા વિધાનો સત્ય છે?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
1. તેમણે બેંક ઑફ બરોડાની સ્થાપના કરી હતી.
2. તેમણે સૌપ્રથમ વખત મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કર્યું.
3. તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરાની સ્થાપના કરી હતી.
4. તેમણે 1916 માં વડોદરા રાજ્ય પ્રજામંડળની સ્થાપના કરી હતી.

(A) માત્ર 3 (B) માત્ર 3 અને 4
**(C) માત્ર 1, 2 અને 4** (D) 1, 2, 3 અને 4

817. મહાગુજરાત આંદોલન બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
1. મુંબઈ રાજ્યના મુખ્યમંત્રીએ અલગ રાજ્યની તરફેણમાં હતા.
2. 8 ઓગસ્ટ, 1956 ના રોજ કોંગ્રેસ હાઉસ, લાલદરવાજા, અમદાવાદ ખાતે ઘણા વિદ્યાર્થીઓ શહીદ થયા.
3. વિરોધ દર્શાવવા માટે ઇન્દુલાલ યાજ્ઞિક 1957 ના ચુનાવમાં ચૂંટણીમાં લડ્યા નહીં.

(A) માત્ર 1 અને 2 **(B) માત્ર 2**
(C) માત્ર 1 અને 3 (D) 1, 2, અને 3

818. રાજકોટની સ્થાનિક પ્રજા પરિષદે 1934 માં...............ની આગેવાની હેઠળ રાજ્ય દ્વારા ઈજારો લાદવાની બાબતનો વિરોધ કર્યો હતો.
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) જમનાલાલ બજાજ (B) કસ્તૂરબા ગાંધી
**(C) યુ. એન. ઢેબર** (D) ઉપર પૈકી એક પણ નહીં.

819. મહંમદ બેગડાએ જૂનાગઢમાં વૈકલ્પિક રાજધાની બાંધી હતી અને તેનું નામ બદલીને...............કર્યું હતું.
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) દોલતાબાદ (B) આલીમપૂર
**(C) મુસ્તફાબાદ** (D) મહમુદાબાદ

820. ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન રાયોતવારી પધ્ધતિ દાખલ કરવામાં નીચેના પૈકી કોણ સંકળાયેલ હતા?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
1. લૉર્ડ કોર્નવોલીસ
2. એલેકઝાન્ડર રીડ
3. થોમસ મુનરો

(A) માત્ર 1 2 અને 3 **(B) માત્ર 2 અને 3**
(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

821. નીચના પૈકી કયા આદિવાસી બળવાનું મુખ્ય કારણ એ માનવ બલિદાન પરનો પ્રતિબંધ હતો?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) સંથાલ બળવો (Santhal uprising)
(B) મુન્ડા બળવો (Munda uprising)
**(C) ખોંડ બળવો (Khond uprising)**
(D) ઉપરના પૈકી એકપણ નહીં.

822. બંકીમચંદ્ર ચેટરજીએ તેમની નવલકથા 'આનંદ મઠ' માં નીચેના પૈકી ક્યા બળવાને પ્રખ્યાત બનાવ્યો હતો ?
**(ASST. MANE. Enviro-138/2019-20)**
(A) ભીલ બળવો
(B) રંગપુર અને દીનાપુર બળવો
(C) બિશ્નુપુર અને બીરભૂમ બળવો
**(D) સંન્યાસી બળવો**

823. કુશાસન (Misgovernance) ના બહાના હેઠળ બ્રિટિશ શાસન દ્વારા નીચેના પૈકી ક્યા રાજ્યના શાસકને સત્તામાંથી દૂર કરવામાં આવ્યા હતા?
(**ASST. MANE. Enviro-138/2019-20**)
**(A) અવધ** (B) ઝાંસી
(C) નાગપુર (D) સતારા

824. ડિસેમ્બર 1916 ના લખનૌ સત્રમાં નીચેના પૈકી કયા નેતાનું વર્ચસ્વ હતું ?
(**ASST. MANE. Enviro-138/2019-20**)
(A) જવાહરલાલ નહેરુ **(B) બાલ ગંગાધર તિલક**
(C) મોતીલાલ નહેરુ (D) મદન મોહન માલવિયા

825. સુરતમાં સૌપ્રથમ કોઠી નીચેનામાંથી કયા લોકોએ નાખી અને વ્યાપારી કેન્દ્ર સ્થાપ્યું હતું?
(**AC Town Planner-125/2020-21**)
(A) બ્રિટિશરોએ (B) ફ્રેંચ લોકોએ
(C) **ડચ લોકોએ** (D) ઉપર પૈકી કોઈ નહીં

826. ઈ.સ. 1948માં કાઠીયાવાડમાં કેટલા રજવાડાં હતાં, જેને સૌરાષ્ટ્રનું નામ આપવામાં આવ્યું અને "બી" કક્ષાનું સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય ગણાયું હતું?
(**AC Town Planner-125/2020-21**)
(A) 250 (B) 248
(C) 240 (D) **222**

827. નીચેનામાંથી કયા રાજાએ બેરોજગારોને નોકરી આપવા રોજગાર વિભાગ શરૂ કર્યો હતો?
(**AC Town Planner-125/2020-21**)
(A) ગ્યાસુદીન તુઘલક
(B) **ફિરોજ તુઘલક**
(C) મુહમ્મદ બિન તુઘલક
(D) અલાઉદ્દિન ખલજી

828. કયા વર્ષમાં થયેલ પેરિસની સંધી પ્રમાણે ફ્રેન્ચોએ તમામ કોઠીઓ અંગ્રેજોને સોંપી દીધી હતી?
(**AC Town Planner-125/2020-21**)
(A) 1750 (B) 1756
(C) **1763** (D) 1960

829. ભારતમાં પોલિસતંત્ર શરૂ કરવાનો ફાળો કયા ગવર્નર જનરલને જાય છે?
(**AC Town Planner-125/2020-21**)
(A) **કોર્ન વોલિસ** (B) વોરન હેસ્ટિંગ્સ
(C) વિલિયમ બેન્ટિક (D) વેલેસ્લી

830. ઈ.સ. 1857ના મહાવિદ્રોહ પર સંશોધન કરનાર ગુજરાતી ઈતિહાસકાર કોણ હતા?
(**AC Town Planner-125/2020-21**)
(A) મગનલાલ વખતચંદ
(B) **રમણલાલ ધારૈયા**
(C) દેવેન્દ્ર ભટ્ટ
(D) મકરન્દ મહેતા

831. શીખ રાજ્યનું વિલીનીકરણ કોણે કર્યું હતું?
(**AC Town Planner-125/2020-21**)
(A) ક્લાઈવ (B) કર્ઝન
(C) વેલેસ્લી (D) **ડેલહાઉસી**

832. કયા એક્ટ/ધારા અનુસાર ભારત સાથેના વ્યાપાર પર ચાલતો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો એકાધિકાર સમાપ્ત કરવામાં આવ્યો હતો?
(**AC Town Planner-125/2020-21**)
(A) **ચાર્ટર એક્ટ, 1813**
(B) નિયામક ધારો, 1773
(C) હિંદ ધારો, 1784
(D) નવો ચાર્ટર એક્ટ, 1833

833. "સત્ય શોધક સમાજ" ની સ્થાપના કોણે કરી હતી?
(**AC Town Planner-125/2020-21**)
(A) દેવેન્દ્રનાથ ઠાકુર (ટાગોર)
(B) સ્વામી દયાનંદ સરસવતી
(C) **જ્યોતિબા ફૂલે**
(D) નારાયણ ગુરૂ

834. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ઈ.સ. 1813માં દર વર્ષે કેટલા રૂપિયા ભારતમાં કેળવણી, કલા તથા સંસ્કૃતિને ઉત્તેજન આપવા માટે ફાળવવાનો આદેશ આપેલ હતો? (**AC Town Planner-125/2020-21**)
(A) બે લાખ રૂપિયા (B) **એક લાખ રૂપિયા**
(C) ત્રણ લાખ રૂપિયા (D) પાંચ લાખ રૂપિયા

835. ભારત સરકાર અધિનિયમ, 1935 અનુસાર થયેલી ચૂંટણીમાં 11માંથી કેટલા પ્રાંતમાં કોંગ્રેસ સિવાયના પક્ષોએ સરકાર બનાવી હતી?
(**AC Town Planner-125/2020-21**)
(A) 3 (B) 5
(C) 4 (D) **2**

836. નીચેનામાંના ક્યા સ્થળેથી ખેડેલા ખેતરનો પુરાવો મળેલ છે? (**AC Town Planner-125/2020-21**)
(A) **કાલીબંગન** (B) લોથલ
(C) ધોળાવીરા (D) હડપ્પા